દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 158 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ સુદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 July 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૫ જુલાઈ ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ટ્રમ્પનું ટૅરિફનું ભૂત ફરી ધૂણ્યું

## ભારત સહિત ૧૨ દેશને નવમી જુલાઈ સુધીની મહેતલ અન્યથા ટૅરિફનો ઊંચો દર ચૂકવવાની ચીમકી

વૉશિંગ્ટન: અમેરિકા સાથે ટૅરિફને મુદ્દે સમજૂતી-કરાર કરવા ભારત સહિતના ડઝન દેશ છેલ્લી ઘડીના પ્રયાસ કરી રહ્યા છે.

દરમિયાન, અમેરિકાના નાણાં પ્રધાન સ્કોટ બેસન્ટે દાવો કર્યો હતો કે અમે ભારત સાથે 'વેપાર-સોદો' કરવાની બહુ નજીક છીએ અને તેને થોડા દિવસમાં જ અંતિમ સ્વરૂપ આપી દેવાશે.

ટ્રમ્પે અગાઉ ભારતથી આયાત કરાતા માલસામાન પર ૨૬ ટકા ટૅરિફ વસૂલ કરવાની ચીમકી આપી હતી, પરંતુ ત્યાર બાદ દ્વિપક્ષી ચર્ચા શરૂ કરી હતી.

અમેરિકા સાથે ટૅરિફને મુદ્દે જો સમજૂતી ન થાય, તો ભારત ખાતેથી નિકાસ કરાતી દવા, કપડાં, વાહનોના ભાગ જેવા અંદાજે ૫૩ અબજ ડૉલરના માલસામાન પર વધારે ટૅરિફ લદાશે.

ભારત અને અમેરિકાની સંભવિત 'ટૅરિફ-સમજૂતી'માં કૃષિ અને ડેરીને લગતા ભારતીય બજારો અમેરિકાના માલ માટે ખુલ્લા મૂકવાનો મુદ્દો વિઘ્ન બનેલો છે.

અમેરિકા ઇચ્છે છે કે પોતાને ત્યાં તૈયાર કરાયેલી જીનેટિકલી મોડિફાઇડ (જીએમ) મકાઇ અને સોયાની ભારત આયાત કરે, જ્યારે નવી દિલ્હીએ વિદેશમાં જીનેટિકલી મોડિફાઇડ પાક માટે ભારતીય બજારો બંધ રાખ્યા છે.

અમેરિકા ભારતના ડેરી ઉદ્યોગમાં પણ મોટા પાયે પગપેસારો કરવા માગે છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે અમેરિકા ખાતેની આયાત - નિકાસ અંગે કરાર કરવા અનેક દેશને નવ જુલાઇ સુધીની મહેતલ આપી છે અને તે નહિ કરાય તો ટૅરિફનો ઊંચો દર ચૂકવવા તૈયાર રહેવાની ચીમકી આપી હતી. ટ્રમ્પ અત્યાર સુધીમાં યુકે અને વિયેતનામ સાથે ટૅરિફને મુદ્દે સમજૂતી સાધવામાં (જુઓ પાનું ૨) ▶▶


ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 89,280/-
PER 10 GRAMS OF 22KT
BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા
શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## રશિયાનો કીવ પર સૌથી મોટો હુમલો

કીવ (યુક્રેન): રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયું ત્યાર બાદ મોસ્કોએ યુક્રેનની રાજધાની કીવ પર અત્યાર સુધીનો સૌથી મોટો મિસાઇલ અને ડ્રોન હુમલો કર્યો હતો. તેને લીધે યુક્રેનમાં જાનમાલની મોટા પાયે હાનિ થઇ હતી.

રશિયાના આ હુમલામાં કીવની રહેઠાણ માટેની અનેક ઇમારત તૂટી ગઇ હતી. આમ છતાં, ચોક્કસ મરણાંક અને ઘાયલ લોકોની સંખ્યા શુક્રવારે મોડી રાત સુધી જાણવા નહોતી મળી. કીવમાં સાત કલાક (જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાતમાં ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય

### ભારેથી અતિભારે વરસાદની આગાહી વચ્ચે ૧૭૩ તાલુકામાં મેઘમહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં અષાઢ મહિનાની શરૂઆતથી જ ચોમાસાએ જમાવટ કરી હતી. રાજ્યમાં સવારે ૬ થી સાંજે ૬ કલાકમાં સુધીમાં ૧૭૩ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. સુરતના પલસાણામાં સૌથી વધુ ૩.૫ ઇંચ વરસાદ નોંધાયો હતો. લખતરમાં ૩.૪૩ ઇંચ, વાવમાં ૨.૯૯ ઇંચ, કલ્યાણપુરમાં ૨.૯૯ ઇંચ, ગઢડામાં ૨.૯૫ ઇંચ, વાપીમાં ૨.૮૩ ઇંચ, સાયલામાં ૨.૮ ઇંચ, વલસાડમાં ૨.૭૬ ઇંચ, થરાદમાં ૨.૭૨ ઇંચ, બરવાળામાં ૨.૫૬ ઇંચ વરસાદ ખાબક્યો હતો.

રાજ્યમાં એક તાલુકામાં ત્રણ ઇંચથી વધારે, ૧૩ (જુઓ પાનું ૨) ▶▶

## પુણેમાં અમિત શાહ સમક્ષ એકનાથ શિંદેનો 'જય ગુજરાત' નારો: નવા વિવાદને નિમંત્રણ

- શેર રજૂ કરીને તેમણે અમિત શાહની પ્રશંસા કરી
- પુણેમાં ગુજરાતી સમુદાય દ્વારા જયરાજ સ્પોર્ટ્સ ઍન્ડ કન્વેન્શન સેન્ટરના ઉદ્ઘાટન પ્રસંગે એકનાથ શિંદેએ જય મહારાષ્ટ્ર, જય ગુજરાતનો નારો આપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યમાં મરાઠી-હિન્દી ભાષાનો વિવાદ ભડક્યો છે, ત્યારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પુણેમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની સામે 'જય ગુજરાત'નો નારો લગાવ્યો હોવાથી નવો વિવાદ ભડકવાની શક્યતા છે. પુણેમાં ગુજરાતી સમુદાય દ્વારા સ્થાપિત જયરાજ સ્પોર્ટ્સ એન્ડ કન્વેન્શન સેન્ટરના ઉદ્ઘાટન પ્રસંગે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે (જુઓ પાનું ૨) ▶▶

### હું શું કામ બોલ્યો 'જય ગુજરાત'

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની હાજરીમાં જય ગુજરાતનો નારો લગાવવા બદલ વિપક્ષોની ટીકાનો ભોગ બની રહેલા મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ (જુઓ પાનું ૨) ▶▶


DAILY DEPARTURE
ચાલો શિખરજી
ઑક્ટો. થી પ્રસ્થાન, સ્વતંત્ર રસોડું, ધરમશાળા/ હોટલમાં આવાસ, બધાંજ ભોજન, લકઝરિયસ વાહન, રાજગીરી,વારાણસી, ભાગલપુર, લચ્છવાડ,પાવાપુરી, કુંડલપુર, ગુણિયાજી, વિ.
હિમાચલ કિન્નૌર સ્પીતી — અમૃતસર, ડેલહાઉઝી, ધરમશાળા, શિમલા, મનાલી, સાંગલા, ચિત્કુલ, કાઝા
કાશ્મીર — શ્રીનગર, ગુલમર્ગ, પહેલગામ, સોનમર્ગ
દુબઈ આબુધબી દિવસ-૭ — ૩ સ્ટાર હોટલ BUR દુબઈમાં, વિઝા, NEW Attraction સાથેનાં ભરપૂર સાઇટસીન, બધાંજ ભોજન, YAS ISLAND
HAZEL Treks N Tours
Khar (w). @hazeltreksntours Since:2003
PANKAJ CHHEDA
9869559938



RAAS
SAREES | BRIDAL & MUCH MORE
Annual Sale
OF THE YEAR
UPTO 40% OFF
S.V.ROAD,SANTACRUZ WEST
022 4748 3803 | 88799 63976



Santacruz (W) 90821 71429
Borivali (W) 87791 70578
Pune 83909 08643



Fitness Highway
DR. BHAVANA SHAH FITNESS CARE PVT. LTD.
90 DAYS
WEIGHT LOSS PROGRAM UP TO 12 KG*
with the help of
FAT FREEZE & ADVANCED TECHNOLOGY
Spot Reduction Targeted Fat Loss for
Tummy, Arms, Hips & Thighs!
Personalized Weight Loss Plans for Faster Results*
Overall Inch Loss, Toning & Firming*
Safe, Fast, and Effective Weight Loss Solutions!*
Visit Fitness Highway
For more details, please visit our website www.fitnesshighway.in
*Advertisement for preliminary purposes only. Pictures representative. Results vary from person to person.
*Medical advise recommend before use. Terms & Condition apply.

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પાકિસ્તાન યુએનએસસીનું પ્રમુખ અને કૉંગ્રેસ દ્વારા બુદ્ધિનું પ્રદર્શન

**કૉંગ્રેસનું** નેતૃત્વ દિશાહીન તો છે જ પણ સામાન્ય વિવેકબુદ્ધિ પણ ખોઈ બેઠું હોય એવું લાગે છે. દેશના મુખ્ય વિપક્ષ તરીકે હકારાત્મક ભૂમિકા ભજવવાના બદલે કૉંગ્રેસ નરેન્દ્ર મોદી સરકારની સતત ટીકા કર્યા કરવાને જ પોતાની ફરજ માને છે ને તેમાં બુદ્ધિનું પ્રદર્શન કરી નાખે છે. ૧ જુલાઈથી પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ એટલે કે યુનાઈટેડ નેશન્સ સીક્યુરિટી કાઉન્સિલ (યુએનએસસી)નું પ્રમુખ બન્યું એ મુદ્દે કૉંગ્રેસે કરેલી ટીકા તેનો તાજો પુરાવો છે.

પાકિસ્તાન યુએનએસસીનું પ્રમુખ બન્યું એ અંગે કૉંગ્રેસે નરેન્દ્ર મોદી સરકારની ઝાટકણી કાઢી છે. કૉંગ્રેસનું કહેવું છે કે, યુએનએસસીના પ્રમુખપદે પાકિસ્તાનનું બેસવું મોદી સરકારની વિદેશ નીતિની નિષ્ફળતા છે. કૉંગ્રેસના પ્રવક્તા રણદીપસિંહ સૂરજેવાલાના કહેવા પ્રમાણે, જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાના થોડાક દિવસો પછી જ. પાકિસ્તાન યુએનએસસીનું પ્રમુખ બન્યું તેનો અર્થ એ થાય કે, આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું કંઈ ઊપજતું નથી.

આ સમયગાળા દરમિયાન પાકિસ્તાન તાલિબાન મેનેજમેન્ટ કમિટીનું પ્રમુખપદ પણ સંભાળશે અને યુનાઈટેડ નેશન્સની આતંકવાદ વિરોધી સમિતિના ઉપપ્રમુખ તરીકે પણ કામ કરશે. કૉંગ્રેસનું કહેવું છે કે, આતંકવાદને પોષનારા પાકિસ્તાનને હવે વૈશ્વિક સુરક્ષાનો ઠેકેદાર બનાવી દેવાયો છે અને શેતાનને સત્તા સોંપી દેવાઈ છે. પાકિસ્તાનને આટલું મહત્ત્વ મળ્યું તેને રોકવામાં મોદી સરકાર નિષ્ફળ રહી છે.

કૉંગ્રેસની વાતો અત્યંત હાસ્યાસ્પદ છે ને આ વાતો સાંભળ્યા પછી કૉંગ્રેસના નેતાઓના જનરલ નોલેજ વિશે પણ શંકા થાય છે. યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ (યુએનએસસી)નું પ્રમુખ બન્યું એ સાચી વાત છે પણ આ પ્રમુખપદ મેળવવા માટે પાકિસ્તાને કોઈ મહેનત કરી હોય કે જબરદસ્ત લોબિઈંગ કર્યું હોય કે બહુ મહેનત કરી હોય એવું જરાય નથી. વાસ્તવમાં યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલનું પ્રમુખપદ રોટેશનલ છે અને યુએનએસસીના સભ્ય એવા દરેક દેશને વારાફરતી પ્રમુખપદ મળે છે.

પાકિસ્તાન અત્યારે યુએનએસસીમાં અસ્થાયી સભ્ય હોવાથી રોટેશન પ્રમાણે તેને પ્રમુખપદ મળ્યું છે. આ રોટેશન આલ્ફાબેટિકલ એટલે કે અંગ્રેજી મૂળાક્ષરો પ્રમાણે નક્કી થાય છે. પાકિસ્તાનની શરૂઆત 'પી'થી થાય છે તેથી હવે પછી 'આર'થી નામ શરૂ થતું હોય એવા દેશ એટલે કે રશિયાને યુએનએસસીનું પ્રમુખપદ મળશે.

યુએનએસસીમાં ૫ કાયમી સભ્યો અને ૧૦ અસ્થાયી સભ્યો મળીને કુલ ૧૫ સભ્યો છે. ચીન, ફ્રાન્સ, રશિયા, યુનાઇટેડ કિંગડમ અને યુનાઇટેડ સ્ટેટ્સ યુએનએસસીના કાયમી સભ્યો છે. આ પાંચ દેશો પાસે વીટો પાવર છે. વીટો પાવરનો ઉપ.ગ કરીને યુએનએસસીમાં આવતી કોઈપણ દરખાસ્તને આ પાંચ સભ્યો રોકી શકે છે.

યુએનએસસીમાં ૧૦ બિન-કાયમી સભ્યો હોય છે કે જેમની મુદત બે વર્ષની હોય છે. આ સભ્યો રીજિયન પ્રમાણે ચૂંટાય છે-આફ્રિકા અને એશિયામાંથી પાંચ, પૂર્વ યુરોપમાંથી એક, લેટિન અમેરિકા અને કેરેબિયન ટાપુમાંથી બે, પશ્ચિમ યુરોપ અને અન્ય પ્રદેશોમાંથી બે મળીને કુલ ૧૦ અસ્થાયી સભ્યો યુએનએસસીમાં ચૂંટાય છે.

ભારત પણ ઘણી વાર યુએનએસસીમાં અસ્થાયી સભ્ય તરીકે ચૂંટાયું છે. ભારત છેલ્લે ૨૦૨૧-૨૨ દરમિયાન યુએનએસસીમાં અસ્થાયી (બિન-કાયમી) સભ્ય હતું. જાન્યુઆરી ૨૦૨૩માં ભારતની મુદત પૂરી થઈ પછી ભારત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (યુએનએસસી) માં નથી પણ ભવિષ્યમાં ચૂંટાઈ શકે ને અસ્થાયી સભ્ય તરીકે ચૂંટાય તો રોટેશન પ્રમાણે એક વાર કે બે વાર પણ પ્રમુખ બની શકે.

પાકિસ્તાન જાન્યુઆરી ૨૦૨૫માં બે વર્ષના કાર્યકાળ માટે અસ્થાયી સભ્ય તરીકે ચૂંટાયું હતું. યુએનએસસીમાં ગુપ્ત મતદાન દ્વારા કામચલાઉ સભ્યોની પસંદગી કરવામાં આવે છે અને અસ્થાયી સભ્ય તરીકે ચૂંટાવા માટે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્લીમાં બે તૃતીયાંશ બહુમતી જોઈએ. પાકિસ્તાનને યુએનના ૧૯૩ સભ્ય દેશોમાંથી ૧૮૨ દેશોના મત મળ્યા હતા. પાકિસ્તાનને આટલું જબરદસ્ત સમર્થન મળ્યું તેમાં પણ કશું આશ્ચર્યજનક નથી. યુનાઈટેડ નેશન્સમાં મુસ્લિમ દેશો પાકિસ્તાનના પડખે રહે છે અને ચીનના પીઠ્ઠુ દેશો પણ પાકિસ્તાનને ટેકો આપે છે તેથી પાકિસ્તાન સરળતાથી ચૂંટાઈ ગયેલું. અમેરિકા અને તેના સાથી દેશો પણ પોતાનો સ્વાર્થ આવે ત્યારે ભારતને અછોવાનાં કરે છે પણ સામે પાકિસ્તાનને પણ પંપાળ્યા કરે છે તેથી તેમનો ટેકો પણ મળ્યો જ હશે. એ સિવાય આટલા બધા દેશોનો ટેકો પાકિસ્તાનને કઈ રીતે મળે ?

કૉંગ્રેસ પાકિસ્તાન યુએનએસસીનું પ્રમુખ બન્યું તેને મોદી સરકારની વિદેશ નીતિની વિફળતા ગણાવે છે એ પણ હાસ્યાસ્પદ છે. પાકિસ્તાન પહેલી વાર યુએનએસસીનું પ્રમુખ બન્યું નથી પણ આઠમી વાર બન્યું છે. પાકિસ્તાન અગાઉ ૧૯૫૨-૫૩, ૧૯૬૮-૬૯, ૧૯૭૬-૭૭, ૧૯૮૩-૮૪, ૧૯૯૩-૯૪, ૨૦૦૩-૦૪ અને ૨૦૧૨-૧૩ માં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું પ્રમુખ રહી ચૂક્યું છે. આ પૈકી ૨૦૦૩-૦૪ને બાદ કરતાં કેન્દ્રમાં કૉંગ્રેસની જ સરકારો હતી. કૉંગ્રેસ સરકારો એ વખતે કેમ પાકિસ્તાનને યુએનએસસીનું પ્રમુખ બનતાં નહોતી રોકી શકી? એ પણ કૉંગ્રેસ સરકારોની વિદેશ નીતિની નિષ્ફળતા કહેવાય કે નહીં ?

કૉંગ્રેસની વાતો એ રીતે પણ બકવાસ છે કે, યુએનએસસી પ્રમુખપદમાં કશું કમાવાનું નથી ને આ હોદ્દો શોભાના ગાંઠિયા જેવો છે. યુએનએસસીના તમામ ઔપચારિક અને અનૌપચારિક બેઠકોના અધ્યક્ષસ્થાને હોય છે અને બેઠકનો એજન્ડા તેમના નામે નક્કી થાય છે પણ વાસ્તવમાં નિર્ણયો તો બધા વીટો પાવર ધરાવતા પાંચ દેશો જ લે છે. આ પાંચ દેશોમાંથી જેનો પ્રમુખ હોય તેનો નક્કી કરેલો એજન્ડા ચાલતો હોય છે. પાકિસ્તાન ચીનના ખોળામાં બેઠેલું છે એટલે અત્યારે ચીનનો એજન્ડા ચાલશે. યુએનએસસીનાં નિવેદનો અને પ્રેસ સ્ટેટમેન્ટ્સ પર પાકિસ્તાનની સહી હશે એ જોઈને પાકિસ્તાને હરખાયા કરવાનું પણ એ સિવાય બીજું કશું તેણે કરવાનું નથી. ચીનના ચિઠ્ઠીના ચાકર બનીને વર્તવાનું છે ને તેનાં હિતોને સાચવવાનાં છે.

આ સંજોગોમાં પાકિસ્તાન યુએનએસસીનું પ્રમુખ બની જાય તેમાં ભારતને કંઈ નુકસાન નથી ને પાકિસ્તાન કોઈ લાટા લઈ જવાનું નથી. કૉંગ્રેસની નેતાગીરી એટલી ભોટ પણ નથી કે આ વાત તેને ના સમજાય છતાં આવા મુદ્દાને ચગાવીને હાસ્યાસ્પદ દેખાય છે. તેનું કારણ એ કે, કૉંગ્રેસની નેતાગીરી પાસે દિશા નથી. મોદી સરકારને ક્યા મુદ્દે ઘેરવી તેની સમજ નથી કેમ કે કૉંગ્રેસની નેતાગીરી મીડિયા અને સોશિયલ મીડિયાજીવી થઈ ગઈ છે. એર કન્ડિશન્ડ ઓફિસોમાં બેસીને મીડિયા કે સોશિયલ મીડિયામાં આવતા સમાચારોને આધારે જ રીએક્શન આપીને કૉંગ્રેસની નેતાગીરી વિપક્ષ તરીકેની ભૂમિકા ભજવ્યાનો સંતોષ માને છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ પ્રારંભ,
શનિવાર, તા. ૫-૭-૨૦૨૫, મન્વાદિ

- ભારતીય દ્નિાંક ૧૪, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ સુદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ સુદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૦મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર સ્વાતિ રાત્રે ક. ૧૯-૫૦ સુધી, પછી વિશાખા
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૧, સ્ટા.ટા., સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૦૮-૨૭, રાત્રે ક. ૧૯-૧૬
- ઓટઃ બપોરે ક. ૦૨-૫૫, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૧૭ (તા. ૬)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,
'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ શુક્લ - દસમી. મન્વાદિ, પુર્નયાત્રા. સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રા, વાહન ઉંદર ત્યાર પછી સૂર્ય પુનર્વસુમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯ૹ૪૯. વાહન અશ્વ (સંયોગિયું છે.)

- શુભાશુભ દ્નિશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાયુદેવતાનું પૂજન, શનિ-રાહુ દેવતાનું પૂજન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, શનિદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા સુંદરકાંડ વાંચન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, લગ્ન નિમિત્તે નવા વસ્ત્ર, આભૂષણ, રત્નધારણ, બી વાવવું, ઉપવાટિકા બનાવવી, પશુ લેવડદેવડ.
- આચમનઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ સ્વતંત્ર મગજવાળા, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ ગૃહસ્થ જીવન અનુકૂળ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ. ચંદ્ર પૃથ્વીથી અત્યંત દૂર જાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

### લશ્કરના નાયબ વડાનો આક્ષેપઃ

# 'ભારત-પાક વચ્ચેના યુદ્ધનો ચીને પ્રયોગશાળાની જેમ દુરુપયોગ કર્યો હતો'

નવી દિલ્હીઃ આર્મી સ્ટાફના નાયબ વડા લેફ્ટેનન્ટ જનરલ રાહુલ આર. સિંહે શુક્રવારે આક્ષેપ કર્યો હતો કે ભારત અને પાકિસ્તાન વચ્ચે મેમાં થયેલા ચાર દિવસના યુદ્ધમાં ચીને પોતાના મિત્ર-દેશ પાકિસ્તાનને દરેક પ્રકારની સહાય કરી હતી. ચીને પોતાનાં વિવિધ શસ્ત્રો અને તેની સિસ્ટમ્સને ચકાસવા માટે ભારત - પાકિસ્તાન વચ્ચેના યુદ્ધનો એક 'પ્રયોગશાળા'ની જેમ દુરુપયોગ કર્યો હતો.

તેમણે ફેડરેશન ઑફ ઇન્ડિયન ચેમ્બર્સ ઑફ કોમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રી (ફિક્કી)ના કાર્યક્રમને સંબોધતા જણાવ્યું હતું કે ચીને આ યુદ્ધમાં ભારતને નુકસાન કરવા બનતા દરેક પ્રયાસ કર્યા હતા.

લશ્કરના નાયબ વડાએ એવો આક્ષેપ પણ કર્યો હતો કે ભારતે આ યુદ્ધમાં ત્રણ દુશ્મન દેશ - પાકિસ્તાન, ચીન અને તુર્કીનો સામનો કર્યો હતો. તુર્કી ઇસ્લામાબાદને લશ્કરી હાર્ડવેર પૂરું પાડતું હતું. આર્મી સ્ટાફના નાયબ વડાએ જણાવ્યું હતું કે બીજિંગે આ યુદ્ધમાં ઇસ્લામાબાદને કરેલી સહાયથી અમને આશ્ચર્ય નથી થયું. પાકિસ્તાનનાં સશસ્ત્ર દળોમાંનું ૮૧ ટકા લશ્કરી હાર્ડવેર ચીનનું જ છે. તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાન ભારત સામે સીધું યુદ્ધ લડતું હતું, જ્યારે ચીન અપ્રત્યક્ષ રીતે ઇસ્લામાબાદને બનતી દરેક પ્રકારની સહાય કરતું હતું. તુર્કી પણ પાકિસ્તાનને ઘણી મદદ કરતું હતું.

લેફ્ટેનન્ટ જનરલ રાહુલ આર. સિંહે જણાવ્યું હતું કે દુશ્મનોનો સામનો કરવા દેશની નેતાગીરી મક્કમ હતી અને ભેગી કરાયેલી વિપુલ માહિતીને આધારે પાકિસ્તાન તેમ જ પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં ચોક્કસ લક્ષ્ય પર હુમલો કરાયો હતો.

ભારતે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ત્રાસવાદીઓ દ્વારા પર્યટકો અને અન્ય નિર્દોષ લોકોની કરાયેલી હત્યાના વિરોધમાં પાકિસ્તાનની સામે સાત મેએ ઑપરેશન સિંદૂર હાથ ધર્યું હતું. (એજન્સી)

# નવા ભારત માટે આકાશ મર્યાદા નથીઃ નરેન્દ્ર મોદી

પૉર્ટ ઑફ સ્પેનઃ ભારત જલદી જ વિશ્વનું ત્રીજા ક્રમાંકનું સૌથી મોટું અર્થતંત્ર બની જશે એમ જણાવતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રિનિદાદ ઍન્ડ ટૉબેગોમાં કહ્યું હતું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ), સેમિકન્ડક્ટર અને ક્વાન્ટમ કમ્પ્યુટિંગનું મિશન ભારતના વિકાસનું નવું એન્જિન બની રહ્યું છે.

અહીંના ભારતીય સમુદાયને સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે આજે ભારત તકની ભૂમિ છે અને તેના વિકાસ તેમ જ પ્રગતિના ફળ સમાજના સૌથી જરૂરિયાતમંદ વર્ગના લોકોને પણ મળી રહ્યા છે.

નવા ભારત માટે આકાશ મર્યાદા નથી, એમ તેમણે કહ્યું હતું.

પાંચ રાષ્ટ્રની મુલાકાતના બીજા તબક્કામાં મોદી શુક્રવારે ત્રિનિદાદ ઍન્ડ ટૉબેગો પહોંચ્યા હતા. વર્ષ ૧૯૯૯ બાદ આ દેશની મુલાકાત લેનારાં મોદી ભારતના પ્રથમ વડા પ્રધાન છે.

આ કાર્યક્રમમાં ૪,૦૦૦ કરતાં પણ વધુ લોકોએ હાજરી આપી હતી, જેમાં ત્રિનિદાદ ઍન્ડ ટૉબેગોના વડાં પ્રધાન કમલા પ્રસાદ બિસેસ્સર, તેમનાં પ્રધાનમંડળના સભ્યો તેમ જ અન્ય મહાનુભાવોનો સમાવેશ થતો હતો.

ત્રિનિદાદ ઍન્ડ ટૉબેગોમાં વસતા ભારતીય સમુદાયની પ્રશંસા કરતાં મોદીએ કહ્યું હતું કે આ લોકો પોતાની જન્મભૂમિ છોડીને અહીં આવ્યા છે, તેમનો આત્મા નહીં.

આ લોકો માત્ર સ્થળાંતરીઓ નથી, પરંતુ પ્રાચિન સભ્યતાના સંદેશવાહક છે. તેમના યોગદાનથી ત્રિનિદાદ ઍન્ડ ટૉબેગોને સાંસ્કૃતિક, આર્થિક અને આધ્યાત્મિક લાભ થયો છે, એમ મોદીએ કહ્યું હતું.

હું રામમંદિરની પ્રતિકૃતિ અને અયોધ્યાસ્થિત સરયૂ નદીનું પવિત્ર પાણી અહીં લઈને આવ્યો છું એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે તમે જાણતા જ હશો કે આ વર્ષના આરંભમાં વિશ્વના સૌથી મોટો આધ્યાત્મિક મેળો 'મહાકુંભ' યોજવામાં આવ્યો હતો. મહાકુંભમાંથી આ પાણી અહીં લાવવાનું સૌભાગ્ય મને મળ્યું છે અને તેનો હું ગર્વ અનુભવું છું, એમ તેમણે કહ્યું હતું.

સરયૂ નદીનું આ પવિત્ર પાણી અહીંનાં ગંગા ધારામાં વહેતું કરવાની હું ત્રિનિદાદ ઍન્ડ ટૉબેગોના વડા પ્રધાન કમલાજીને વિનંતી કરું છું.

ગરીબોનું સશક્તીકરણ કરીને ગરીબી દૂર કરી શકાય એમ હોવાનું ભારતે દર્શાવી દીધું છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે કરોડો ભારતવાસીઓમાં પહેલીવાર એ વિશ્વાસ જાગ્યો છે કે દેશને ગરીબીમુક્ત કરી શકાય છે.

ભારતનો વિકાસ દેશના કુશળ અને ઉત્સાહી યુવાનોને આભારી હોવાનું જણાવતાં મોદીએ કહ્યું હતું કે ભારત વિશ્વનું ત્રીજા ક્રમાંકનું સૌથી મોટું સ્ટાર્ટઅપ હબ છે અને ૧૨૦ જેટલા સ્ટાર્ટઅપને યુનિકોર્નનો દરજ્જો મળેલો છે.

મોદીએ એમ કહીને યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ)ની પ્રશંસા કરી હતી કે યુપીઆઈએ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમમાં ક્રાન્તિ લાવી દીધી છે.

વિશ્વના રિયલ ટાઈમ ડિજિટલ ટ્રાન્ઝેક્શનના પચાસ ટકા કરતાં પણ વધુ ટ્રાન્ઝેક્શન ભારતમાં થાય છે એમ જણાવી મોદીએ યુપીઆઈ પેમેન્ટ સિસ્ટમ અપનાવવા બદલ ત્રિનિદાદ ઍન્ડ ડૉબેગોનો આભાર માન્યો હતો.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સંરક્ષણ અને ઉત્પાદન ક્ષેત્ર ભારતના ઝડપી વિકાસ પર પણ મોદીએ પ્રકાશ પાડ્યો હતો. (એજન્સી)

# નરેન્દ્ર મોદીનું ત્રિનિદાદ-ટૉબેગોના સર્વોચ્ચ સિવિલિયન એવૉર્ડથી સન્માન

પૉર્ટ ઑફ સ્પેનઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને શુક્રવારે રિપબ્લિક ઑફ ત્રિનિદાદ-ટૉબેગોના સર્વોચ્ચ સિવિલિયન એવૉર્ડથી નવાજવામાં આવ્યા હતા. પાંચ રાષ્ટ્રની મુલાકાતના બીજા તબક્કામાં કૅરેબિયન ટાપુની બે દિવસની મુલાકાતે ગયેલા મોદીને વૈશ્વિક નેતૃત્વ પૂરું પાડવા બદલ તેમ જ ભારતીય સમુદાય સાથેના ઘેરા સંબંધ અને કોવિડ-૧૯ મહામારી દરમિયાન અપનાવેલા માનવીય વલણ બદલ આ એવૉર્ડથી સન્માનવામાં આવ્યા હતા.

૧૪૦ કરોડ ભારતીયો વતી આ એવૉર્ડ સ્વીકારતા હું ગર્વની લાગણી અનુભવી રહ્યો છું, એમ મોદીએ કહ્યું હતું. (એજન્સી)

# ઈતિહાસ રચાયો! સબ લેફ્ટનન્ટ આસ્થા પુનિયા બન્યાં નૌસેનાનાં પ્રથમ મહિલા ફાઈટર પાઈલટ

ભારતીય નૌસેનામાં પહેલી વખત કોઈ મહિલાને ફાઈટર પાઇલટનો દરજ્જો આપવામાં આવ્યો છે. સબ લેફ્ટનન્ટ આસ્થા પુનિયાને નૌસેનાનાં ફાઈટર પાઇલટ પદે નિમવામાં આવ્યા છે અને આવું કરનાર તે પહેલી ભારતીય મહિલા છે. ઈન્ડિયન નેવીના ટોહી વિમાન અને હેલિકૉપ્ટર સ્ટ્રીમમાં વીમેન પાઇલટ પહેલાંથી પણ આસ્થા ફાઈટર પ્લેન ઉડાવશે. નૌસેના દેશની સુરક્ષામાં અહમ ભૂમિકા નિભાવે છે અને હવે આસ્થાની ભૂમિકા આમાં વધુ મહત્ત્વની બની જશે. નૌસેનાએ આને લઈને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને માહિતી આપી છે.

ઈન્ડિયન નેવીએ એક્સ પર એક પોસ્ટ શેર કરી છે. જેમાં આસ્થા પુનિયાના ફોટોનો સમાવેશ પણ થાય છે. નેવીએ પોતાની પોસ્ટમાં લખ્યું છે કે નેવલ એવિએશનમાં એક નવો અધ્યાય ઉમેરાયો છે. ભારતીય નૌસેનાએ ત્રીજી જુલાઈ, ૨૦૨૫ના ઈન્ડિયન નેવલ એર સ્ટેશનમાં દ્વિતીય બેઝિક હોક કન્વર્ઝન કોર્સના સમાપન સાથે જ એક હિસ્ટોરિકલ માઈલસ્ટોન ઉમેરાયું છે. લેફ્ટનન્ટ અતુલ કુમાર ઢુલ અને એસએલટી આસ્થા પુનિયાને રેર એડમિરલ જનરલ બેવલી, એસીએનએસ (વાયુ)એ વિંગ્સ ઓફ ગોલ્ડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

નૌસેનાએ પોતાની પોસ્ટમાં જણાવ્યું હતું કે આસ્થા પુનિયા નેવલ એવિએશનની ફાઈટર સ્ટ્રીમમાં સામેલ થનારી પહેલી મહિલા પાઇલટ બની ગઈ છે.

આસ્થાને કયુ ફાઈટર એરક્રાફ્ટ આપવામાં આવશે, એ અંગે હજી સુધી કોઈ માહિતી આપવામાં આવી નથી. ભારતીય નૌસેના પાસે કેટલાક ખાસ એરક્રાફ્ટ છે, જે આઈએનએસ વિક્રમાદિત્ય અને આઈએનએસ વિક્રાંત પરથી ટેક ઓફ કરી શકે છે. નૌસેનાના મિગ-૨૯ ફાઈટર એરક્રાફ્ટ છે. આ ખાસ રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે. એની કોમ્બેટ રેન્જ ૭૨૨ કિલોમીટરની છે, જ્યારે સામાન્ય રેન્જ ૨૩૪૬ કિલોમીટરની છે. આ ૪૫૦ કિલોગ્રામના ચાર બોમ્બ, મિસાઈલ અને અન્ય હથિયારનું વહન કરવામાં સક્ષમ છે.

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રમ્પનું ટૅરિફનું

સફળ રહ્યા છે. અમેરિકાએ આયાત-નિકાસને મુદ્દે ચીન સામેની શરત થોડી હળવી કરી છે, પરંતુ હજી તેઓ વચ્ચે કેટલાક મુદ્દે વાટાઘાટ ચાલુ છે. અમેરિકા સાથે જે દેશ આયાત - નિકાસ અંગે ટૅરિફને લગતો કરાર નહિ કરે, તેના પર ૧૦ ટકાથી લઇને ૭૦ ટકા સુધીના દરે ટૅરિફ લાગશે. અગાઉ, ટ્રમ્પે અનેક દેશ ખાતેથી આયાત કરાતા માલસામાન પરની ટૅરિફ વધારવાની બીજી એપ્રિલે ચીમકી આપી હતી, પરંતુ બાદમાં નવા ટૅરિફનો અમલ ૯૦ દિવસ મુલતવી રાખવાનો નિર્ણય લીધો હતો. (એજન્સી)

### ગુજરાતમાં ત્રણ

તાલુકામાં બે ઇંચથી વધારે, ૨૯ તાલુકામાં એક ઇંચથી વધારે અને ૧૩૦ તાલુકામાં એક ઇંચથી વધારે મેઘમહેર થઈ હતી.

રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો કુલ ૩૮.૮૪ ટકા વરસાદ વરસી ચુક્યો છે. કચ્છમાં ૩૭.૬૪ ટકા, ઉત્તર ગુજરાતમાં ૩૩.૫૭ ટકા, પૂર્વ મધ્યમાં ૩૮.૮૭ ટકા, સૌરાષ્ટ્રમાં ૩૯.૭૫ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૪૦.૯૩ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. રાજ્યમાં વરસાદને લઈ અત્યાર સુધીમાં કુલ ૩૭૦૩ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે, જ્યારે ૬૭૬ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, રાજ્યમાં એક સાથે ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. સાયક્લોનિક સર્ક્યુલેશન, મોન્સૂન ટ્રફ સક્રિય થયું છે, લો પ્રેશર સિસ્ટમ સક્રિય રહેતા સુરત, કચ્છ, દ્વારકા, નવસારી, વલસાડ, ડાંગ,પોરબંદર, બનાસકાંઠા, સાબરકાંઠામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. ઉપરાંત માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હતી.

### રશિયાનો કીવ પર

ચાલેલા આ હુમલાને લીધે શહેરમાં સાયરન સતત વાગ્યા કરતી હતી અને લોકો સલામત સ્થળે જવા માટે આમતેમ દોડ્યા કરતા હતા.

યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે રશિયાના આ હુમલાને લીધે અમારી આખી રાતની ઊંઘ હરામ થઇ ગઇ હતી. મોસ્કો આ યુદ્ધનો અંત ઇચ્છતું નહિ હોવાનું લાગે છે.

રશિયાએ શરૂઆતમાં કીવમાં આઠ સ્થળે નવ મિસાઇલ અને ૬૩ ડ્રોનની મદદથી હુમલો કર્યો હતો. રાજધાની કીવ ઉપરાંત દનિપ્રોપેત્રોવસ્ક, સુમી, ખારકિવ, ચર્નિહિવ ખાતે પણ ભારે નુકસાન થયું છે.

કીવના દસ જિલ્લામાં પાંચ સ્થળે તો મોટા પાયે વિનાશ વેરાયો હતો. સોલોમીઆન્સ્કી જિલ્લામાં રહેઠાણ માટેની પાંચ માળની ઇમારતનો ઘણોખરો ભાગ તૂટી ગયો હતો અને સાત માળની એક બિલ્ડિંગની છત પર આગ લાગી હતી. એક વખાર અને વાહનોના બે ગેરેજ તૂટી ગયા હતા.

સવિઆતોશિન્સ્કી જિલ્લામાં રહેઠાણ માટેની ૧૪ માળની ઇમારત પરના હુમલાને કારણે તેમાં આગ લાગી હતી અને તે બિલ્ડિંગની આસપાસ ઊભાં રખાયેલાં વાહનો અને અન્ય જગ્યાએ પણ ફેલાઇ હતી.

શેવચેન્કીવસ્કી જિલ્લામાં આઠ માળની ઇમારતને હુમલાથી નુકસાન થયું હતું. દર્નિત્સ્કી અને હોલોસિવસ્કી જિલ્લામાં અનેક ઠેકાણે વેરાયેલો કાટમાળ નજરે પડતો હતો. કીવમાં રેલવેને પણ ડ્રોન હુમલાથી ભારે નુકસાન થયું હતું. કીવમાં અનેક લોકો હાલમાં સલામત સ્થળે આશ્રય લઇ રહ્યા છે અને અનેક લોકો બેઘર થઇ ગયા છે. રશિયાએ અઠવાડિયા પહેલાં જ યુક્રેનના અનેક શહેર પર મોટો હુમલો કર્યો હતો અને હવે રાજધાની કીવને નિશાન બનાવી છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ વચ્ચે ફોન પર વાત થઇ તે દિવસે જ મોસ્કોએ મોટો હુમલો કર્યો હતો. (એજન્સી)

### પુણેમાં અમિત શાહ

એક જ મંચ પર ભેગા થયા હતા. આ સમયે એકનાથ શિંદેએ તેમના ભાષણના અંતે 'જય મહારાષ્ટ્ર, જય ગુજરાત'ના નારા લગાવ્યા હતા.

એકનાથ શિંદેએ ફરી એકવાર ૨૦૨૨માં સત્તા પરિવર્તનની યાદ અપાવી હતી અને કહ્યું હતું કે, અમિત શાહની રણનીતિ અને નેતૃત્ત્વે અશક્યને શક્ય કરી દેખાડ્યું છે. અમિત શાહ પડકારોને તકમાં ફેરવે છે. મેં વ્યક્તિગત રીતે તેમની કાર્યક્ષમતાનો અનુભવ કર્યો છે. તે સમયે (૨૦૨૨), રાજ્યમાં સામાન્ય માણસની સરકાર લાવવી જરૂરી હતી. વડા પ્રધાન મોદી મને માર્ગદર્શન આપી રહ્યા હતા, પરંતુ અમિત શાહ પર્વતની જેમ મારી પાછળ મજબૂતીથી ઊભા રહ્યા હતા. સરકાર બદલવી એ સરળ કાર્ય નહોતું, પરંતુ જ્યારે દેશ અને રાજ્યના વિકાસની વાત આવે છે ત્યારે આવાં પગલાં લેવાં પડે છે. આ માટે હું અમિત શાહનો ખૂબ આભારી છું. તેમના કારણે જ આપણી ડબલ-એન્જિન સરકાર મજબૂત રીતે ચાલી રહી છે, એમ એકનાથ શિંદેએ આ પ્રસંગે કહ્યું હતું.

#### અમિત શાહ મહારાષ્ટ્રના જમાઈ છે

અમિત શાહ ગુજરાતી હોવા છતાં, તેઓ મહારાષ્ટ્રના જમાઈ છે. તેઓ ગૃહ પ્રધાન હોવા છતાં, તેમના પરિવારમાં હોમ મિનિસ્ટર કોલ્હાપુરના છે. તેથી તેમના ઘરમાં ગુજરાતી અને મરાઠી બંને ભાષાઓ આનંદથી બોલાય છે. મહારાષ્ટ્ર અને ગુજરાતે હંમેશા વિકાસ, ઉદ્યોગ અને સંસ્કૃતિના ક્ષેત્રોમાં દેશને દિશા બતાવી છે, એમ એકનાથ શિંદેએ કહ્યું હતું.

આ પ્રસંગે એકનાથ શિંદેએ અમિત શાહની પ્રશંસા કરવા માટે એક કવિતા વાંચી. તે આ રીતે છે...

આપ કે બુલંદ ઈરાદોં સે તો ચટ્ટાનેં ભી ડગમગાતી હૈ,
દુશ્મન ક્યા ચીજ હૈ, તુફાન ભી અપના રૂખ બદલ લેતા હૈ
આપકે આને સે યહાં કી હવા કા નૂર બદલ જાતા હૈ
આપકે નામ સે હર શખ્સ અદબ સે ઝુક જાતા હૈ

(અનુવાદઃ તમારા મજબૂત ઇરાદાઓથી ખડકો પણ ધ્રૂજે છે, દુશ્મન શું છે, તોફાન પણ પોતાનો માર્ગ બદલી નાખે છે, તમારા આવવાથી અહીંની હવાનો પ્રકાર બદલાઈ જાય છે, તમારા નામના ઉલ્લેખ થતાં દરેક વ્યક્તિ આદરથી નમી જાય છે)

આ કવિતા રજૂ કર્યા પછી, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ 'જય મહારાષ્ટ્ર, જય ગુજરાત' ના નારા સાથે પોતાનું ભાષણ પૂરું કર્યું હતું.

### એકનાથ શિંદેનો ખુલાસો

સમગ્ર પ્રકરણે ખુલાસો કરતાં કહ્યું હતું કે પુણેમાં જે કાર્યક્રમ હતો તેમાં મોટી સંખ્યામાં ગુજરાતીઓ હાજર હતા, જેઓ પેઢીઓથી મહારાષ્ટ્રમાં વસેલા છે. તેમણે પુણેના વિકાસમાં ઘણું યોગદાન આપ્યું છે આથી તેમને સન્માન આપવા માટે હું જય ગુજરાત બોલ્યો હતો, પરંતુ તે પહેલાં હું જય હિંદ અને જય મહારાષ્ટ્ર બોલ્યો હતો.

તેમણે કહ્યું હતું કે જયરાજ સ્પોર્ટસ એન્ડ કન્વેન્શન સેન્ટરના ઉદ્ઘાટનમાં મોટી સંખ્યામાં ગુજરાતી સમાજ હાજર હતો, જેઓ કેટલીક પેઢીઓથી મહારાષ્ટ્રમાં જ રહે છે. અહીં રહેનારા ગુજરાતી સમાજે પેઢીઓથી મહારાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપ્યું છે. તેમણે ઊભા કરેલા પ્રોજેક્ટનો રાજ્યની સામાન્ય જનતાને ફાયદો થવાનો છે. મરાઠી અમારો શ્વાસ છે. હિન્દુત્વ અમારો આત્મા છે. અમારી ટીકા કરનારાઓએ પહેલાં અરીસો જોવાની આવશ્યકતા છે. 'જિન કે ઘર શીશે કે હોતે હૈ, વો દુસરોં કે ઘરોં પર પથ્થર ફેંકા નહીં કરતે' (જેમના ઘર કાચના બનેલા હોય તેમણે બીજાના ઘરો પર પથ્થરો ફેંકવા જોઈએ નહીં)

તેમણે ઉદ્ધવ ઠાકરેનો એક વીડિયો દેખાડ્યો હતો જેમાં ઉદ્ધવ ઠાકરે જય હિંદ, જય મહારાષ્ટ્ર અને જય ગુજરાત બોલી રહ્યા છે. તેમણે ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી પહેલાંનો આદિત્ય ઠાકરેનું પ્રચાર બેનર દેખાડ્યું હતું, જેના પર કેમ છો વરલી (ગુજરાતીમાં) લખેલું હતું. આ દેખાડીને તેમણે સવાલ કર્યો હતો કે આ શું છે?

# ફડણવીસના ચૂંટણી વિજયને પડકારતી અરજી કોર્ટે ફગાવી

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટની નાગપુર ખંડપીઠે નાગપુર દક્ષિણ પશ્ચિમ બેઠક પરથી ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના વિજયને પડકારતી અરજી ફગાવી દેતા સીએમને રાહત મળી છે.

ન્યાયમૂર્તિ પ્રવિણ પાટિલની ખંડપીઠે કોંગ્રેસના પ્રફુલ્લા વિનોદ રાવ ગુડાધે દ્વારા ફડણવીસની વિધાનસભાના ચૂંટણી વિજય સામે આ વર્ષની શરૂઆતમાં પ્રક્રિયામાં ખામીઓ અને ભ્રષ્ટ વ્યવહારનો દાવો કરતી કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. ૨૦૨૪ની મહારાષ્ટ્ર ચૂંટણીમાં પ્રફુલ્લા વિનોદ રાવ ગુડાધે નાગપુર દક્ષિણ-પશ્ચિમ મતવિસ્તારમાં ફડણવીસ સામે ૩૯,૭૧૦ મતથી હારી ગયા હતા.

ગુડાધેએ અરજીમાં હાઈકોર્ટને ચૂંટણી પરિણામને રદબાતલ જાહેર કરવાની માગ કરી હતી અને કહ્યું હતું કે અનેક ફરજિયાત જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું નથી. હાઈ કોર્ટના આદેશ સામે ગુડાધે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરવાની તૈયારીમાં છે. (પીટીઆઈ)■

# કર્ણાક બ્રિજને લાગ્યું ‘નામકરણ’નું ગ્રહણ?

## નામની બબાલમાં ઉદ્ઘાટનમાં વિલંબ થઇ રહ્યો હોવાના આક્ષેપ

મુંબઈઃ મસ્જિદ બંદર રેલવે સ્ટેશનથી થોડા અંતરે આવેલો તથા પી. ડી'મેલો રોડને જોડનારો કર્ણાક બ્રિજનું કામ પૂર્ણ થઇ ગયું છે અને રેલવે દ્વારા નૉ-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) પણ આપવામાં આવ્યું છે, પરંતુ તેના ઉદ્ઘાટનની રાહ જોવાઇ રહી છે. બ્રિટિશ ગવર્નરના નામ પરથી આ બ્રિજનું નામ રાખવામાં આવ્યું હતું હવે તેનું નામ બદલવાનો રાજ્ય સરકારનો વિચાર છે.

કર્ણાક બ્રિજને કોનું નામ આપવાનું એ બાબતનો નિર્ણય ન લેવાયો હોવાને કારણે તેનું ઉદ્ઘાટન રખડ્યું હોવાનું કહેવાઇ રહ્યું છે. આ પુલ બંધ હોવાને કારણે વાહનચાલકોને ઘણું ફરીને જવું પડે છે.

વિક્રોલી બ્રિજ અને કર્ણાક બ્રિજ ચોમાસા પહેલા શરૂ કરવાનો ઉદેશ્ય મુંબઈ પાલિકાનો હતો, પરંતુ વિક્રોલી બ્રિજ શરૂ કરાયો પણ કર્ણાક બ્રિજને નહીં. જુલાઇ મહિનો લાગી ગયો છતાં તેના ઉદ્ઘાટનના ઠેકાણા નથી. વિક્રોલી બ્રિજ તો કોઇ પણ પ્રકારના ઔપચારિક ઉદ્ઘાટન સિવાય શરૂ કરી દેવાયો હતો. નાગરિકોને ત્રાસ ન થાય તે માટે ૧૪મી જૂને તેને ખુલ્લો મૂકાયો હતો. મુખ્ય પ્રધાન ફડણવીસે પોતે આ અંગેનો આદેશ આપ્યો હતો. તેમ છતાં કર્ણાક બ્રિજ શરૂ કરવામાં આનાકાની થઇ રહી છે. નામ બદલવા અંગે કંઇક રંધાઇ રહ્યું છે. સાંજના સમયે મોહમ્મદ અલી રોડથી ઇસ્ટર્ન ફ્રીવે સુધી પહોંચવા ૪૫ મિનિટ લાગે છે. કર્ણાક બ્રિજ ખુલ્લો મૂકાયો ન હોવાને કારણે બિનજરૂરી રીતે ફરીને જવું પડે છે અને તેમાં ઘણા સમય વેડફાઇ રહ્યો હોવાની નાગરિકો ફરિયાદ કરી રહ્યા છે. ■

# ગોરેગામમાં ૨૦ માળની બિલ્ડિંગના ફ્લેટમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોરેગામ (પૂર્વ)માં આવેલી ૨૦ માળની બહુમાળી ઈમારતમાં શુક્રવારે આગ લાગી હતી. આગમાં સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું. લગભગ અડધો કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ગોરેગામમાં અરુણકુમાર વૈદ્ય માર્ગ પર રાહેજા રેસિડન્સી ફ્લેટ નંબર ૨૦૦૫માં બપોરના લગભગ એક વાગ્યાની આસપાસ આગ ફાટી નીકળી હતી. ફાયરબ્રિગેડે ઘટના સ્થળે પહોંચીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી અને ફ્લેટમાં ફસાયેલી વ્યક્તિને સુરક્ષિત રીતે બહાર કાઢી હતી. લગભગ અડધો કલાકની જહેમત બાદ ૧.૩૨ વાગ્યાની આસપાસ આગ બુઝાવી દેવામાં સફળતા મળી હતી. આગમાં ફ્લેટમાં રહેલા ઈલેક્ટ્રિક વાયરિંગ ઈન્સ્ટોલેશન, એસી યુનિટ, ફર્નિચર, કપડાં સહિત ઘરનો અન્ય સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતુ. ■

☎ APPOINTMENTS ☎

Require
CASHIER
Prarthana Samaj & Dadar showroom
Age below 40 years, hard working, Computer knowledge, sincere candidates must have 5 year's experience, preferably from near by location.
Interested candidates may walk-in on every Monday & Tuesday, between 11am - 2pm at Prarthana Samaj showroom.
BABUBHAI JAGJIVANDAS
PRARTHANA SAMAJ Tel: 23883057 ● DADAR TT Tel: 98193 66608

# જળાશયોમાં ૫૦ ટકાથી વધુ પાણીઃ ગયા વર્ષે આ તારીખે માંડ ૮.૫૯ ટકા હતું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ છેલ્લા અનેક વર્ષોથી ચોમાસાના વિલંબને કારણે જળાશયોમાં પાણીની સપાટીમાં થતા ઘટાડાને કારણે મુંબઈગરા પાણીકાપનો સામનો કરતા આવ્યા છે. જોકે આ વર્ષે મુંબઈને રાહત મળી છે. જળાશયોના કેચમેન્ટ એરિયામાં સતત પડી રહેલા વરસાદને કારણે મુંબઈને પાણી પૂરું પાડનારા સાતેય જળાશયોમાં ૫૦ ટકાથી વધુ પાણી જમા થઈ ગયું છે. ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં માંડ ૮.૫૯ ટકા પાણી હતું.

આ વર્ષે ચોમાસાનું મે મહિનામાં જ આગમન થઈ ગયું હતું પણ જળાશયોના કેચમેન્ટ એરિયામાં નજીવા વરસાદને કારણે ૧૬ જૂનના રોજ સાતેય જળાશયોમાં પાણીનો જથ્થો ઘટીને ૮.૬૪ ટકા પર આવી ગયો હતો અને આ પાણીનો સંગ્રહ માત્ર એક મહિનો ચાલો એટલો જ બાકી રહ્યો હતો. તેથી રાજ્ય સરકાર દ્વારા અપર વૈતરણામાંથી ફાળવવામાં આવેલા રિઝર્વ વોટર સ્ટોકનો ઉપયોગ કરવાનું પાલિકાએ ચાલુ કરી દીધું હતું. જોકે આ દરમ્યાન જ થાણે જિલ્લા અને નાશિક જિલ્લામાં આવેલા જળાશયોના કેચમેન્ટ એરિયામાં વરસાદની જોરદાર એન્ટ્રી થઈ હતી અને રિઝર્વ સ્ટોક વાપરવાનું શરૂ કરવાના ચાર દિવસની અંદર જ જળાશયોમાં પાણીની સપાટીમાં મોટો વધારો થવાને કારણે પાલિકાએ રિઝર્વ સ્ટોક વાપરવાનું બંધ કરી દીધું હતું. છેલ્લા ત્રણ અઠવાડિયામાં સાતેય જળાશયોમાં પાણીનો જથ્થો ૮.૬૪ ટકાથી વધીને ૫૦ ટકાથી વધુ થઈ ગયો છે.

ગયા વર્ષે આ સમયે સાતેય જળાશયોમાં માત્ર ૧,૨૪,૩૪૩ મિલ્યન લિટર (૮.૫૯ ટકા) અને ૨૦૨૩ની સાલમાં ૨,૫૫,૬૨૨ મિલ્યન (૧૭.૬૬ ટકા) પાણી હતું. તેની સામે શુક્રવારે સવારનાં સાતેય જળાશયોમાં ૭,૩૪,૫૬૨ મિલ્યન લિટર (૫૦.૭૫ ટકા) પાણીનો જથ્થો હતો, જે છેલ્લા બે વર્ષનો સૌથી હાઈએસ્ટ કહેવાય છે.

જળાશયોના કેચમેન્ટ એરિયામાં સતત પડી રહેલા વરસાદની પાણીનું સ્તર ૫૦ ટકાથી વધી જતા હાલ પૂરતી પાણીની ચિંતા થોડી હળવી થઈ છે પણ આગામી દિવસોમાં પણ કેચમેન્ટ એરિયામાં વરસાદ સતત પડતો રહે એ આવશ્યક હોવાનું પાણી પુરવઠાના અધિકારીઓનું કહેવું છે. સામાન્ય રીતે જુલાઈ મહિનામાં વરસાદનું જોર વધુ હોય છે અને ત્યારબાદ ઑગસ્ટ અને સપ્ટેમ્બરમાં હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ પડતો હોય છે. તેથી આગામી દિવસોમાં વરસાદ સતત ચાલુ રહે તે આવશ્યક હોવાનો મત ઉચ્ચ અધિકારીએ વ્યક્ત કર્યો હતો.

મુંબઈને આખું વર્ષ પાણીકાપ વગર પાણીપુરવઠો કરવા માટે પહેલી ઑક્ટોબરના જળાશયોમાં ૧૪,૪૭,૩૬૩ મિલ્યન લિટર પાણીનો જથ્થો હોવો આવશ્યક છે. ■

### ક્યાં કેટલું પાણી?

(આ આંકડા ચોથી જુલાઈ, ૨૦૨૫ સુધીના છે.)

| જળાશય | વર્તમાન સપાટી | છલકાવવાની સપાટી |
|---|---|---|
| | (તમામ આંકડા મીટરમાં) | |
| અપર વૈતરણા | ૬૦૧.૧૩ | ૬૦૩.૫૧ |
| મોડક સાગર | ૧૫૭.૨૨ | ૧૬૩.૧૫ |
| તાનસા | ૧૨૪.૩૬ | ૧૨૮.૬૩ |
| મિડલ વૈતરણા | ૨૭૦.૭૦ | ૨૮૫.૦૦ |
| ભાતસા | ૧૨૪.૩૦ | ૧૪૨.૦૭ |
| વિહાર | ૭૬.૯૩ | ૮૦.૧૨ |
| તુલસી | ૧૩૫.૦૪ | ૧૩૯.૧૭ |



**વિરોધ છતાં ભાડાં ઘટશે?:** બેસ્ટનાં ભાડાંના વિરોધમાં વડાલામાં ગઈ કાલે મોટી સંખ્યામાં લોકોએ ભેગા થઇને એનો વિરોધ કર્યો હતો અને બેસ્ટની બસોની ખરાબ હાલત વિશે પણ ચિંતા વ્યક્ત કરી હતી. (અમય ખરાડે)

# બુલેટ ટ્રેનના બીકેસી સ્ટેશનને મેટ્રો રેલવે સાથે જોડતી અન્ડરગ્રાઉન્ડ ટનલ બંધાશે

મુંબઈઃ બાન્દ્રા કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) ખાતેના ભારતના પ્રથમ ભૂગર્ભ બુલેટ ટ્રેન સ્ટેશનને બે મેટ્રો રેલ લાઇન અને તેની આસપાસની અન્ય ઇમારતો અને કમર્શિયલ કોમ્પ્લેક્સો સાથે જોડવાની યોજના ચાલી રહી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

બુલેટ ટ્રેન સ્ટેશનને અંડરગ્રાઉન્ડ મેટ્રો લાઇન-૩ (કફ પરેડથી આરે કોલોની)ના કોટક - બીકેસી સ્ટેશન સાથે જોડતી એક અંડરગ્રાઉન્ડ ટનલ હશે અને એક ફૂટ ઓવરબ્રિજ હશે, જે તેને બંધાઈ રહેલી મેટ્રો લાઇન -ટૂબી (ડીએન નગરથી માંડલે) પર આઇએલ એન્ડ એફએસ સ્ટેશન સાથે જોડશે.

પહેલી જુલાઈએ નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ, મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી અને મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડની આ યોજનાની ચર્ચા કરવા માટે બેઠક મળી હતી. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (એનએચએસઆરસીએલ)ના અધિકારીઓએ જણાવ્યું હતું કે કનેક્ટિવિટીની સુવિધા માટે મુંબઈ હાઈ સ્પીડ રેલના ચાલી રહેલા નિર્માણ દરમિયાન એક ટનલ બનાવવાની યોજના બનાવી હતી.

એનએચએસઆરસીએલના અધિકારીએ કહ્યું હતું કે ‘ટનલ ૧.૧ કિ.મી. લાંબી હશે અને કોટક-બીકેસી સ્ટેશન પર લાઇન -૩ સાથે જોડાશે.' એનએચએસઆરસીએલના અધિકારીઓનો અંદાજ છે કે અંતિમ યોજનાને આધારે લિંકિંગ ટનલની કિંમત રૂ. ૧૦૦-રૂ. ૧૫૦ કરોડ કે તેથી વધુ હશે. આ ટનલ શહેરે સીએસએમટી અને ચર્ચગેટ રેલવે સ્ટેશનો પર બાંધવામાં આવેલા સબવે જેવી દેખાશે, જેમાં બંને બાજુ દુકાનો છે.

એનએચએસઆરસીએલ અનુસાર, મુંબઈ એચએસઆર સ્ટેશન જે ૫ એકર વિસ્તારને આવરી લે છે અને તેની કિંમત ૩,૬૦૦ કરોડ રૂપિયાથી વધુ છે અને ૨૦૨૭ના અંત સુધીમાં તૈયાર થઈ જશે તેવી અપેક્ષા છે. ૪૯૫ મીટર લાંબુ આ સ્ટેશન વધુ ૫૦૦ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે અને તેના ત્રણ સ્તર નક્કી કરવામાં આવ્યા છે. પ્રથમ અને સૌથી નીચામાં, ૩૦ મીટર-૩૫ મીટરની ઊંડાઈએ, ટ્રેન પ્લેટફોર્મ હશે. તેની ઉપર, બીજા સ્તરમાં કોન્કોર્સ એરિયા, ટિકિટિંગ કાઉન્ટર્સ, ટ્રેન ડ્રાઇવરો માટે રૂમ, પ્રવેશ અને બહાર નીકળવાના દરવાજા અને ટનલનો પ્રવેશદ્વાર હશે જે સ્ટેશનને એક્વા લાઇન સાથે જોડશે. સૌથી ઉપરનું સ્તર રસ્તાના સ્તરે હશે અને તેમાં દુકાનો, રેસ્ટોરાં અને કમર્શિયલ સ્પેસ હશે. ■

# એક કલાક પૂરગ્રસ્ત બ્રિજ પર ઝઝૂમયો, નસીબજોગે બચી ગયો

પાલઘરઃ પાલઘર જિલ્લામાં શુક્રવારે સવારે પૂરગ્રસ્ત નદી પરના બ્રિજ પર એક પચાસ વર્ષની વ્યક્તિ લગભગ એક કલાક સુધી જોખમી હાલતમાં ફસાઇ હતી. વિક્રમગઢ તાલુકામાં બનેલી આ ઘટના બાદ બચાવકાર્ય હાથ ધરાયું હતું.

દેહરાજ બ્રિજના બન્ને બાજુ સંરક્ષણ દીવાલ જ નહોતી. સવારે ૧૦.૧૫ કલાકે મૌજે હટાને ગાવઠણના રહેવાસી પાંડુ કાલુ મોરેએ બ્રિજ પાર કરવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે તે ફસાઇ ગયો હતો. બ્રિજ પરથી પાણીનો પ્રવાહ પણ બહુ ઝડપી હતો.

ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર કન્ટ્રોલ સેલને આ અંગે જાણ કર્યા બાદ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ)ની ટીમને ઘટનાસ્થળે રવાના કરાઇ હતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર કન્ટ્રોલ સેલના વડા વિવેકાનંદ કદમે જણાવ્યું હતું કે આ અંગેનો વીડિયો જોયા બાદ ઘટનાસ્થળે પહોંચવાનો પ્લાન બદલી કાઢવામાં આવ્યો હતો.

‘વીડિયોમાં મોરે દેખાઇ રહ્યો હતો. ત્યાં જવા સુધી તે તણાઇ જાત. તેથી અમે તહેસિલદારને સ્થાનિક સ્વયંસેવકોની મદદ લેવાનું કહ્યું હતું અને તેને બચાવવામાં આવ્યો હતો', એમ તેમણે કહ્યું હતું.

એક કલાક સુધી મોરે જોખમી હાલતને વળગી રહ્યો હતો. આખરે સવારે ૧૧.૧૫ કલાકે તેનો બચાવ કરાયો હતો. ■

# કોલ્હાપુરી ચપ્પલના અનધિકૃત ઉપયોગ બદલ પ્રાદા સામે પીઆઈએલ

મુંબઈઃ કોલ્હાપુરી ચપ્પલના કથિત અનધિકૃત ઉપયોગ બદલ ઇટાલિયન ફેશન હાઉસ પ્રાદા વિરુદ્ધ બોમ્બે હાઇકોર્ટમાં એક પીઆઇએલ દાખલ કરવામાં આવી છે અને ભારતીય કારીગરોને તેમની ડિઝાઈનની નકલ કરવાના આરોપસર વળતર ચુકવવાની માગણી કરવામાં આવી છે.

પ્રાદાએ તેના સ્પ્રિંગ/સમર કલેક્શનમાં ફેશનેબલ ટૉ રિંગ સેન્ડલ દર્શાવ્યા હતા. આ સેન્ડલ અને કોલ્હાપુરી ચપ્પલમાં ઘણું સમય છે એવી રજૂઆત અરજીમાં કરવામાં આવી છે. આ સેન્ડલની કિંમત પ્રતિ જોડી એક લાખ રૂપિયા છે.

પુણે સ્થિત છ વકીલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે કોલ્હાપુરી ચપ્પલ મહારાષ્ટ્રનું સાંસ્કૃતિક પ્રતીક છે. આ અરજી પ્રાદા ગ્રુપ અને મહારાષ્ટ્ર સરકારના વિવિધ અધિકારીઓ વિરુદ્ધ દાખલ કરવામાં આવી છે.

અરજીમાં પ્રાદાને કોઈ પણ પ્રકારની માન્યતા વિના તેના ટૉ-રિંગ સેન્ડલનું વ્યાપારીકરણ કરવા અને તેનો ઉપયોગ કરવા અને ફેશન જૂથ માટે જાહેરમાં માફી માંગવા અને કોલ્હાપુરી ચપ્પલના ઉપયોગને સ્વીકારવા માટે નિર્દેશ માંગ્યો છે.

અરજીમાં એવી રજૂઆત પણ કરવામાં આવી છે કે કોલ્હાપુરી ચપ્પલ પહેલેથી જ જિઓગ્રાફિકલ ઈન્ડિકેશન ધરાવે છે અને જિઓગ્રાફિકલ ઈન્ડિકેશન્સ ઓફ ગુડ્સ (રજિસ્ટ્રેશન એન્ડ પ્રોટેક્શન) એક્ટ હેઠળ સુરક્ષિત છે. (પીટીઆઈ)■

# તમાકુનું સેવન, જયાં-ત્યાં થૂંકવુંઃ તુળજા ભવાની મંદિરના આઠ પૂજારી સામે પગલાં લેવાયાં

છત્રપતિ સંભાજી નગરઃ ધારાશિવના તુળજાપુરમાં પ્રસિદ્ધ તુળજા ભવાની મંદિરનું સંચાલન કરી રહેલા ટ્રસ્ટે તમાકુના સેવન અને થૂંકવા બદલ આઠ પૂજારી સામે કાર્યવાહી કરી હોવાનું એક અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું. આ આઠ પૂજારીઓને તેમના વર્તન બદલ ખુલાસો કરવા માટે નોટિસ આપવામાં આવી હતી એમ તેમણે જણાવ્યું હતું.

વધુ માહિતી આપતા અધિકારીએ જણાવ્યું હતું કે છ પૂજારીએ નોટિસનો જવાબ આપી માફી માગી લીધી છે. એક મહિના માટે મંદિરમાં તેમના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. નોટિસનો જવાબ નહીં આપનારા અન્ય બે પૂજારીને ત્રણ મહિના માટે મંદિરના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. (પીટીઆઈ)■










## સંસ્થા સમાચાર

### ગિરનારની ધરા પર અને પારસધામના આંગણે ગિરનાર વંદનમ્ વર્ષોવાસ અર્થે રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનો મંગલ પ્રવેશ છઠ્ઠી જુલાઇએ

ગિરનારના ધન્ય પરા પર ભવ્ય જીવોને પ્રતિબોધિત કરવા ગિરનાર વંદનમ્ વર્ષાવાસ અર્થે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ આદિ સંત-સતીજીઓ પધારી રહ્યાં છે ત્યારે તેમના ચાતુર્માસ મંગલ પ્રવેશને વધાવવા ચાતુર્માસ શુભેચ્છા સમારોહનું અનેરું આયોજન પાંચમી અને છઠ્ઠી જુલાઇ, ૨૦૨૫ના દિવસે કરવામાં આવ્યું છે. પરમ ગુરુદેવ આદિ સંત-સતીજીઓના ચાતુર્માસ મંગલ પ્રવેશ અવસરે આયોજિત આ બે દિવસીય કાર્યક્રમ અંતર્ગત પાંચમી જુલાઇએ સાંજના ૬.૩૦ વાગ્યે ભવ્ય શોભાયાત્રા દ્વારા ગુરુ ભગવંતના આગમનને વધાવવામાં આવશે. સમગ્ર ચાતુર્માસના લાભાર્થી માતુશ્રી કાશ્મીરાબેન કાંતિલાલ શેઠ-હેતલબહેન સંજયભાઇ શેઠ પરિવારના આંગણેથી - 'ગુરુ પ્રસાદમ'ના આંગણેથી, મંગલ કળશધારી બહેનો, અષ્ટમંગલના શુભ પ્રતીકોની અને જયકાર ગુંજવતા ભાવિકોથી શોભતી-ગાજતી ગુંજતી આ શોભાયાત્રા પ્રારંભ થઇને પ્રભુને નેમ દરબારના પ્રાંગણે પધારશે. જયાં-વિદેશના હજારો ભાવિકોની ઉપસ્થિતિમાં ગુરુપૂર્ણિમાં ઉત્સવ યોજાશે.

પહેલીવાર ૧૦૮ બાળકો જૈન શાસ્ત્રોનો પાઠ ઉચ્ચારણ કરી ગુરુભક્તિ કરશે. તે સાથે જ પ્રેરણાત્મક નાટિકા અને ગીત-સંગીત-નૃત્ય-કીર્તનો સાથે દેશ-વિદેશના હજારો ભાવિકો ગુરુચરણમાં શ્રદ્ધા-ભક્તિભાવની અર્પણતા કરી ધન્ય બનશે.

એ સાથે જ, છઠ્ઠી જુલાઇ સવારના ૯ વાગ્યાથી પ્રભુ નેમ દરબારમાં ગુરુ ભગવંત આદિ સંત-સતીજીઓના ચાતુર્માસ મંગલ પ્રવેશને સત્કારવા મુંબઇ, ગુજરાત, મહારાષ્ટ્ર, પૂર્વ ભારત, દક્ષિણ ભારત, ઉત્તરભારત અને પરદેશથી હજારો ભાવિકો સમગ્ર સૌરાષ્ટ્રના શ્રીસંઘો, શ્રેષ્ઠિવર્યો, રાજકીય મહાનુભાવો, ઉદ્યોગપતિઓ, મહિલા મંડળો, યુવક મંડળો પધારીને ચાતુર્માસ શુભેચ્છા અભિવંદના અર્પણ કરશે.

કોલકાતા, મુંબઇ આદિ ક્ષેત્રના ભાવિકો દ્વારા પ્રેરણાત્મક નાટિકાની પ્રસ્તુતિ આદિ કાર્યક્રમો સાથે સહુને ગુરુ પૂર્ણિમાના ભાવોથી પ્રેરિત કરવામાં આવશે.

# કોસ્ટલ રોડ પ્રોમોનેડ ૧૫ જુલાઈએ ખુલ્લો મુકાશે

### પ્રોમોનેડ પર પર્યટકો માટે ચાર સ્થળોએ બાયો-ટોઈલેટઃ પ્રોમોનેડની સફાઈ માટે યાંત્રિક મશીનનો ઉપયોગ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટ (દક્ષિણ)ના ભાગરૂપે દરિયા કિનારા પાસે બનાવવામાં આવેલા બહુપ્રતિક્ષિત પ્રોમોનેડને આખરે ૧૫ જુલાઈ, ૨૦૨૫થી મુંબઈગરા માટે ખુલ્લો મૂકવામાં આવવાનો છે. તેના ઉદ્‌ઘાટનની તૈયારીરૂપે સુધરાઈ દ્વારા અહીં બાયો-ટોઈલેટની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવવાની છે. સુધરાઈના ઉચ્ચ અધિકારીઓએ ૨૪ જૂનના આ સ્થળની મુલાકાત બાદ કામચલાઉ શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે ચાર સ્થળોને ઓળખી કાઢ્યા હતા. એ સાથે જ આ પ્રોમોનેડ ખુલ્લો મુકાયા બાદ આ સ્થળની દૈનિક સફાઈ કરવા માટે પાલિકા યાંત્રિક મશીનોને પણ તહેનાત કરવાની છે.

કોસ્ટલ રોડ પ્રોમોનેડ બે તબક્કામાં ખુલ્લો મૂકવામાં આવવાનો છે, જેમાં પહેલા તબક્કામાં ટાટા ગાર્ડનથી હાજી અલી સુધીનો ૨.૭૫ કિલોમીટર પ્રોમોનેડ ૧૫ જુલાઈના ખુલ્લો મુકાવાનો છે. જયારે વરલીના લવગ્રોવ્હ નાળા અને બી.એમ. ઠાકરે ચોક વચ્ચેના ૫.૨૫ કિલોમીટર લંબાઈના બીજા તબક્કામાં પ્રોમોનેડનું કામ ચાલી રહ્યું છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આખા ૭.૫ કિલોમીટર લંબાઈના પ્રોમોનેડનું કામ પૂરું થઈને તેને ખુલ્લો મૂકાવવામાં હજી અઢી વર્ષનો સમય લાગી શકે છે.

મરીન ડ્રાઈવની માફક જ કોસ્ટલ રોડ પર બનાવવામાં આવેલા પ્રોમોનેડ પર મોટી સંખ્યામાં મુંબઈગરાના ટોળા ઉમટશે એવું માનવામાં આવે છે. તેથી મુલાકાતીઓને ધ્યાનમાં રાખીને પ્રોમોનેડના સ્થળે આ શૌચાલયો છ મહિનાથી લઈને એક વર્ષ સુધી કામચલાઉ ધોરણે ઊભા કરવામાં આવશે. મુખ્યત્વે બ્રીચ કેન્ડીમાં અમરસન્સ ગાર્ડન અને બે વરલીમાં અને એક મહાલક્ષ્મીમાં આ બાયો-ટોઈલેટ ઊભા કરવાની સુધરાઈની હાલ યોજના છે.

કોસ્ટલ રોડ ડિપાર્ટમેન્ટના ચીફ એન્જિનિયર દ્વારા સ્યુએજ વેસ્ટ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટને પત્ર લખીને ચાર સ્થળોએ બાયો-ટોઈલેટની વ્યવસ્થા કરવાની વિનંતી કરવામાં આવી છે. તેમ જ આ ટોઈલેટની આસપાસના વાતાવરણ સામે મેળ ખાતા હોવો જોઈએ એવી વિનંતી પણ પત્રમાં કરવામાં આવી છે.

આગામી ૧૫ જુલાઈથી ખુલ્લા મૂકવામાં આવનારો પ્રોમોનેડ કોસ્ટલ રોડ પ્રોજેક્ટનો એક મહત્ત્વનો ભાગ ગણાય છે, જેનો હેતુ ટ્રાફિક ઓછો કરવાની સાથે જ નાગરિકો માટે વધુ એક પર્યટક સ્થળ તરીકે ઉપલબ્ધ કરાવવાનો છે. જોકે હાલ ૭.૫ કિલોમીટરનો લાંબો આ પ્રોમોનેડ આખો ખુલ્લો મૂકવામાં આવવાનો નથી, કારણકે હજી પણ અમુક જગ્યાએ તેનું કામ બાકી ચાલી રહ્યું છે. કોસ્ટલ રોડ ટનલના એક્ઝિટથી ઉત્તર દિશામાં વરલી સુધી ફેલાયેલા આ પ્રોમોનેડમાં સાઈકલ ટ્રેક પણ છે.

કોસ્ટલ રોડ પ્રોમોનેડ ખુલ્લો મુકાવવાની સાથે જ અહીં નાગરિકોની અવરજવર વધશે. એટલે ગંદકી અને કચરો પણ થશે. તેથી જ પાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા અહીં મેકેનિકલ સ્વિપિંગ મશીનનો ઉપયોગ પ્રોમોનેડની સફાઈ માટે કરવામાં આવવાનો છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ છેલ્લા એક વર્ષમાં તબક્કાવાર કોસ્ટલ રોડ ખુલ્લો મૂકવામાં આવ્યો છે. અહીં જાહેર જનતાને ચાલવા માટે પ્રવેશ નથી.

# એકતા કપૂર વિરુદ્ધ ફરિયાદનો તપાસ રિપોર્ટ રજૂ ન કરવા બદલ પોલીસને કોર્ટની નોટિસ

મુંબઈઃ એક વેબ સિરિઝમાં ભારતીય સૈનિકોનું કથિત રીતે અપમાન કરવા બદલ ટેલિવિઝન અને ફિલ્મ પ્રોડ્યુસર એકતા કપૂર વિરુદ્ધ નોંધાયેલી ફોજદારી ફરિયાદ અંગે તપાસનો અહેવાલ રજૂ ન કરવા બદલ મુંબઈની કોર્ટે પોલીસને શૉ કોઝ નોટિસ જારી કરી હતી. તપાસનો અહેવાલ ૯ મેના રોજ રજૂ કરવાનો હતો, પણ પોલીસ ડેડલાઇન ચૂકી ગઇ હતી.

બાંદ્રાની મેજિસ્ટ્રેટ કોર્ટે ફેબ્રુઆરીમાં ખાર પોલીસને એકતા કપૂર તથા અન્યો વિરુદ્ધ સીઆરપીસી (ક્રિમિનલ પ્રોસીજર કોડ)ની કલમ ૨૦૨ હેઠળ દાખલ ફરિયાદ અંગે તપાસ કરવાના નિર્દેશ આપ્યા હતા. મેજિસ્ટ્રેટ કોર્ટે પોલીસને રિપોર્ટ ૯ મેના રોજ રજૂ કરવાનું કહ્યું હતું. જોકે પોલીસ રિપોર્ટ રજૂ ન કરી શકતાં કોર્ટે પોલીસને નોટિસ જારી કરી હતી. (પીટીઆઇ)

# બોરીવલીમાં ખાદી ગ્રામોદ્યોગ ટ્રસ્ટને જમીન ટ્રાન્સફર કાયદેસરઃ બાવનકુળે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ શુક્રવારે વિધાનસભામાં જણાવ્યું હતું કે બોરીવલીમાં ખાનગી ટ્રસ્ટ ખાદી ગ્રામોદ્યોગ એસોસિએશન (કોરા કેન્દ્ર)ને જમીન ફાળવણીની સમગ્ર પ્રક્રિયા કાયદેસર હતી અને તેમાં નિયમોનું કોઈ ઉલ્લંઘન થયું નથી. આ મુદ્દો શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય વરુણ સરદેસાઈ દ્વારા રાજ્ય વિધાનસભામાં ઉઠાવવામાં આવ્યો હતો. તેના જવાબમાં મહેસૂલ પ્રધાને જણાવ્યું હતું કે, ૩૯ એકર અને ૨૨ ગુંઠા જમીન મૂળ રીતે ૧૯૪૭થી ૧૯૫૩ની વચ્ચે ટ્રસ્ટને માત્ર ૧૩,૩૭૫ રૂપિયામાં ફાળવવામાં આવી હતી.

જોકે, સમય જતાં કેટલીક શરતોનું ઉલ્લંઘન થતું જોવા મળ્યું હતું. હાઈકોર્ટના નિર્દેશોને અનુસરીને, નિયમાનુસાર જમીનને નક્લાસ-૨થમાંથી નક્લાસ-૧થમાં રૂપાંતરિત કરવામાં આવી હતી, અને બજાર મૂલ્યના ૫૦ ટકા વસૂલ કરવામાં આવ્યા હતા. બાવનકુળેએ વધુમાં એવી સ્પષ્ટતા કરી હતી કે ૨૦૧૯ની નીતિ હેઠળ, નક્લાસ-૨થમાંથી નક્લાસ-૧' જમીનમાં રૂપાંતર પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક અને કોઈપણ અનિયમિતતાથી મુક્ત છે.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

બાલંભા નિવાસી હાલ બોરીવલી, પ્રાણલાલ હરિલાલ ઉદાણીના પુત્ર જયેશભાઇ (ઉં. વ. ૬૬) તે અમીબેનના પતિ. નીલ તથા જીતના પિતાશ્રી. સોનલ દિલીપ પોપટાણીના ભાઈ. કાંતિલાલ મગનલાલ સંઘવીના જમાઈ ૪/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે ૭૦૩, અનામિકા, રામનગર, કલ્યાણ જ્વેલર્સની બાજુમાં બોરીવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

માંડવડ નિવાસી હાલ વિરાર, પુષ્પાબેન કોંટીચા (ઉં. વ. ૮૦) ૩-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મનસુખલાલ છ. કોંટીચાના ધર્મપત્ની. જીજ્ઞા, ચેતન, જતીનના માતુશ્રી. ઉદયકુમાર, હિના તથા નમિતાના સાસુ. સ્વ. શાંતિભાઈ, ધીરુભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ, સ્વ. ગુલાબબેન ઘેલાણી, સ્વ જયાબેન શેઠ, હંસાબેન ઢોસાણીના ભાભી. પિયરપક્ષે સુશીલાબેન કામદાર, ઇન્દુબેન મહેતા, મધુબેન શાહ, નયનાબેન દોશી, ભરતભાઈ મહેતાના બહેન. આયુષ, બ્રમ્હી તથા કાવ્યાના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વીશા શ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ બોરીવલી, શાંતાબેન હરગોવિંદદાસ લખાણી (ઉં. વ. ૮૬) શુક્રવાર તા.૦૪/૦૭/૨૫ના અરિહંતશરણ થયેલ છે. તે ઉમેશભાઈ, ભરતભાઈ, ભાવેશભાઈના માતુશ્રી. હર્ષાબેન, ચૈતાલીબેન, જિજ્ઞાશા બેનના સાસુ. હિંમતલાલ ગીરધરલાલ લખાણી અનંતરાય હીમંતલાલ લખાણીના ભાઈ. પિયરપક્ષે જગજીવનદાસ લક્ષ્મીદાસ શાહ (હાલ પારલા)ની દિકરી. સ્વ. મણિભાઈ સ્વ. મહેનતભાઈ, સ્વ. ઇચ્છાબેન, સ્વ. મધુબેન, સ્વ. મંજુલા બેનના બેન.

**સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ મલાડ, સ્વ. કાંતિલાલ પાનાચંદ દેસાઈના ધર્મપત્ની ગં.સ્વ. વસુમતીબેન (ઉં. વ. ૯૧) તા. ૩-૭-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. સ્વ. મહેન્દ્રભાઈ, સતીષભાઈ, સ્વ. વિજયભાઈ તથા સ્વ. મયુરભાઈના માતુશ્રી. સ્વ. અશ્વિનભાઈ સ્વ. નલિનભાઈ, સ્વ. નરોત્તમભાઈના ભાઈ તથા બીલખા નિવાસી સ્વ. નરભેરામ નાગજી દોશીના દિકરી. સ્વ. શાંતિભાઈ, સ્વ. રસિકભાઈ, મનસુખભાઈ, સ્વ. પ્રવિણભાઈ, હસમુખભાઈ, સ્વ. ચંપાબેન, સ્વ. સવિતાબેન, સ્વ. ભારતીબેન, ગં.સ્વ.કનકબેન, શકુન્તલાબેનના બેન. દક્ષાબેન, હર્ષાબેન, નિરૂપાબેનના સાસુ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઘેટી નિવાસી હાલ ડોમ્બીવલી, અમુલખરાય જમનાદાસ મહેતાના ધર્મપત્ની કનકબેન મહેતા (ઉં. વ. ૬૫) તા. ૧/૭/૨૫ મંગળવારના અવસાન પામેલ છે. તે કૌશિકાબેન, રીનાબેન, પાયલબેન, અભિષેકભાઈના માતા. તેજસકુમાર, સંદીપકુમાર, મયંકકુમારના સાસુ. હસમુખરાય, પ્રદીપભાઈ, પ્રફુલભાઈના ભાભી. સ્વ. ઉર્મિલાબેન, વિભાબેન, હર્ષાબેનના જેઠાણી. શારદાબેન, સ્વ. અરુણાબેન, ઇન્દુબેનના ભાભી. પિયરપક્ષે સ્વ. જશીબેન હઠીચંદ કનાડિયાના દીકરી. લૌકીક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન**

રાણપુર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. કાંતિલાલ કસ્તુરચંદ શાહના સુપુત્ર કિશોરભાઇ (ઉં. વ. ૭૩) તે સ્વ. વિણાબેનના પતિ. અમિષભાઇ, ચિંતનભાઇના પિતાશ્રી. ભૂમિકા તથા કૃપાના સસરા. સ્વ. દક્ષાબેન, સ્વ. કલ્પનાબેન, સ્વ. માલતીબેનના ભાઇ. સ્વ. બાબુભાઇ દુર્લભજી બગડીયાના જમાઇ. તા. ૩-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૬-૭-૨૫ના રવિવારના સવારે ૧૦થી ૧૨. ઠે. પારસધામ, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ ભરૂડિયા હાલ ઘાટકોપરના લાલજી ગાંગજી ગાલા (ઉં. વ. ૮૨) બુધવાર, તા. ૨-૭-૨૫ના ઘાટકોપર મધ્યે અવસાન પામેલ છે. સ્વ. પરમાબેન ગાંગજીના સુપુત્ર. સ્વ. હરખુબેનના પતિ. અમૃતલાલ, કસ્તુર, હરેશના પિતા. રેખા, ચંદુ, ચંદ્રિકાના સસરા. હર્ષિકા, અમન, વેદ, યશના દાદા. સ્વ. ભચી વિજપાર રામજી દેઢિયાના જમાઇ. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૫-૭-૨૫ના ૧૦થી ૧૧.૩૦. ઠે. કપોળવાડી, ઘાટકોપર, ઠે. સી-૧, ૧૦૨, વિદાંવન મુકુંદ સોસાયટી, ૪થે માળે, એલ. બી. એસ. રોડ, ઘાટકોપર (વેસ્ટ).

## પારસી મરણ

મહેરુ બેજન દસ્તુર (ઉં. વ. ૯૫) તા. ૩-૭-૨૫એ ગુજરી ગયા છે. તે બેજનના વાઇફ. મરહુમ પેસ્તનજી અને ખોરશેદ ડમરીના દીકરી. વિરાફના મધર, ઝરીનના સાસુ. હાનોઝના દાદી. ઉઠમણું તા. ૫-૭-૨૫એ.

ગુલ કાવસજી બામજી તે મરહુમો ખોરશેદ બમન ચોથીયા ને મરહુમો કાવસજી બમનજી બામજી તે મરહુમો પીલુ, કેરસી, જરુ ના બહેન. તે નેવીલ, શીરાઝ, ચનચલ, ઇશમીત, ફરીદા, પરવેઝ ને લીલાના માસી. તે નવરોઝ, મેહલી, નાઝરીન, વૈશાલી, ચેરી ને ખુશબુના ફૂઇ. તે ફરીદાના નણંદ. તે મરહુમો પરવેઝ ને બાલીના જીજાજી. (ઉં. વ. ૯૫) રે. ઠે. ૨૮, સાગર દર્શન, ૮૧/૮૩, ભૂલાભાઇ દેસાઇ રોડ, કંબાલા હીલ, તાતા ગાર્ડન સામે, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૫-૭-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે, સેઠના અગિયારી તારદેવ.

## હિન્દુ મરણ

**ગામડિયા દરજી**

મુંબઈ દહિસર નિવાસી ગં. સ્વ. ચંદનબેન પ્રવિણચંદ્ર વરિયાવા (ઉં. વ. ૭૯) તે ૨૯/૬/૨૫ના દેવલોક પામેલ છે. તે યોગેશ તથા પીનાકિનના માતુશ્રી. જ્યોત્સના તથા પુષ્પાબેનના સાસુ. જતીન રોનક જાનવીના દાદી. દિનેશ, અનિલ, ગિરીશ ભાનુમતી, મીનાબેનના ભાભી. પિયરપક્ષે સ્વ. નરસિંહલાલ ભીખાભાઇ કાપડિયાના દીકરી. તેમની શોકસભા ૧૦/૭/૨૫ના ૪ થી ૬. સમાજ કલ્યાણ કેન્દ્ર, પહેલે માળે, બલ્યુ ગેલેક્સી બિલ્ડીંગ તથા જરીમરી ગાર્ડન પાસે, સી એસ રોડ દહિસર ઈસ્ટ.

**પરજીયા સોની**

ડુંગરવાળા હાલ મદ્રાસ, સ્વ. રમાબેન અમૃતલાલ આત્મારામ સાગરના દીકરા હર્ષદભાઈ (ઉં. વ. ૭૪) ૨/૭/૨૫ના અક્ષરવાસ પામેલ છે. તે દેવયાનીબેનના પતિ. પ્રિતી હાર્દિક થડેશ્વર, મેહુલભાઈ, જીજ્ઞાબેન નિમિષકુમાર ધકાણના પિતા. ડિમ્પલના સસરા. દક્ષાબેન પ્રકાશકુમાર થડેશ્વર, અ.ની હરીશભાઈ તથા હિતેષભાઇ તથા રશેષ રમણીકભાઇ સાગરના ભાઈ. રતિભાઈ કાનજીભાઈ ધકાણ ચાંદગઢવાળાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

જસદણવાળા હાલ બોરીવલી, સ્વ. હિંમતલાલ રામજીભાઈ થડેશ્વર તથા સ્વ. નિર્મલાબેનના પુત્ર પ્રકાશભાઈ થડેશ્વર (ઉં. વ. ૬૨) ૨/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. વિજયભાઈ, અજયભાઇ, ભરતભાઈના નાનાભાઈ. દક્ષાબેન, ભારતીબેન, નીલાબેન, અનુરાધાબેનના મોટાભાઈ. દીપ્તિ વિક્રમભાઈ જોષીના મામા. વિહાન વિક્રમભાઈ જોષીના પરમામા. જાળીયાવાળા આપાભાઇ કાનજીભાઈ ધાણકના દોહિત્ર. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છ વાગડ લોહાણા**

ગામ ખારોઈના હાલે પનવેલ, સ્વ. દયાળજીભાઈ મોરારજીભાઈ સોનેતા (રામાણી)ના પુત્રવધુ ગ.સ્વ. કાંતાબેન (ઉં. વ. ૯૧) તે સ્વ. હીરજીભાઈના પત્ની. સ્વ. ચીમનભાઈ, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. શાંતાબેન ચુનીલાલ રાજદે તથા સ્વ. ભાનુબેન બાબુલાલ મીરાણીના ભાભી. ચી. વિજયના માતોશ્રી. અ.સૌ. આરતીના સાસુ. સ્વ.મુળજી મનજી મીરાણીના દીકરી તા.૩.૦૭.૨૫ના શ્રીજીમહારાજના ધામમાં ગયેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૫.૦૭.૨૦૨૫ શનિવારના ૪.૦૦ થી ૬.૦૦. શ્રી વિરુપક્ષ મંગલ કાર્યાલય, રત્નાકર ખરે માર્ગ, અશોકબાગની સામે, પનવેલ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા પોરવાડ**

કપડવંજવાળા (હાલ મુંબઇ) સ્વ. ચંપાબેન તથા સ્વ. રમણલાલ માનેકલાલ દેસાઇની સુપુત્રી કુ. જયોતિ રમણલાલ દેસાઇ (ઉં. વ. ૭૫) શુક્રવાર, તા. ૪-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પ્રતિભા, સ્વ. બિન્દુબેન, સ્વ. હેમંતકુમાર, સ્વ. માયાબેન અને કુલીનાબેનના બેન. કિંજલબેનના માસી. સર્વ લૌકિક પ્રથા બંધ રાખવામાં આવી છે.

છેલ્લા પાનાનું ચાલુ

### આજે ઠાકરે બંધુઓના

મંચ પર ફક્ત પક્ષાધ્યક્ષોને સ્થાન મળશે. રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે હશે. આ ઉપરાંત અન્ય કેટલાક પક્ષોના નેતાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે તેમાંથી કોણ હાજર રહેશે તે જોવાનું રહેશે. આ કાર્યક્રમને મુંબઈમાં અનેક સ્થળે એલઈડી સ્ક્રીન લગાવીને જીવંત પ્રસારણ કરવાનો પ્રયાસ ચાલી રહ્યો હોવાનું પક્ષ તરફથી જાણવા મળ્યું છે.

### શિંદે જય ગુજરાત બોલ્યા

મહારાષ્ટ્ર કરતાં કર્ણાટકને વધુ પ્રેમ કરે છે?' એમ ફડણવીસે પૂછ્યું હતું.

'મરાઠી ભાષા પ્રત્યે આ પ્રકારનો સંકુચિત દૃષ્ટિકોણ સારો નથી. મરાઠી ભાષા અને મરાઠી લોકોએ વિવિધ ક્ષેત્રોમાં ખૂબ જ યોગદાન આપ્યું છે. આપણા દેશના સ્વતંત્રતા આંદોલનમાં પણ અગ્રણી મરાઠી વ્યક્તિત્વો હતા,' એમ તેમણે ઉમેર્યું હતું.

### અજિત પવારે શું કહ્યું?

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની હાજરીમાં એકનાથ શિંદેએ જય ગુજરાતનો નારો આપ્યો તે મુદ્દે થઈ રહેલી ટીકાનો જવાબ આપતાં રાજ્યના બીજા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે કહ્યું હતું કે એકનાથ શિંદે જ્યારે જય ગુજરાત બોલ્યા ત્યારે હુ ત્યાં હાજર નહોતો. તેઓ ચોક્કસ શું બોલ્યા તેની મને જાણકારી નથી. હું ત્યાં હતો ત્યાં સુધી આવું કશું ત્યાં થયું નહોતું. આપણો દેશ અનેક જાતી અને ધર્મમાં ફેલાયેલો છે અનેક ભાષાઓ આપણા દેશમાં બોલવામાં આવે છે. દરેક રાજ્યની કોઈ માતૃભાષા છે. આપણી માતૃભાષા મરાઠી છે અને તેને અભિજાત દરજ્જો મળેલો છે.

### કૉંગ્રેસે શું કહ્યું?

મહારાષ્ટ્ર કૉંગ્રેસના અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળે રાજ્યના ગૌરવનું હનન કરવા બદલ અને રાજકીય ગુલામી સ્વીકારવા બદલ રાજીનામાની માગણી કરી હતી. મહારાષ્ટ્ર છત્રપતિ શિવાજી મહારાજની ભૂમિ છે જેઓ આત્મ સન્માન અને સાર્વભૌમત્વ માટે લડ્યા હતા. આપણા માટે શરમની બાબત છે કે નાયબ મુખ્ય પ્રધાન પર રહેલી વ્યક્તિ જય મહારાષ્ટ્રને સ્થાને જય ગુજરાત બોલી રહી છે. આ બીજું કશું નહીં, રાજકીય ગુલામી છે, એમ સપકાળે કહ્યું હતું.

મૂળ શિવસેનામાં ભંગાણ પડાવવા બદલ ગુજરાતના કેટલાક શક્તિશાળી લોકો દ્વારા પક્ષનું નામ અને ચિહ્નની ભેટ આપવામાં આવી હતી અને શિંદેએ પોતાના રાજકીય માલિકોને ખુશ કરવા માટે બધી જ હદ ઓળંગી નાખી હતી, એમ સપકાળે કહ્યું હતું.

### મરાઠીને નામે હિંસા

મરાઠી બોલવાનું કહી શકો છો, પરંતુ તમે મરાઠીનો હઠાગ્રહ ન રાખી શકો,' એમ ફડણવીસે અહીં રાજ્ય વિધાનસભા સંકુલમાં પત્રકારોને જણાવ્યું હતું.

'મરાઠી લોકો અન્ય ભાષાઓ પ્રત્યે આટલી નફરત ન કરી શકે,' એમ તેમણે ઉમેર્યું હતું.

ભાષાકીય અરાજકતા સામે આકરી ચેતવણી આપતાં તેમણે કહ્યું હતું કે, 'હું પણ મરાઠી છું. અન્ય રાજ્યોમાં (મરાઠી) લોકો કામ કરે છે. જો તેમની સાથે (ત્યાં) આવું વર્તન કરવામાં આવે તો તે પણ વાજબી નથી. જે કોઈ કાયદો હાથમાં લેશે તેને કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડશે.'

તેમણે ભાષાઓ પર પસંદગીયુક્ત આક્રોશની ટીકા કરી હતી અને કહ્યું હતું કે, 'મને ક્યારેક આશ્ચર્ય થાય છે કે આ લોકો અંગ્રેજી કેટલી સહજતાથી અપનાવે છે, પરંતુ હિન્દી પર વિવાદ ઉભો કરે છે. આ કેવા પ્રકારની વિચારધારા છે?'

ભાષાના રચનાત્મક પ્રચાર માટે હાકલ કરતા ફડણવીસે કહ્યું હતું કે, 'જો તમને ખરેખર મરાઠી પર ગર્વ છે, તો મરાઠી બોલો. અન્ય લોકોને મરાઠી બોલવા માટે પ્રોત્સાહિત કરો. મરાઠી શીખવવા માટે વર્ગો શરૂ કરો. તમારા બાળકોને તમે એવી શાળાઓમાં કેમ મોકલો છો જ્યાં મરાઠી ત્રીજી ભાષા તરીકે શીખવવામાં આવે છે? તેમને મરાઠી માધ્યમની શાળાઓમાં મોકલો.'

તેમના મતે, પોલીસે મનસેના કાર્યકરો સામે કાર્યવાહી કરી છે જેમણે થાણેમાં એક વેપારી સાથે મારપીટ કરી હતી જે મરાઠી બોલી શકતો ન હતો.

મહારાષ્ટ્રની શાળાઓમાં પહેલા ધોરણથી પાંચમી સુધી હિન્દી ભાષા દાખલ કરવા સામે વધી રહેલા વિરોધ વચ્ચે ત્રણ ભાષા નીતિના અમલ સાથે જોડાયેલા બે સરકારી ઠરાવો (જીઆર) પાછા ખેંચવા વિશે બોલતા, ફડણવીસે કહ્યું કે વિપક્ષ તકવાદી બની રહ્યો છે.

### મરાઠીને નામે હિન્દુની મારપીટઃ નિતેશ રાણે

મુંબઈઃ ભાજપના નેતા અને મહારાષ્ટ્રના પ્રધાન નિતેશ રાણેએ મનસે સમર્થકો દ્વારા મરાઠીમાં ન બોલવા બદલ 'હિન્દુ પુરુષો' સાથે કથિત રીતે મારપીટ કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો અને એવો સવાલ કર્યો હતો કે શું 'ટોપી પહેરનારા' લોકો સારી મરાઠી બોલે છે? તેઓ એક વાયરલ વીડિયો પર પ્રતિક્રિયા આપી રહ્યા હતા જેમાં રાજ ઠાકરેની આગેવાની હેઠળના મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના કાર્યકરો રાજ્યની રાજધાનીની પાડોશમાં આવેલા ભાયંદરમાં એક દુકાનદારને મરાઠીમાં બોલવાનો ઇનકાર કરવા બદલ માર મારતા જોવા મળી રહ્યા છે. 'એક હિન્દુ પુરુષને માર મારવામાં આવ્યો.... ગરીબ હિન્દુઓ પર હુમલો કેમ થઈ રહ્યો છે? જો તમારી પાસે હિંમત હોય, તો નળ બજાર અથવા મોહમ્મદ અલી રોડ જઈને ત્યાં તમારી તાકાત બતાવો,' એમ રાણેએ ગુરુવારે વિધાનસભા સંકુલમાં કહ્યું હતું. નળ બજાર અથવા મોહમ્મદ અલી રોડ દક્ષિણ મુંબઈમાં આવેલા મુખ્યત્વે મુસ્લિમ વિસ્તારો છે.

'શું મોહમ્મદ અલી રોડ (વિસ્તાર)માં દાઢી અને ટોપીવાળા લોકો શુદ્ધ મરાઠી બોલે છે? શું જાવેદ અખ્તર કે આમિર ખાન ક્યારેય મરાઠી બોલે છે? તમારી પાસે તેમને મરાઠીમાં બોલાવવાની હિંમત નથી, પરંતુ તમે ગરીબ હિન્દુઓ પર હુમલા કરવાનું પસંદ કરો છો,' એમ તેમણે કહ્યું હતું.

### શાળામાં હિન્દીઃ ગેરકાયદે વિરોધ બદલ પ્રોફેસર સામે કેસ

શાળાઓમાં ત્રીજી ભાષા તરીકે હિન્દી શીખવાડવાના સરકારી ઠરાવની નકલો વિરોધ પ્રદર્શન દરમિયાન બાળી મૂકવા પ્રકરણે મુંબઈ યુનિવર્સિટીના પ્રોફેસર દીપક પવાર અને અન્ય ૨૫૦ જણ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. દક્ષિણ મુંબઈમાં મહાપાલિકાની બહાર ૨૯ જૂને વિરોધ પ્રદર્શન કરવા માટે પરવાનગી લેવામાં આવી નહોતી. આથી ગુનો દાખલ કરાયો હતો. પોલિટિકલ સાયન્સના પ્રોફેસર દીપક પવાર મરાઠી અભ્યાસ કેન્દ્રના પ્રમુખ પણ છે. પવાર ઉપરાંત કાર્યકર્તા સંતોષ શિંદે, સંતોષ ઘરાત, વૈભવ મયેકર, શશી પવાર, યુગેન્દ્ર સાલેકર, સંતોષ વીર તથા અન્યોએ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં તેમની વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

### પુણેનો રેપિસ્ટ

વિસ્તારમાંની હાઉસિંગ સોસાયટીમાં રહેનારી પીડિતાએ દાવો કર્યો હતો કે બુધવારે સાંજના ફ્લેટમાં એકલી હતી ત્યારે કુરિયર ડિલિવરી એજન્ટના સ્વાંગમાં આવેલા અજાણ્યા શખસે બેંક સંબંધી દસ્તાવેજો લઇને આવ્યો હોવાનું જણાવીને ફ્લેટમાં પ્રવેશ મેળવ્યો હતો. દસ્તાવેજો પર હસ્તાક્ષર કરવા માટે તેણે પેન માગી હતી. ફ્લેટમાં પ્રવેશ્યા બાદ શખસે દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો અને બાદમાં શખસે તેના પર બળાત્કાર ગુજાર્યો હતો.

પીડિતાએ પોલીસને જણાવ્યું હતું કે એ સમયે તે બેભાન થઇ ગઇ હતી અને એક કલાક બાદ તે ભાનમાં આવી ત્યારે આરોપી ગાયબ થઇ ગયો હતો.

પીડિતાએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ગુનો દાખલ કરીને આરોપીની શોધ આદરી હતી. પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરા તપાસ્યા હતા અને આરોપીનો સ્કેચ પણ તૈયાર કર્યો હતો. પોલીસે તપાસ કર્યા બાદ શકમંદને તાબામાં લીધો હતો, જે સુશિક્ષિત છે. પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપી પીડિતાનો મિત્ર છે અને પીડિતાએ પોતે તેની સાથે સેલ્ફી લીધી હતી. બાદમાં તેણે મોબાઇલમાં ધમકીનો મેસેજ ટાઇપ કર્યો હતો.

પીડિતાને બેભાન કરવા માટે કોઇ સ્પ્રેનો ઉપયોગ કરવામાં આવ્યો નહોતો. પીડિતાએ બળાત્કારનો આરોપ કેમ લગાવ્યો તેની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. પીડિતાની હાલ માનસિક સ્થિતિ સારી નથી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

### ઓપરેશન સિંદૂર

સંસ્થા છે જ્યાં લશ્કરી નેતૃત્ત્વની તાલીમ આપવામાં આવે છે, એમ શાહે જણાવ્યું હતું.

'જ્યારે પણ મારા મનમાં નકારાત્મક વિચારો આવે છે, ત્યારે હું સામાન્ય રીતે 'બાળ' શિવાજી અને પેશવા બાજીરાવ વિશે વિચારું છું, વિચારું છું કે તેઓ પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં 'સ્વરાજ્ય' (સ્વ-શાસન અથવા સાર્વભૌમ રાજ્ય) સ્થાપિત કરવા માટે સક્ષમ હતા,' એમ તેમણે કહ્યું હતું.

સ્વરાજ્યની રક્ષા કરવાની જવાબદારી હવે ૧૪૦ કરોડ ભારતીયોની છે, એમ શાહે ઉમેર્યું હતું.

'જ્યારે સ્વરાજ્ય સ્થાપિત કરવા માટે લડાઈ કરવાનો સમય આવ્યો, ત્યારે આપણે તે કર્યું છે. જ્યારે સ્વરાજ્યની રક્ષા માટે લડાઈની જરૂર પડશે, ત્યારે આપણા દળો અને નેતૃત્વ ચોક્કસપણે તેનું પ્રદર્શન કરશે અને ઓપરેશન સિંદૂર તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે,' એમ તેમણે કહ્યું હતું.

### 'નહીં શીખની મુઝે મરાઠી,

સમજાતી નથી. તમારા આવા ખરાબ વર્તનને કારણે મેં સંકલ્પ કર્યો છે કે જ્યાં સુધી મરાઠી માણૂસની સંભાળ રાખવાના બહાને તમે આવું વર્તન કરતા રહેશો ત્યાં સુધી હું મરાઠી ક્યારેય નહીં શીખું, 'ક્યા કરના હૈ બોલ?', એમ કેડિયાએ 'એક્સ' પર પોસ્ટ કરી હતી. આ દરમિયાન મનસેના નેતા સંદીપ દેશપાંડેએ કેડિયાને ફક્ત વેપાર પર ધ્યાન આપવાની સલાહ આપી છે.

'તમે વેપારી છો વેપાર કરો. અન્યના પિતા છો એવું વર્તન કરવાનો પ્રયાસ ન કરો. મહારાષ્ટ્રમાં મરાઠીનું અપમાન કરાશે તો તમને કાન નીચે એક ફટકો મારવામાં આવશે. તમારી હદમાં રહો. હમણા માટે આટલું જ', એમ દેશપાંડેએ પ્રતિક્રિયા આપી હતી. દેશપાંડેના ટ્વિટ બાદ કેડિયાએ પોલીસ પાસે સંરક્ષણ માગ્યું હતું. 'મુંબઈ પોલીસને પોતાની પોસ્ટમાં ટેગ કર્યા બાદ કેડિયાનો સંપર્ક કરવામાં આવ્યો છે', એમ પોલીસે જણાવ્યું હતું.

### સુશીલ કેડિયા કોણ છે?

સુશીલ કેડિયા શેરબજાર અને રોકાણ અંગેના નિષ્ણાત છે. પચીસ વર્ષથી તેઓ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય બેંક સાથે કામ કરે છે. માર્કેટ ટેક્નિશિયન્સ એસોસિએશનના ડિરેક્ટર બોર્ડમાં નિમણૂક થનારી તે એશિયાની પ્રથમ વ્યક્તિ છે. તેમણે કેડિયાનૉમિક્સ નામથી રિસર્ચ ફર્મની સ્થાપના કરી છે. શેરબજાર સંબંધિત સેવા આપવાનું કામ પણ તેમની કંપની કેર છે.

### મનસેના સાત

બોલવાનું કહ્યું હતું. જોકે તેણે તેમને સામેથી પ્રશ્ન કર્યો હતો. જ્યારે એક શખસ સ્ટોલમાલિકને ખીજાઇ રહ્યો હતો ત્યારે તેની સાથેના અન્યોએ તેને લાફા માર્યા હતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. કાશીમીરા પોલીસે આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતા હેઠળ દંગલ, ધમકી અને મારપીટ કરવાના આરોપસર મનસેના સાત કાર્યકર સામે ગુનો દાખલ કર્યો હતો. દરમિયાન આરોપીઓને પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યા હતા. પોલીસે તેમને નોટિસ આપી હતી અને ત્યાર બાદ તેમને જવા દેવામાં આવ્યા હતા, એમ કાશીમીરા પોલીસ સ્ટેશનના સબ-ઇન્સ્પેક્ટર કિરણ કદમે જણાવ્યું હતું. પોલીસ આ કેસમાં આરોપીઓ વિરુદ્ધ 'ચેપ્ટર પ્રોસિડિંગ્સ' (પ્રતિબંધાત્મક કાર્યવાહી)ની તૈયારી કરી રહી છે. સારા વર્તન અંગે પોલીસ તેમની પાસે બોન્ડ પર હસ્તાક્ષર કરાવશે. (પીટીઆઇ)

### દાદર કબૂતરખાના

કારણે નાગરિકોના આરોગ્ય જોખમમાં મુકાયાં છે. કબૂતરની વિષ્ઠાને કારણે ફેંફસાની બીમારી થાય છે અને તેને કારણે અનેક લોકોના મૃત્યુ પણ થાય છે. છેલ્લા અનેક વર્ષોથી કબૂતરખાનાને બંધ કરવાની ફરિયાદ કરવામાં આવી રહી છે, તેની સામે છેવટે હાલ ચાલી રહેલા ચોમાસું અધિવેશનમાં વિધાનપરિષદમાં આ મુદ્દો શિવસેનાના નેતાએ ચર્ચા માટે રજૂ કર્યો હતો, તેના પર ઉદ્યોગપ્રધાન ઉદય સામંતે પાલિકાને કબૂતરખાના પર પાલિકાએ કાર્યવાહી કરવી એવો નિર્દેશ ગુરુવારે આપ્યો હતો. તે મુજબ શુક્રવારથી પાલિકાએ વોર્ડ સ્તરે કાર્યવાહી ચાલુ કરી દીધી છે. સાથે જ કબૂતરોને ચણ ખવડાવવાથી થતાં જોખમો વિશે જનજાગૃતિ લાવવા પર પણ તેમણે ભાર મુકયો હતો. દાદર (પશ્ચિમ)માં આવેલા પ્રખ્યાત કબૂતરખાનાનો વિસ્તાર જ આખો કબૂતરખાના તરીકે ઓળખાય છે. આ કબૂતરખાનાને હટાવવાની લાંબા સમયમથી માગણી કરવામાં આવી રહી હતી. છેવટે વિધાન પરિષદમાં ગુરુવારે આ મુદ્દા પર ચર્ચા થયા બાદ રાજ્ય સરકારના નિર્દેશ આપ્યો હતો. એ બાદ શુક્રવારથી પાલિકાએ કાર્યવાહી ચાલુ કરી હોવાનું પાલિકાના જી-ઉત્તર વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર વિનાયક વિસપુતેએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે દાદરનું કબૂતરખાનાનું બાંધકામ હેરિટેજ શ્રેણીમાં આવે છે. તેથી તેને નહીં હટાવતા તેની આજુબાજુમાં છેલ્લા અનેક વર્ષોમાં ઊભા કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામને શુક્રવારે સવારના હટાવવામાં આવ્યા હતા. મુંબઈમાં ૫૧ કબૂતરખાના હોઈ સૌથી વધુ કબૂતરખાના ગોરેગામ, મલાડમાં છે, ગોરેગામ અને મલાડમાં પાંચ-પાંચ કબૂતરખાના છે. કુર્લા, ચેમ્બુર, ગોવંડી, મુલુંડ, ગિરગામ, મુંબાદેવી અને મસ્જિદ બંદરમાં પણ એક પણ કબૂતરખાનું કાયદેસરનું ન હોવાનું માનવામાં આવે છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|







# પવઈમાં કન્સ્ટ્રકશન સાઈટમાં મગરી દેખાઈ, બચાવી લેવાઈ

મુંબઈ: પવઇના આઇઆઇએમ નજીક બાંધકામ ચાલી રહેલી જગ્યાએ ગુરુવારે મગરી જોવા મળી હતી. બાંધકામ સ્થળે કામ કરી રહેલા મજૂરોએ પહેલા મગરીને જોઇ હતી. મગરી પાણી ભરેલા ખાડામાં હતી. તેનો બચાવ કરવા માટે સંબંધિતોને જાણ કરવામાં આવી હતી. ત્યાર બાદ મગરીનો બચાવ કરીને સુરક્ષિત કુદરતી સ્થળે છોડવામાં આવી હતી.

પવઇના આઇઆઇએમ વિસ્તારમાં ચાલી રહેલા બાંધકામના સ્થળે 'માર્શ' પ્રજાતિની મગરી મળી આવી હતી. મજૂરોને તે દેખાયા બાદ વાઇલ્ડ લાઇફ વેલ્ફેર એસોસિએશન સંસ્થા અને વન વિભાગને જાણ કરવામાં આવી હતી. વન વિભાગ દ્વારા છેવટે મગરીને સુરક્ષિત સ્થળે છોડવામાં આવી હતી.

પવઇ તળાવમાં મોટા પ્રમાણમાં મગરો છે અને વારંવાર તેઓ બહાર આવી જતા હોય છે. તેથી તળાવમાં કેટલા મગરો છે એ અંગે સર્વેક્ષણ કરવાની માગણી સ્થાનિકો, પર્યાવરણપ્રેમીઓ દ્વારા કરવામાં આવી રહી છે. અગાઉ ૨૦૨૨માં પાલિકાએ કરેલા સર્વેક્ષણમાં અંદાજે ૧૮ મોટા મગર હોવાનું જણાયું હતું. ■

# પહલગામ હુમલા પછી પણ આપણે પાકિસ્તાન સાથે ભારતમાં હોકી મેચો કેમ રમવી છે?: આદિત્ય ઠાકરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પહલગામ આતંકવાદી હુમલાને પગલે બંને દેશો વચ્ચે અત્યારે તણાવગ્રસ્ત વાતાવરણ છે ત્યારે આગામી એશિયા કપ ટુર્નામેન્ટમાં પાકિસ્તાન સાથે ક્રિકેટ અને હોકીની મેચ રમવાની ભારતના પગલાં પર યોગ્યતા પર શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ શુક્રવારે પ્રશ્ન ઉઠાવ્યો હતો.

રાજ્ય વિધાનસભાના સંકુલમાં પત્રકારો સાથે વાત કરતાં તેમણે કહ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષા સંબંધી ઘણા પ્રશ્નો હજુ પણ અનુત્તરિત છે.

'શું પાકિસ્તાન જ્યારે આપણી વિરુદ્ધ આતંકવાદને પ્રાયોજિત કરી રહ્યું છે ત્યારે તેની સાથે મેચ રમવી યોગ્ય છે? શું ભારતીય ટીમે પાકિસ્તાન સામે એશિયા કપ ક્રિકેટ અને હોકી ટુર્નામેન્ટ રમવી જોઈએ? અમે ભાજપ અને કેન્દ્ર સરકાર પાસેથી સ્પષ્ટ જવાબ માગીએ છીએ,' એમ ઠાકરેએ કહ્યું હતું.

ઓગસ્ટના છેલ્લા અઠવાડિયામાં શરૂ થનારી એશિયા કપ હોકી સાથે ભાજપની આગેવાની હેઠળની સરકારના પાણીની કસોટી કરી રહી હોય તેવું લાગે છે. ભારત યજમાન દેશ છે અને મેચ બિહારમાં રમાશે. શિવસેના (યુબીટી)ના વિધાનસભ્યે કહ્યું હતું કે, એશિયા કપ દરમિયાન યુએઈમાં સંભવિત ક્રિકેટ મેચ માટે આ સ્થિતિ તૈયાર થઈ રહી છે.

જો બીસીસીઆઈ ભારતીય ક્રિકેટ ટીમને પાકિસ્તાન સામે રમવાની મંજૂરી આપે છે, તો શું ભાજપ તેને અન્ય લોકોની જેમ રાષ્ટ્રવિરોધી ગણાવશે? એમ તેમણે પૂછ્યું હતું.

એશિયા કપ ટી-૨૦ સપ્ટેમ્બરમાં યોજાવાની ધારણા છે, જ્યારે એશિયા કપ હોકી ટુર્નામેન્ટ ૨૭ ઓગસ્ટથી બિહારમાં શરૂ થવાની છે. ■




# ટ્રક ડ્રાઈવરોએ ૩૦મી જુલાઈ સુધી હડતાળ મુલતવી રાખી

મુંબઈ: મહારાષ્ટ્રના ટ્રક ડ્રાઇવરોએ શુક્રવારે સાંજે ત્રણ દિવસીય હડતાળ ૩૦મી જુલાઇ સુધી રદ કરી હતી. ઇ-ચલાન અને અન્ય મુદ્દાઓ પર રાજ્ય સરકાર તરફથી ખાતરી મળ્યા બાદ ટ્રક ડ્રાઇવરો તરફથી ઉક્ત નિર્ણય લેવાયો હતો.

પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇક અને મુખ્ય પ્રધાનના એડિશનલ પ્રિન્સિપલ સેક્રેટરી આઇ.એસ. ચહલ સાથે બેઠક યોજ્યા બાદ ટ્રક ડ્રાઇવરોએ ઉક્ત નિર્ણય લીધો હતો.

ટ્રાફિકના નિયમોમાં ભંગ બાદ ઇ-ચલાન સિસ્ટમ સામેના વિરોધ બાદ બુધવારે હડતાળ શરૂ કરવામાં આવી હતી. બસ ઓપરેટરોએ પણ હડતાળને સમર્થન આપ્યું હતું, પરંતુ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા કરાયેલી અપીલને કારણે હડતાળમાં ભાગી લીધો નહોતો.

ટ્રાન્સપોર્ટરો માટેની એકશન કમિટી વાહતૂકદાર બચાઓ કૃતિ સંગઠને મંત્રાલયમાં યોજાયેલી બેઠક બાદ સરકારને ૩૦મી જુલાઇ સુધી સમય આપવાનું નક્કી કર્યું હતું અને હડતાળ પડતી મૂકી હતી, એમ પુણેના ટ્રાન્સપોર્ટ લીડર બાબા શિંદેએ જણાવ્યું હતું.

'પાર્કિંગ અથવા ફ્યુઅલ પંપ પાસે વાહનો પાર્ક કરવા જેવા નાના કેસમાં આ મહિનાના અંત સુધી ઇ-ચલાન જારી નહીં કરે એવી રાજ્ય સરકાર તરફથી ખાતરી આપવામાં આવી છે. ભારે વાહનોમાં ફરજિયાત ક્લીનર અથવા હેલ્પર હોવા અંગે રાજ્ય સરકાર કેન્દ્ર સરકાર સાથે વાત કરશે એવી ખાતરી પણ આપવામાં આવી છે', એમ શિંદેએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# સમૃદ્ધિ એક્સપ્રેસ-વે પર અકસ્માતમાં એક જ પરિવારના ચારનાં મોત

વાશિમ: મહારાષ્ટ્રના વાશિમ જિલ્લામાં સમૃદ્ધિ એક્સપ્રેસ-વે પર કાર ડિવાઇડર સાથે અથડાતાં એક જ પરિવારની બે મહિલાઓ સહિત ચાર લોકોનાં મોત થયાં હતાં. આ ઘટના ગુરુવારે રાત્રે ૮ વાગ્યાની આસપાસ વનોજા અને કરંજા વચ્ચે હાઇ-સ્પીડ કેરેજવે પર બની હતી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. નાગપુર જિલ્લાના ઉમરેડના એક પરિવારના પાંચ સભ્યો પુણેમાં એક કાર્યક્રમમાં હાજરી આપીને કારમાં પરત ફરી રહ્યા હતા. ચેનલ નંબર ૨૧૫ નજીક, કારના ડ્રાઇવરે વ્હીલ પરનો કાબૂ ગુમાવ્યો અને વાહન ડિવાઇડર સાથે અથડાયું, એમ મંગરુલપીર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. ■




# મહારાષ્ટ્રમાં ગુટખા સરળતાથી મળે છે, એફડીએ કરે છે શું?: વિધાનસભ્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાજપના વિધાનસભ્ય વિક્રમ પાચપુતેએ શુક્રવારે મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ની કામગીરીની ટીકા કરી હતી અને રાજ્યવ્યાપી પ્રતિબંધ હોવા છતાં પ્રતિબંધિત ગુટખા અને પાન મસાલા સરળતાથી મળી રહે છે તે તરફ ધ્યાન દોર્યું હતું.

અહિલ્યાનગર જિલ્લાના શ્રીગોંદા વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા પાચપુતેએ કહ્યું હતું કે લોકો રાજ્ય વિધાનસભાના પરિસરમાં પણ ગુટખા ખાઈ રહ્યા છે અને થૂંકી રહ્યા છે.

જો વિધાનસભા પરિસરની અંદર પ્રતિબંધ લાગુ ન કરી શકાય, તો બાકીના મહારાષ્ટ્રને શું સંદેશ મળશે, એવું આશ્ચર્ય તેમણે વ્યક્ત કર્યું હતું.

વિધાનસભામાં મુદ્દો ઉઠાવ્યા બાદ વિધાન ભવનમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું, 'જો ગુટખા પર પ્રતિબંધ છે, તો તે ક્યાંથી આવી રહ્યો છે? હું મીડિયાને સ્ટિંગ ઓપરેશન કરવાની વિનંતી કરીશ.

વિધાન ભવનની સીડીઓ અને ખૂણાઓ જુઓ, તમને ગુટખા અને પાન મસાલાના ડાઘ દેખાશે.'

પાચપુતેએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં ગુટખા, પાન મસાલા અને સુગંધી સુપારીના ઉત્પાદન, વિતરણ, વેચાણ અને પ્રમોશન પર પ્રતિબંધ હોવા છતાં, કાયદાનું ઉલ્લંઘન છડેચોક થઈ રહ્યું છે.

'સરકારી કચેરીઓ અને વિધાન ભવનના ખૂણાઓમાં પણ લોકો ગુટખા થૂંકવાનું ચાલુ રાખે છે. કેટલાક પગલાં લેવા જોઈએ. બધા સહમત છે કે તે હાનિકારક છે, પરંતુ કાયદાનો કડક અમલ થતો નથી,' એમ તેમણે કહ્યું હતું.

એફડીએની ટીકા કરવા ઉપરાંત, તેમણે એમ પણ કહ્યું કે તેમાં પૂરતા માનવબળનો અભાવ છે.

'જ્યારે મેં પહેલી વાર આ મુદ્દો ઉઠાવ્યો ત્યારે એફડીએ પાસે લગભગ ૧૦૦ કર્મચારીઓ હતા. હવે તેઓએ ૧૯૦ વધુની ભરતી કરી છે, પરંતુ તે હજુ પણ અપૂરતું છે,' એમ પાચપુતેએ કહ્યું હતું.

વિધાનસભ્યે કહ્યું હતું કે એફડીએએ જનરલ એડમિનિસ્ટ્રેશન વિભાગને તેની કર્મચારીઓની સંખ્યા વધારીને ૧,૨૦૦ અધિકારીઓની કરવાની વિનંતી કરી છે.

પાચપુતેએ જણાવ્યું હતું કે તેમણે માર્ચમાં વિધાનસભા સત્ર દરમિયાન ભેળસેળયુક્ત પનીર અને સિન્થેટિક ચીઝ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

જ્યારે તેનાથી કેટલાક તાત્કાલિક વહીવટી પ્રતિભાવ મળ્યા હતા, ત્યારે પ્રતિબંધિત તમાકુ ઉત્પાદનોના વેચાણને રોકવામાં આવી જ તાકીદનો અભાવ હતો, એમ તેમણે જણાવ્યું હતું. ■










# ન્યાયાધીશોની નિમણૂકમાં પારદર્શકતા લાવવામાં આવશે: સીજેઆઇ

મુંબઈ: ન્યાયાધીશોની નિમણૂક માટેની કોલેજિયમ સિસ્ટમમાં પારદર્શકતા લાવવામાં આવશે તથા યોગ્યતા સાથે સમજૂતી કરાશે નહીં અને સમાજના દરેક વર્ગને તેમાં સ્થાન આપવાની ખાતરી ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (સીજેઆઇ) બી. આર. ગવઇએ શુક્રવારે આપી હતી.

બૉમ્બે બાર એસોસિએશન દ્વારા ગવઇના સન્માનનો કાર્યક્રમ હાઇ કોર્ટ ખાતે યોજવામાં આવ્યો હતો તેમાં તેમણે ઉક્ત નિવેદન કર્યું હતું. ગયા મહિને ભારતના બાવનમાં મુખ્ય ન્યાયાધીશ તરીકે ગવઇએ શપથ લીધા હતા.

સીજેઆઇ ગવઇએ કહ્યું હતું કે તેમના પૂરોગામી સંજીવ ખન્નાએ જે પરંપરા ચાલુ રાખી હતી તેને કાયમ રાખતા ન્યાયાધીશોની નિમણૂકમાં વધુ પારદર્શકતા લાવવામાં આવશે.


ગયા અઠવાડિયે નાગપુરમાં યોજાયેલા કાર્યક્રમમાં સુપ્રીમ કોર્ટના જજ દીપાંકર દત્તા કોલેજિયમના કાર્યમાં દખલગીરી અંગે બોલ્યા હતા. હું ખાતરી આપું છું કે આ પ્રક્રિયામાં પારદર્શકતા લાવવામાં આવશે. યોગ્યતા સાથે સમજૂતી કરાશે નહીં. સમાજના દરેક વર્ગને તક આપવામાં આવશે. જે નામોની ભલામણ કરાઇ છે તેને ધ્યાનમાં લેવાશે, એમ ગવઇએ કહ્યું હતું. (પીટીઆઇ) ■

# મોબાઈલ પર વાત કરતી વખતે ડક્ટમાં પડ્યો: અંતિમવિધિમાં આવેલા યુવાને અંતિમ શ્વાસ લીધા

મુંબઈ: મોબાઇલ પર બોલતી વખતે અનેક લોકોને કંઇ ભાન જ રહેતું નથી અને ઘણી વખત તેઓ પોતાનો જીવ જોખમમાં મૂકી દે છે. આવો જ એક કિસ્સો નાગપુરમાં બન્યો હતો. પુણેથી સંબંધીના અંતિમવિધિ માટે પુણેથી નાગપુર આવેલા યુવાને ફોન પર વાત કરતા પોતાનો જીવ ગુમાવ્યો હતો. લિફ્ટ બેસાડવા માટેના ડક્ટમાં પડી જવાને કારણે તે યુવાનનું મોત થયું હતું. પુણેના ચિખલી ખાતે રહેનારો રાજેશ ગોવિંદ જગતાપ મંગળવારે સંબંધીની અંતિમવિધિ માટે નાગપુરમાં બે દિવસ માટે આવ્યો હતો. જે ઇમારતની લિફ્ટની જગ્યામાં પડીને તેનું મૃત્યુ થયું છે તેની બાજુની ઇમારતમાં તેનો ભાઇ રહેતો હતો.

મંગળવારે રાત્રે રાજેશને ફોન આવ્યો હતો. બોલતા બોલતા તે બાજુમાં આવેલી બાંધકામ હેઠળની ઇમારતના પહેલા માળે ગયો હતો. મોબાઇલ પર વાત કરતી વખતે તેને ભાન રહ્યું નહીં અને લિફ્ટ માટેની જગ્યામાં તે પડી ગયો હતો. તેને માથામાં ગંભીર ઇજા થઇ હતી. હોસ્પિટલમાં બે દિવસ સારવાર લીધા બાદ ગુરુવારે તેનું મૃત્યુ થયું હતું. ■




# એટીએમમાં ભરવા માટેના ૧.૯૦ કરોડ ચોરવા બદલ ઑપરેટરની ધરપકડ

થાણે: નવી મુંબઈમાં એટીએમમાં ભરવા માટેના ૧.૯૦ કરોડ રૂપિયા ચોરવા બદલ ઑપરેટરની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. કલંબોલી પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર રાજેન્દ્ર કોઠેએ જણાવ્યું હતું કે આરોપી ધનરાજ ભોઇર ખાનગી કંપનીનો એટીએમ ઑપરેટર હતો અને તેણે ફેબ્રુઆરીથી જૂન, ૨૦૨૫ દરમિયાન આ ગુનો આચર્યો હતો.

કલંબોલી, કામોઠે અને ખારઘર વિસ્તારમાં ૧૬ એટીએમમાં ભરવા માટે ભોઇરને રૂપિયા આપવામાં આવ્યા હતા. જોકે ભોઇરે ૧.૯૦ કરોડ રૂપિયાની ઉચાપત કરી હતી અને તેનો ઉપયોગ પોતાના અંગત ફાયદા માટે કર્યો હતો. ઇન્ટરનલ ઑડિટમાં એટીએમ કૅશ રિફિલ રેકોર્ડમાં વિસંગતિઓ જણાયા બાદ ગુનો પ્રકાશમાં આવ્યો હતો. પોલીસે આ પ્રકરણે ગુરુવારે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યા બાદ ભોઇરની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઇ) ■

# નવાબ મલિક સામેની વાનખેડેની ફરિયાદની તપાસનો રિપોર્ટ કેમ ન આપ્યો?: કૉર્ટની પોલીસને નોટિસ

મુંબઈ: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી) નેતા નવાબ મલિક વિરુદ્ધ નાર્કોટિક્સ કંટ્રોલ બોર્ડ (એનસીબી)ના પૂર્વ ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડેની બહેન દ્વારા દાખલ કરવામાં આવેલી માનહાનિ અને પરેશાન કરવાની ફરિયાદમાં અહીંની એક અદાલતે શુક્રવારે મુંબઈ પોલીસને તપાસ રિપોર્ટ રજૂ ન કરવા બદલ કારણદર્શક નોટિસ ફટકારી છે.

એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (બાન્દ્રા) આશિષ અવારીએ આ વર્ષે જાન્યુઆરીમાં કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર (સીઆરપીસી) કલમ ૨૦૨ હેઠળ તપાસનો આદેશ આપ્યો હતો. આ આદેશ આરોપી સામેની પ્રક્રિયાનો મુદ્દો મુલતવી રાખી મેજિસ્ટ્રેટને કેસની તપાસ કરવા અથવા તપાસનું નિર્દેશન કરવાની સત્તા આપે છે. અદાલતે પોલીસને તપાસ બાદ રિપોર્ટ રજૂ કરવા નિર્દેશ આપ્યો હતો. જોકે, તપાસ એજન્સીએ હજુ સુધી સાદર નથી કર્યો.. જોગેશ્વરીના અંબોલી પોલીસ સ્ટેશનને શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી છે.

એડવોકેટ અલી કાશીફ ખાન દેશમુખ દ્વારા દાખલ કરવામાં આવેલી પોતાની ફરિયાદમાં, ભારતીય મહેસૂલ સેવા (આઈઆરએસ) અધિકારી વાનખેડેની બહેન યાસ્મીન વાનખેડેએ રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન મલિક પર વિવિધ ટ્વીટ્સ અને ટેલિવિઝન ઈન્ટરવ્યુમાં તેની સામે ખોટા, બદનક્ષીકારક અને નિંદાત્મક આરોપો કરવાનો અને સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર તેને પરેશાન કરવાનો આરોપ મૂક્યો હતો. (પીટીઆઇ) ■

# ગુજરાતની મહિલા દૂધ મંડળીઓમાં ૨૧ ટકાનો વધારો: આવક ₹ ૯૦૦૦ કરોડને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગ્રામીણ અર્થતંત્રમાં મહિલા નેતૃત્વને સશક્ત બનાવવા માટે સહકારી મોડલને સરકાર દ્વારા પ્રાથમિકતા આપવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ નિમિત્તે ગુજરાત સરકારે જાહેર કરેલા આંકડા અનુસાર, છેલ્લાં ૫ વર્ષમાં (૨૦૨૦થી ૨૦૨૫ સુધી) મહિલાઓની આગેવાની હેઠળની દૂધ સહકારી મંડળીઓ ૨૧ ટકા વધીને ૩,૭૬૪થી ૪,૫૬૨ થઈ ગઈ છે. આ દર્શાવે છે કે રાજ્યમાં સહકારી સંસ્થાઓમાં મહિલાઓની ભાગીદારીમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે.

ગુજરાતના સહકારી વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, મિલ્ક યુનિયનમાં પણ મહિલાઓની આગેવાનીમાં વધારો થયો છે. વર્ષ ૨૦૨૫માં મિલ્ક યુનિયનના બોર્ડમાં ૮૨ ડિરેક્ટર્સ તરીકે ૨૫ ટકા મહિલા સભ્યો છે, જે મિલ્ક યુનિયનની નીતિ ઘડવામાં તેમની સક્રિય ભાગીદારી દર્શાવે છે. ગુજરાતમાં લગભગ ૩૬ લાખ દૂધ ઉત્પાદક સભ્યોમાંથી લગભગ ૧૨ લાખ એટલે કે ૩૨ ટકા દૂધ ઉત્પાદક સભ્યો મહિલાઓ છે.

એટલું જ નહીં, આ જ સમયગાળા દરમ્યાન ગ્રામીણ સ્તરની સહકારી મંડળીઓની મેનેજમેન્ટ સમિતિઓમાં પણ મહિલાઓની ભાગીદારી ૧૪ ટકા વધી છે. આ મેનેજમેન્ટ સમિતિઓમાં મહિલાઓની સંખ્યા ૭૦,૨૦૦થી વધીને ૮૦,૦૦૦ થઈ ગઈ છે. આ મહિલાઓ હવે ગ્રામીણ સ્તરની સહકારી મંડળીઓમાં નીતિ નિર્માણ, સંચાલન અને દેખરેખ જેવી મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ સંભાળી રહી છે.

આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ નિમિત્તે ગુજરાત કોઑપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ દ્વારા રજૂ કરાયેલા ડેટા અનુસાર, ગુજરાતમાં મહિલા સંચાલિત દૂધ સહકારી મંડળીઓ દ્વારા મિલ્ક પ્રોક્યોરમેન્ટ (ખરીદી) ૨૦૨૦માં ૪૧ લાખ લિટર પ્રતિ દિવસ (એલપીડી)થી ૩૯ ટકા વધીને ૨૦૨૫માં ૫૭ લાખ લિટર પ્રતિ દિવસ થઈ ગયું છે, જે હાલમાં રાજ્યના કુલ મિલ્ક પ્રોક્યોરમેન્ટના લગભગ ૨૬ ટકા છે.

વર્ષ ૨૦૨૦માં આ મંડળીઓની અંદાજિત દૈનિક આવક રૂ. ૧૭ કરોડ અને એ મુજબ વાર્ષિક આવક રૂ. ૬,૩૧૦ કરોડ હતી. છેલ્લા પાંચ વર્ષમાં આ આંકડો વધીને ૨૦૨૫માં રૂ. ૨૫ કરોડ પ્રતિ દિવસ થયો છે, જેના કારણે વાર્ષિક અંદાજિત આવક રૂ. ૯,૦૦૦ કરોડને પાર થઈ ગઈ છે. એટલે કે, આ સમયગાળા દરમ્યાન મહિલા સંચાલિત મંડળીઓની આવકમાં રૂ. ૨,૭૦૦ કરોડનો વધારો થયો છે, જે ૪૩ ટકાની નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવે છે. આ સફળતા મહિલા સશક્તીકરણના સહકારી મોડલની મજબૂતીનો પુરાવો છે.

# ગુજરાત હાઇ કોર્ટનો નવતર અભિગમ: ૧૦ વર્ષ કરતાં જૂની ક્રિમિનલ અપીલ ૨૧ જજિસ સાંભળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત હાઇ કોર્ટે જૂના પડતર કેસોના નિકાલ માટે નવતર અભિગમ અપનાવ્યો છે. જેમાં રજિસ્ટ્રીના કામકાજના શનિવારના દિવસોએ હવે અદાલતો પણ ન્યાયિક કાર્યવાહી કરશે. સામાન્ય રીતે શનિવારે હાઇ કોર્ટમાં ન્યાયિક કાર્યવાહી થતી નથી માત્ર પહેલા અને ત્રીજા શનિવારે રજિસ્ટ્રીનું કામકાજ ચાલુ હોય છે. જો કે આ નવતર અભિગમમાં હવે રજિસ્ટ્રીના કામકાજના શનિવારના દિવસે અદાલતો પણ ન્યાયિક કાર્યવાહી કરશે. જેમાં ૧૦ વર્ષ કરતાં જૂની ક્રિમિનલ અપીલ હાઇ કોર્ટના ૨૧ જજિસ સાંભળશે. દર મહિનાના પહેલા-ત્રીજા શનિવારે આ કાર્યવાહી થશે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૯૫થી ૨૦૧૪ સુધીમાં ૫૬૨૭ ક્રિમિનલ અપીલ પડતર છે. ગુજરાત હાઇ કોર્ટનાં ચીફ જસ્ટિસ સુનીતા અગરવાલના માર્ગદર્શન હેઠળ શનિવાર એટલે ૫ જુલાઈના રોજ ૨૧ જજિસ આ ક્રિમિનલ અપીલોના નિકાલ માટેની ન્યાયિક કાર્યવાહી કરનાર છે.

૫ જુલાઈના રોજ ગુજરાત હાઇ કોર્ટ સમક્ષ વર્ષો જૂની ૬૦૦ જેટલી ક્રિમિનલ અપીલો મુકાશે. જેને સાંભળવા હાઇ કોર્ટની નવ જેટલી બેન્ચ અને ત્રણ સિંગલ જજ આ કાર્યવાહીમાં જોડાનાર છે. જેમાં દરેક બેન્ચ સમક્ષ અને સિંગલ જજની બેંચ સમક્ષ ૫૦ જેટલી સૌથી જૂની ક્રિમિનલ અપીલો સુનાવણી માટે મુકાનાર છે. હાલ વર્ષ ૧૯૯૫થી ૨૦૧૪ સુધીની કુલ ૫૬૨૭ જેટલી ક્રિમિનલ એકવીટલ અપીલ પડતર છે. જેમાંથી દર કામકાજના શનિવારે દરેક બેંચ સમક્ષ ઓછામાં ઓછી ૫૦ જેટલી ક્રિમિનલ અપીલો મુકાશે. એટલે કે કુલ ૬૦૦ જેટલી અપીલો કોર્ટ સમક્ષ મુકાશે.

આ ન્યાયિક કાર્યવાહીમાં જસ્ટિસ ગીતા ગોપી,જસ્ટિસ ઉત્કર્ષ ઠાકોરભાઈ દેસાઈ, જસ્ટિસ વૈભવી નાણાવટી, જસ્ટિસ ડી.એમ. વ્યાસ, જસ્ટિસ નિર્જર દેસાઈ, જસ્ટિસ મૂલચંદ ત્યાગી,જસ્ટિસ નિખિલ કેરિયલ, જસ્ટિસ પી.એમ.રાવલ, જસ્ટિસ અનિરુદ્ધ માયી, જસ્ટિસ જે. એલ. ઓડેદરા, જસ્ટિસ નીરલ મહેતા, જસ્ટિસ આર.ટી. વાછાણી, જસ્ટિસ નિશા ઠાકોર, જસ્ટિસ હસમુખ સુથાર, જસ્ટિસ પ્રણવ ત્રિવેદી, જસ્ટિસ જે.સી.દોશી,જસ્ટિસ વિમલ વ્યાસ, જસ્ટિસ એમ.આર.મેંગડે, જસ્ટિસ દેવેન દેસાઈ, જસ્ટિસ મોક્ષા ઠક્કર જોડાશે.

# વડોદરામાંથી ૨૫૦ ગેરકાયદે બાંગ્લાદેશી નાગરિકોને ડિપોર્ટ કરાયા: એરફોર્સ સ્ટેશનથી ઢાકા મોકલાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરામાંથી ૨૫૦ ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોને વડોદરા એરફોર્સ સ્ટેશનથી ઢાકા મોકલવામાં આવ્યા હતા. આ ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સને ભારતીય વાયુસેનાના ખાસ વિમાન દ્વારા બાંગ્લાદેશની રાજધાની ઢાકા મોકલવામાં આવ્યા હતા.

આ દરમિયાન કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી, અને તમામ બાંગ્લાદેશી નાગરિકોને હાંકી કાઢવામાં આવ્યા હતા, જેથી કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના ટાળી શકાય.

આ કાર્યવાહી ગુજરાતમાં ગેરકાયદેસર બાંગ્લાદેશી ઘૂસણખોરો સામેના વ્યાપક અભિયાનનો એક ભાગ છે, જે હેઠળ છેલ્લા બે મહિનામાં ૧૨૦૦થી વધુ ગેરકાયદેસર બાંગ્લાદેશીઓને તેમના દેશમાં પાછા મોકલવામાં આવ્યા છે. બધા ઘૂસણખોરોને બસ દ્વારા એરપોર્ટ લાવવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓ છેલ્લા ઘણા મહિનાઓથી રાજ્યનાં વિવિધ શહેરો, જેમ કે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશી નાગરિકો સામે સઘન ઝુંબેશ ચલાવી રહી છે.

આ અભિયાન હેઠળ શંકાસ્પદ વ્યક્તિઓના દસ્તાવેજોની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે જેથી નકલી આધાર કાર્ડ, પાન કાર્ડ અને અન્ય ઓળખ પુરાવાનો ઉપયોગ કરીને ભારતમાં રહેતા લોકોની ઓળખ કરી શકાય. ગુપ્ત માહિતી અને સ્થાનિક સ્રોતોના આધારે પોલીસે અનેક વિસ્તારોમાં દરોડા પાડ્યા, જેના પરિણામે સેંકડો ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓની અટકાયત કરવામાં આવી હતી.

# દ્વારકા જગતમંદિરને ઝેડ પ્લસ સુરક્ષા: એનએસજી કમાન્ડો તહેનાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દ્વારકા જગતમંદિરને ઝેડ પ્લસ સુરક્ષા આપવામાં આવી છે. મંદિરની સુરક્ષા બાબતે ક્ષતિઓ સામે આવતા ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા એક ટીમ બનાવીને દ્વારકા મોકલવામાં આવી હતી. આ ટીમ દ્વારા દ્વારકાના જગત મંદિર તથા તેમની ફરતે આવેલ તમામ બાંધકામો તેમ જ જગત મંદિર અંદર આવવા માટેના આવેલા પ્રવેશદ્વારનું નિરીક્ષણ કર્યું હતું. તેમ જ દ્વારકાધીશ મંદિરની અંદર પ્રવેશ કરતા ભક્તોનું કેવી રીતે ચેકિંગ કરવામાં આવે છે,તે પણ જાણવાનો પ્રયાસ કર્યો હતો.

આગામી માસથી તહેવારોની વણઝાર આવી રહી છે. ત્યારે દ્વારકાના જગત મંદિરમાં ભક્તોની ખૂબ જ ભીડ રહેશે. આ દરમિયાન યાત્રિકો તેમજ જગત મંદિરના સુરક્ષા માટે સરકાર વધુ સજાગ થઈ છે. આ દરમિયાન મંદિરને સુરક્ષા મળી રહે તે માટે એન.એસ.જી. કમાન્ડોની ટીમ દ્વારકા આવી છે. જગત મંદિરની સુરક્ષાની વ્યવસ્થાનું એન.એસ.જી. કમાન્ડોએ સૂક્ષ્મ નિરીક્ષણ વિગતવાર કર્યું હતું. અને સુરક્ષા બાબતની તમામ જાણકારી મેળવી હતી. એન.એસ.જી. કમાન્ડો સાથે દ્વારકા પ્રાંત અધિકારી અમોલ આવટે તથા હિમાંશુ ચૌહાણ પણ જોડાયા હતા. અને મંદિર વિશે કમાન્ડોને જરૂરી માહિતી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, દ્વારકાધીશ મંદિરમાં દરરોજ આશરે પંદર હજારથી વધુ ભક્તો દર્શનાર્થે આવે છે. હાલ ગુજરાત પોલીસ દ્વારા જગતમંદિરની સુરક્ષા કામગીરી કરવામાં આવે છે. પરંતુ આટલી મોટી સંખ્યામાં આવતા યાત્રાળુઓની સુરક્ષા માટે હાલની પોલીસ ટીમની સંખ્યા ઓછી કહેવાય છે. આ ઉપરાંત આવતા સમયમાં જુદા જુદા તહેવારો આવતા હોય અને દ્વારકાનો મુખ્ય તહેવાર જન્માષ્ટમી પણ ભવ્ય રીતે ઉજવવામાં આવે છે, ત્યારે જગત મંદિરમાં યાત્રિકોની સંખ્યા અનેક ગણી વધી જાય છે.

# ખ્યાતિ હૉસ્પિટલ કેસમાં કાર્તિક પટેલ સહિત તમામ આરોપીઓ સામે ૧૮ જુલાઈએ આરોપો ઘડાવવાની શક્યતા

અમદાવાદ: ખ્યાતિ કાંડના મુખ્ય આરોપી કાર્તિક પટેલને સેશન્સ કોર્ટમાં પોલીસ જાપ્તા સાથે રજૂ કરવામાં આવ્યો હતો, જ્યારે જામીન પર મુક્ત થયેલા રાજશ્રી કોઠારી અને ડૉ. સંજય પટોળિયા હાજર રહ્યા હતા. ડૉ. વજીરાણીને પોલીસનો જાપ્તો નહીં મળતા કોર્ટમાં રજૂ કરી શકાયા નહોતા. કાર્તિક પટેલ અને અન્ય આરોપીના કેસ ક્લબ કરવામાં આવ્યા હતા. સરકારી વકીલે કેસ પેપર રજૂ કર્યા હતા. આ કેસમાં ૧૮ જુલાઈએ આરોપો ઘડાઈ શકે છે. પોલીસે પહેલા આ કેસમાં ડૉ. પ્રશાંત વજીરાણી સહિત અન્ય આરોપીઓએ ચાર્જશીટ ફાઈલ કરી હતી. ત્યારબાદ મુખ્ય આરોપી કાર્તિક પટેલ સામે ચાર્જશીટ ફાઇલ કરી હતી, તેથી અલગ અલગ કેસ નંબર પડ્યા હતા, જેને ક્લબ કરવા સરકારી વકીલે કોર્ટને અરજી કરતાં કોર્ટે માન્ય રાખી હતી. કોર્ટે આગામી ૧૮ જુલાઇની મુદત આપી છે, જેમાં આરોપીઓ સામે આરોપો ઘડાવવાની શક્યતા રહેશે. ખ્યાતિ હૉસ્પિટલ કેસમાં દર્દીઓને જરૂર નહીં હોવા છતાં ડૉ. પ્રશાંત વજીરાણીએ એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવતા આરોપીઓ સામે કુલ ત્રણ દર્દી દ્વારા મોતની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, જેની પાછળનું કારણ પીએમજેએવાયમાંથી પૈસા કમાવવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું.

# અમદાવાદ એરપોર્ટ પરથી ફરી ૬.૫ કિલો ગાંજો અને ૯૫૦૦ ગ્રામ કેસર ઝડપાયું

અમદાવાદ: અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ હવે ડ્રગ અને ગાંજાનું પ્રવેશદ્વાર બની ગયું છે ત્યારે જ બેંગકોકથી આવતી ફ્લાઇટમાંથી રૂપિયા સાડા છ કરોડનો ૬.૫ કિલો ગાંજો ડીઆરઆઇએ ઝડપી લીધો હતો. આ ઉપરાંત એર ઇન્ટેલિજન્સ યુનિટે એરપોર્ટ પરથી ૯૫૦૦ ગ્રામ શુદ્ધ કેસર અને ૧૫ આઇફોન ૧૬ પ્રો અને ચાર આઇવોચ કબજે લીધી હતી. આ દાણચોરીનો માલ કોના માટે લાવવામાં આવતો હતો તેની તપાસ ચાલી રહી છે. અમદાવાદ એરપોર્ટ પરથી દાણચોરી અને ડ્રગ્સ તથા હાઇબ્રીડ ગાંજાની હેરાફેરી વધતાં સેન્ટ્રલ એજન્સીઓએ વોચ વધારી છે. ડીઆરઆઇની ટીમ પણ એરપોર્ટ પરથી શંકાસ્પદ મુસાફરો પર નજર રાખી રહી છે. ડીઆરઆઇની ટીમને બાતમી મળી હતી કે થાઇલેન્ડ બેંગકોકથી આવી રહેલી એક મહિલા પોતાની સાથે હાઇબ્રીડ ગાંજો લઇને આવી રહી છે. ફ્લાઇટ અમદાવાદ પહોંચ્યા બાદ મુસાફરો ઇમિગ્રેશનની ક્લિયરન્સમાં હતા ત્યારે જ ડીઆરઆઇની ટીમે એક મહિલાની પૂછપરછ કરી હતી. તેની પાસેથી ૬.૫ કિલો હાઇબ્રીડ ગાંજો મળી આવ્યો હતો. ડીઆરઆઈની ટીમે આ સાડા છ કરોડનો ગાંજો કબજે લઇને મહિલાની અટકાયત કરી પૂછપરછ શરૂ કરી છે. તે કોના માટે ગાંજો લઇને આવી હતી તેની તપાસ ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા બે મહિનામાં જ અમદાવાદ એરપોર્ટ પરથી લગભગ ૨૦૦ કિલો ગાંજો ઝડપાયો છે. અન્ય એક કેસમાં અબુધાબીથી આવી રહેલી ફ્લાઇટમાં એક મુસાફર ૯૫૦૦ ગ્રામ કેસર લઇને આવી રહ્યો હોવાની બાતમી કસ્ટમ્સની ટીમને મળી હતી.

# અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ એએમસીનો મોટો નિર્ણય: એરપોર્ટ કોરિડોરમાં ૧૦૦૦થી વૃક્ષનું ટ્રિમિંગ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ૧૨ જૂનના રોજ એર ઈન્ડિયાની એઆઈ-૧૭૧ ફ્લાઈટ ઉડાન ભર્યાની ગણતરીની મિનિટોમાં જ તૂટી પડી હતી. આ દુર્ઘટનામાં પાયલટ, કેબિન ક્રૂ અને મુસાફરો સહિત ૨૪૧ લોકોનાં મોત થયાં હતાં. દુર્ઘટનામાં કુલ ૨૭૦ જેટલા લોકોનાં મોત થયાં હતાં. સરકાર દ્વારા ૨૬૦થી વધુ મૃતકના ડીએનએ મેચ કરીને તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા. આ દુર્ઘટના બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને એક મોટો નિર્ણય કર્યો હતો.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ગાર્ડન વિભાગે સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ ઍરપોર્ટના ટેક ઑફ અને લેન્ડિંગ કોરિડોરમાંથી ૧૦૧૩ વૃક્ષનું ટ્રિમિંગ કરવાનો નિર્ણય લીધો હતો. શહેરના મેઘાણીનગર વિસ્તારમાં બી જે મેડિકલ કૉલેજની હૉસ્ટેલમાં વિમાન ક્રેશ થયા બાદ એરપોર્ટ્સ ઑથોરિટી ઓફ ઈન્ડિયાએ તાત્કાલિક સેફ્ટી ઑડિટ કર્યું હતું, જેમાં ફ્લાઇટને અવરોધતા તમામ પરિબળોનો સર્વે કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

સૂત્રોએ જણાવ્યું કે, એરપોર્ટ મેનેજમેન્ટે અમને અનેક સ્થળોએ વૃક્ષો કાપવા માટે વિનંતી કરતો પત્ર લખ્યો હતો. અમને એરપોર્ટના ટેક-ઓફ અને લેન્ડિંગ ફનલ વિસ્તારોમાં આવેલા વૃક્ષોની યાદી મળી છે. તમામ ૧૦૧૩ વૃક્ષોને પર્યાવરણ પર ઓછામાં ઓછી અસર થાય તે સુનિશ્ચિત કરીને તેમની ઊંચાઈ ઘટાડી શકાય તે રીતે કાપવામાં આવશે.

આ ટ્રિમિંગની કામગીરી અકસ્માત પછી શરૂ કરાયેલા વ્યાપક સુરક્ષા પગલાંનો એક ભાગ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સંબંધિત એજન્સીઓએ એરપોર્ટ પરિમિતિની આસપાસની ઇમારતોની ઊંચાઈના સર્વેક્ષણ એક સાથે શરૂ કર્યા હતા. સૂત્રોના કહેવા પ્રમાણે, એઆઈ ૧૭૧ના અકસ્માત બાદ તરત જ જિલ્લા કલેક્ટરે જાહેરાત કરી હતી કે ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિયેશનની માર્ગદર્શિકા અનુસાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સિવિલ એવિયેશન વિભાગના અધિકારીઓ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટની આસપાસના વિસ્તારોનો સર્વે કરવામાં આવશે.

એરપોર્ટ ઑથોરિટી ઓફ ઈન્ડિયાએ નિયુક્ત ફનલ ઝોનમાં આવેલી તમામ ઇમારતો માટે ઊંચાઈ ચકાસણી ફરજિયાત કરી છે, જેમાં હાલના નો ઓબ્જેકશન સર્ટિફિકેટ્સને ક્રોસ-રેફરન્સ કરવામાં આવશે.

# વડોદરાની બે સ્કૂલને આરડીએક્સથી ઉડાવવાની ધમકી: પોલીસ દોડતી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા શહેરમાં સ્કૂલોને ઉડાવવાની ધમકીનો સિલસિલો યથાવત્ રહ્યો છે. શુક્રવારે એક જ દિવસમાં બે શાળાઓ હરણીની સિગ્નસ સ્કૂલ અને અકોટા વિસ્તારમાં આવેલી ડી.આર.અમીન સ્કૂલને આરડીએક્સથી ઉડાવવાની ધમકીનો ઇ-મેલ મળતાં શહેર પોલીસ દોડતી થઈ હતી. મદ્રાસ ટાઇગર્સના નામથી વડોદરાની સિગ્નસ સ્કૂલને ત્યારબાદ અકોટા વિસ્તારમાં આવેલી ડી.આર.અમીન સ્કૂલને આરડીએક્સથી ઉડાવવાની ધમકી મળી હતી. આ મામલે વડોદરા પોલીસ કમિશનર નરસિમ્હા કોમરે જણાવ્યું હતું કે નવા ઇ-મેલનું કન્ટેન્ટ અગાઉ મોકલેલા ધમકીભર્યા ઈ-મેલ જેવું જ છે, પરંતુ આ વખતે ધમકી ‘મદ્રાસ ટાઇગર્સ’ તરફથી આવી છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ-સ્ક્વોડ સાથે ઘટનાસ્થળે દોડી ગયા છે. સ્કૂલ પરિસરમાં સઘન ચેકિંગ અને સર્ચ-ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૨ દિવસમાં વડોદરાની ચાર અલગ અલગ સ્કૂલને આ પ્રકારની ધમકીઓ મળી ચૂકી છે, અગાઉ નવરચના સ્કૂલને અને રિફાઇનરી સ્કૂલને ઉંમર ફારુકના નામથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઇ-મેલ આવ્યો હતો. જેના કારણે સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે. હાલ પોલીસ દ્વારા સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે અને ધમકી આપનારને શોધવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ધમકીભર્યો ઇ-મેલ મળતાં વાલીઓમાં ફફડાટ ફેલાયો હતો.

# મનરેગા કૌભાંડ મુદ્દે ભરૂચના ભાજપના સાંસદનો ગંભીર આક્ષેપ, ‘ગાંધીનગરવાળા દૂધે ધોયેલા નથી’

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના આદિવાસી વિસ્તારમાં મનરેગામાં મસમોટું કૌભાંડ થયું હોવાનો ગંભીર આક્ષેપ ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ લગાવ્યો હતો, આ મુદ્દે ભાજપના ભરૂચથી સાંસદ મનસુખ વસાવાએ ઝંપલાવ્યું હતું. તેમણે આ કૌભાંડમાં મોટો ધડાકો કરતા જણાવ્યું હતું કે, કામ કરનારી એજન્સી દ્વારા વિવિધ પક્ષોના નેતાઓને રૂપિયા આપવામાં આવ્યા હતા, જેમાં વિપક્ષના નેતાઓનો પણ સમાવેશ થાય છે. કૌભાંડ આચરનારી એજન્સીના કેટલાક માણસો મને મળવા આવ્યા હતા.મેં રાજપીપળા ગેસ્ટ હાઉસમાં બોલાવીને જાહેરમાં મીટિંગ કરી હતી.આ મીટિંગ દરમિયાન એજન્સીના માણસોએ મને એક યાદી બતાવી હતી, જેમાં કૌભાંડના ભાગરૂપે દરેક પક્ષના નેતાઓને ચૂકવવામાં આવેલા રૂપિયાનો ઉલ્લેખ હતો.મનસુખ વસાવાએ આક્ષેપ કરતા કહ્યું કે, વિપક્ષના નેતાઓ જે આક્ષેપ કરી રહ્યા છે, તેમાંથી જ કેટલાક શાહુકાર બન્યા છે. વિપક્ષના નેતાઓએ પણ રૂપિયા લીધા છે.આ ઉપરાંત ‘સ્વર્ણિમ’ નામની એજન્સીએ પણ મનરેગા હેઠળ કામો કર્યા છે.આ એજન્સીનાં કામોની પણ વિગતવાર તપાસ થવી જોઈએ.મનરેગા યોજના હેઠળ થયેલાં કામોની દરેક જિલ્લામાં સી.આઈ.ડી ની ટીમ દ્વારા તપાસ કરાવવામાં આવે. આ કૌભાંડમાં ગાંધીનગર લેવલનું સેટિંગ થયું છે.જેમાં એજન્સીને કામ મળે ત્યાં સુધીનું આયોજન થયું છે. અધિકારીઓ, પદાધિકારીઓ સહિત તમામને ફંડ આપવામાં આવ્યું છે, અને આ મામલે ગાંધીનગરથી તપાસની શરૂઆત થવી જોઈએ.ગાંધીનગરવાળા દૂધે ધોયેલા નથી અને દીવા તળે અંધારું છે એ જોતા નથી.

આ કૌભાંડમાં બધાને ટકાવારી મળી છે, જેમાં દરેક પક્ષના લોકો, મંત્રીઓ, સચિવો અને અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. માત્ર ભરૂચ કે નર્મદા જ નહીં, પરંતુ આખા ગુજરાતમાં મનરેગાના કામોની તપાસ થવી જોઈએ. આ મામલે આપના સરપંચો અને પદાધિકારીઓના ક્ષેત્રમાં તપાસ થવી જોઈએ.સ્વર્ણિમ નામની એજન્સીની ખાસ તપાસ થવી જોઈએ.

# સુરતમાં સહાય પેકેજના પ્રથમ તબક્કામાં ૭,૫૦૦ બેકાર રત્નકલાકારો નોંધાયા

અમદાવાદ: હીરા ઉદ્યોગમાં મંદીનો સામનો કરી રહેલા રત્નકલાકારો માટે સરકાર દ્વારા રત્નકલાકાર સહાય પેકેજની જાહેરાત કરવામાં આવી હતી, અને રત્નકલાકારોને નવ જૂનથી ૨૩ જુલાઈ સુધીમાં સંબંધિત શાળામાં અરજી કરવા માટે જણાવવામાં આવ્યું હતું. અરજી સ્વીકારવામાં માટે ત્રણ તબક્કા નક્કી કરવામાં આવ્યા હતા. પ્રથમ તબક્કામાં ૭,૫૦૦ અરજીઓ આવી છે, આ તમામ અરજીઓ સંદર્ભે આજે ગુરુવારે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને રિવ્યુ બેઠક મળી હતી. બેઠકમાં પ્રથમ તબક્કામાં આવેલી આ તમામ અરજીઓની સ્કૂટીની માટે ડાયમંડ એસોસિયેશનને મોકલવાનું નક્કી કરાયું હતું. હીરા ઉદ્યોગમાં મંદીનો સામનો કરી રહેલા રત્નકલાકારો માટે સરકાર દ્વારા રત્નકલાકાર સહાય પેકેજની જાહેરાત કરવામાં આવી હતી. બાદમાં કમિટી દ્વારા સ્કૂલ ફી સહાય માટેના અરજી ફોર્મ અને ચેકલિસ્ટ જાહેર કરાયું છે. વાલીઓ નવ જૂનથી ૨૩ જુલાઈ સુધી સંબંધિત સ્કૂલમાં અરજી કરી શકશે. આ પેકેજ અંતર્ગત, રત્નકલાકારો છેલ્લાં એક વર્ષથી સંપૂર્ણ બેકાર હોય, તેમના સંતાનોને શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ.૧૩,૫૦૦ની મર્યાદામાં એક વર્ષ માટે ફી માફી આપવાનું નક્કી કરાયું હતું. ત્યારબાદ સુધારો પણ કરવામાં આવ્યો છે અને ૩૧ માર્ચ ૨૦૨૪ પહેલા ડાયમંડનું કામ છૂટી ગયું હોય અથવા અન્યત્ર રોજગારી મળી ગઇ હોય એ રત્નકલાકારોને પણ આ સહાયનો લાભ આપવા નક્કી કરાયું હતું.

રત્નકલાકારો પાસેથી શાળા મારફતે આવેલી અરજીઓ બહુમાળી કેમ્પસ ખાતે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં ૨૪ જુલાઈ સુધીમાં ત્રણ તબક્કામાં જમા કરાવવાની વ્યવસ્થા કરાઇ છે. જેમાં પ્રથમ તબક્કો ૩૦ જૂન, બીજો તબક્કો સાત જુલાઈ અને ત્રીજો તબક્કો ૨૪ જુલાઇ નક્કી કરાયો છે. તેમાં ૩૦ જૂન સુધીના પ્રથમ તબકકામાં રત્નકલાકાર સહાય પેકેજ અંતર્ગત ૭,૫૦૦ અરજીઓ આવી ચૂકી છે.

## સુરતમાં ₹ ૩.૪૪ લાખની કફ સિરપનો જથ્થો ઝડપાયો: બે આરોપીની ધરપકડ, બે ફરાર

અમદાવાદ: ગુજરાત રાજ્ય પોલીસની સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા સુરત શહેરમાં નશાના દૂષણને ડામવા માટે એક મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. શહેરના ગોડાદરા વિસ્તારમાં આવેલા માનસરોવર સોસાયટીમાં દરોડો પાડીને રૂ.૩,૪૪,૧૬૦/- ની કિંમતની કોડેઇન ફોસ્ફેટ અને ટ્રાઈપ્રોલિડાઈન હાઈડ્રોક્લોરાઈડ સિરપનો જંગી જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. આ દરોડામાં કુલ ૧૯૧૨ બોટલો કબ્જે કરવામાં આવી હતી. દરોડા દરમિયાન, નશાકારક કફ સિરપ ઉપરાંત રૂ.૪૫,૫૦૦/- ની કિંમતના ૦૩ મોબાઈલ ફોન અને રૂ. ૧૨૦૦/- રોકડ પણ જપ્ત કરવામાં આવી હતી. આમ, કુલ રૂ. ૩,૯૦,૮૬૦/- નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે બે આરોપીઓ મહેન્દ્રભાઈ પુખરાજ ચૌધરી અને નારાયણલાલ દીપારામજી ચૌધરીની ધરપકડ કરી છે અને તેમને એસએમસી પોલીસ સ્ટેશનને સુપરત કરવામાં આવ્યા હતા. જો કે અન્ય બે આરોપી ચેતક ભવરલાલ ચૌધરી તથા આનંદકુમાર બાબુભાઈ જોષીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે, જેમની શોધખોળ ચાલી રહી છે.

# વડોદરામાં ૩૧ સ્મશાનો સાતમી જુલાઇથી ખાનગી હસ્તક: કૉંગ્રેસનો ઉગ્ર વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા કોર્પોરેશનના શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલાં ૩૧ સ્મશાનોનું સંચાલન અને નિભાવણી આગામી સાત જુલાઇ, ૨૦૨૫થી ખાનગી સંસ્થાઓ દ્વારા કરવામાં આવશે. જો કે અંતિમ સંસ્કાર નિઃશુલ્ક કરવામાં આવશે.

બીજી તરફ કૉંગ્રેસનો મોરચો સ્મશાનોના કરાયેલા ખાનગીકરણના વિરોધ સાથે મ્યુ. કમિશનરને આવેદનપત્ર આપવા માટે કોર્પોરેશન કચેરી ખાતે આવ્યો હતો, પરંતુ કમિશનર હાજર મળી ન આવતા ધરણાં પર બેસી રામધૂન બોલાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, વડોદરા કોર્પોરેશન દ્વારા પાલિકા હસ્તકનાં ૩૧ સ્મશાનો છે. અત્યાર સુધી સ્વૈચ્છિક સંસ્થાઓ પાલિકા પાસે એક પણ રૂપિયો લીધા વગર સંચાલન કરતી આવી છે. પાલિકા દ્વારા લાકડાં આપવામાં આવે છે, પરંતુ હવે કોર્પોરેશન દ્વારા સ્મશાનોના સુચારું સંચાલનના દાવા સાથે તમામ સ્મશાનો ખાનગી સંસ્થાઓને ૭ જુલાઇથી સોંપી રહી છે. જેનો કોંગ્રેસ અને સામાજિક કાર્યકરો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે.

કોર્પોરેશનમાંથી મળેલી માહિતી પ્રમાણે માધુરી એજ્યુકેશન ટ્રસ્ટને ઉત્તર ઝોનનાં સાત સ્મશાન, આધાર ફાઉન્ડેશનને પૂર્વ ઝોનના બે સ્મશાન અને જય અંબે સંસ્થાને પશ્ચિમ તથા દક્ષિણ ઝોનનાં નવ સ્મશાનોનું સંચાલન અને નિભાવણી કરવાની કામગીરી સોંપવામાં આવી રહી છે. પાલિકાને આ ત્રણેય ખાનગી સંસ્થાઓને સ્મશાનોના સંચાલન અને નિભાવણી માટે વાર્ષિક રૂપિયા ૧૦ કરોડનો ખર્ચ આવશે.

જોકે, શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષી અને વિપક્ષી નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવની આગેવાનીમાં સ્મશાનોના ખાનગીકરણના વિરોધમાં આજે મોરચો લઇ પાલિકા કચેરીમાં આવ્યા હતા અને સ્મશાનોનું ખાનગીકરણ બંધ કરો એવા સૂત્રોચ્ચાર કર્યા હતા.

પોસ્ટરો, બેનરો સાથે પાલિકા કચેરી ખાતે આવેલા મોરચામાં કાઉન્સિલરો પુષ્પાબેન વાઘેલા, બાળુ સુર્વે, અગ્રણી ભીખાભાઇ રબારી સહિત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા અને મ્યુનિસિપલ કમિશનર હાજર ન હોવાથી ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપ્યું હતું.

# વીક એન્ડ

## સ્પોર્ટ્સ વુમન

સાશા
feedback@bombaysamachar.com

# સ્મૃતિ મંધાનાઃ કરોડો ક્રિકેટપ્રેમીઓના સ્મૃતિપટ પર અંકિત થઈ ગઈ છે!

### ૧૨ વર્ષથી ભારતનું નામ રોશન કરતી સ્ટાઈલિશ ઓપનર ત્રણેય ફૉર્મેટમાં સદી ફટકારનારી એકમાત્ર ભારતીય મહિલા ક્રિકેટર છે

ભારતીય ક્રિકેટરોનો જાણે ઇંગ્લૅન્ડમાં સુવર્ણકાળ ચાલી રહ્યો છે. અલગ ફૉર્મેટ તો ઠીક, ભિન્ન કૅટેગરીમાં રેકૉર્ડ-બ્રેકિંગ પર્ફોર્મન્સ જોવા મળી રહ્યા છે. એક તરફ શુભમન ગિલના સુકાનમાં ટીમ ઇન્ડિયા ટેસ્ટ-સિરીઝ રમવા માટે ઇંગ્લૅન્ડના પ્રવાસે ગઈ છે, જ્યારે બીજી તરફ હરમનપ્રીત કૌરની કૅપ્ટન્સીમાં અને સ્મૃતિ મંધાનાની વાઇસ-કૅપ્ટન્સીમાં ભારતની મહિલા ક્રિકેટરો ટી-૨૦ સિરીઝ રમી રહી છે. એટલું જાણે પૂરતું ન હોય એમ, ભારતના છોકરાઓની અન્ડર-૧૯ ટીમ વન-ડે સિરીઝ પણ બ્રિટિશ ધરતી પર જ રમી રહી છે. ક્રિકેટના રસિયાઓને જાણે થાળીમાં અલગ પ્રકારની વાનગી પીરસવામાં આવી છે.

લીડ્સની પ્રથમ ટેસ્ટમાં રિષભ પંતે બન્ને દાવમાં સેન્ચુરી ફટકારીને તેમ જ સાતમી ટેસ્ટ-સદી પૂરી કરીને ભારતીય વિકેટકીપરોમાં મહેન્દ્રસિંહ ધોનીનો વિક્રમ તોડવા ઉપરાંત બીજા નાના-મોટા રેકૉર્ડ પણ રચ્યા ત્યાં જસપ્રીત બુમરાહે વિદેશમાં ૧૨મી વખત દાવમાં પાંચ કે વધુ વિકેટની સિદ્ધિ મેળવીને કપિલ દેવની બરાબરી કરી હતી. એજબૅસ્ટનમાં ચાલી રહેલી બીજી ટેસ્ટમાં શુભમન ગિલે સિલસિલાબંધ વિક્રમો ખડકી દીધા છે. જુનિયર્સની વાત કરીએ તો ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશીએ ઇંગ્લૅન્ડની અન્ડર-૧૯ ટીમ સામેની એક મૅચમાં નવ સિક્સર ફટકારીને એક વન-ડેમાં હાઇએસ્ટ છગ્ગા ફટકારવાનો નવો ભારતીય વિક્રમ નોંધાવ્યો છે. ઇંગ્લૅન્ડની અન્ડર-૧૯ ટીમ કુલ આઠ સિક્સર ફટકારી શકી એની સામે એકલા વૈભવે નવ છગ્ગા માર્યા હતા.

આ રહ્યો સારાંશ હાલમાં ઇંગ્લૅન્ડમાં રમી રહેલા ભારતીય ક્રિકેટરોનો અને એમાં આ લેખમાં આપણે ખાસ કરીને સ્મૃતિ મંધાનાના વિક્રમો અને સિદ્ધિઓ તેમ જ તેને લગતી બીજી વાતો કરવાની છે. ૨૮મી જૂને નૉટિંગમમાં વિમેન ઇન બ્લૂએ ઇંગ્લૅન્ડ સામે ૯૭ રનથી જે શાનદાર જીત મેળવીને સિરીઝમાં ૧-૦થી સરસાઈ મેળવી લીધી હતી એમાં સ્મૃતિ મંધાના સુપરસ્ટાર હતી.

ભારતે પાંચ વિકેટે ૨૧૦ રન કર્યા પછી બ્રિટિશ મહિલા ટીમ માત્ર ૧૧૩ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. ઇંગ્લૅન્ડની આખી ટીમ જેટલો સ્કોર સ્મૃતિ મંધાના (૧૧૨ રન, ૬૨ બૉલ, ત્રણ સિક્સર, સોળ ફોર) નોંધાવી ચૂકી હતી. સ્મૃતિમાં કેટલી કાબેલિયત અને ક્ષમતા છે એ ઇંગ્લૅન્ડની ટીમે અને બ્રિટનના ક્રિકેટ મોવડીઓએ તેમની જ ધરતી પર જોઈ લીધી હતી. શ્રેણીની એ પ્રથમ ટી-૨૦ના વિજયનો સંપૂર્ણ શ્રેય સ્મૃતિને જાય છે.

સ્મૃતિના ૧૧૨ રન ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં હવે ભારતીય મહિલા ખેલાડીઓમાં હાઇએસ્ટ છે. તેણે તેની જ કૅપ્ટન હરમનપ્રીત કૌરનો ૧૦૩ રનનો વિક્રમ તોડ્યો છે. એ તો ઠીક, પણ સ્મૃતિએ એવી સિદ્ધિ હાંસલ કરી જે અગાઉ ભારતીય મહિલા ક્રિકેટરોમાં કોઈએ નહોતી મેળવી. સ્મૃતિ એકમાત્ર ભારતીય મહિલા ક્રિકેટર છે જેણે આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટના ત્રણેય ફૉર્મેટ (ટેસ્ટ, વન-ડે, ટી-૨૦)માં સેન્ચુરી કરી છે. ટેસ્ટમાં તેની બે સેન્ચુરી અને વન-ડેમાં ૧૧ સેન્ચુરી હતી અને હવે ટી-૨૦માં પણ સદી ફટકારી દેતાં તેની યશકલગીમાં વધુ એક પીછું ઉમેરાયું છે.



સ્મૃતિએ આંતરરાષ્ટ્રીય ટી-૨૦ કરીઅર ૨૦૧૩માં શરૂ કરી હતી, પરંતુ આ ફૉર્મેટમાં સેન્ચુરી સુધી પહોંચતાં તેને ૧૨ વર્ષ લાગ્યા. આ આશ્ચર્ય જરૂર છે, પણ આકર્ષક સ્ટ્રાઇક-રેટ (સરેરાશ દર ૧૦૦ બૉલ દીઠ બનાવેલા રન) સાથે બૅટિંગ કરતી આ ઓપનરની વન-ડે ક્રિકેટમાં ૧૧ કરતાં ઘણા વધુ સદી હોવી જોઈતી હતી. એનું ખાસ કારણ એ છે કે લગભગ ૧૨ વખત તે ૭૦ કે એનાથી વધુ રન કરી ચૂકી છે અને સદી સુધી નથી પહોંચી શકી. બીજી નવાઈની વાત એ છે કે ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં સ્મૃતિ ૩૦ હાફ સેન્ચુરી નોંધાવી ચૂકી છે અને એમાંથી એક પણ ફિફ્ટીને સેન્ચુરીમાં નહોતી ફેરવી શકી.

> સ્મૃતિ મંધાનાએ ત્રણેય ફૉર્મેટમાં સદી ફટકારવાનો ભારતીય વિક્રમ કર્યો છે.

ખુદ સ્મૃતિ મંધાના આ વિશે કહે છે, 'ટી-૨૦માં સેન્ચુરી કરવામાં મને ખાસ્સો સમય લાગ્યો. મને ટી-૨૦માં ૭૦-૮૦ના સ્કોર પર આઉટ થવાની જાણે આદત પડી ગઈ હતી. ઇંગ્લૅન્ડની આ ટૂર પહેલાં સાથી ખેલાડીઓ સાથેની વાતચીતમાં મેં તેમને કહેલું કે બસ, હવે બહુ થયું...હવે તો મારે કોઈ પણ ભોગે સેન્ચુરી કરવી જ છે. આ સેન્ચુરી માટે મેં બહુ સારી પૂર્વતૈયારી કરી હતી અને ટ્રેન્ટ બ્રિજની પિચ પણ ઘણી સારી હતી. મેદાન પર ત્યારે પવન જે રીતે ફૂંકાઈ રહ્યો હતો અને દિશા અને ગતિને બરાબર ધ્યાનમાં રાખીને મેં બૅટિંગ કરી હતી જેમાં ખાસ કરીને શૉટના ટાઇમિંગ પર ખાસ લક્ષ આપ્યું હતું.

ખરેખર તો સ્મૃતિ મંધાના પિચ પર પોતાના બૅટથી જાણે શાયરી પેશ કરી રહી હોય એ રીતે બૅટિંગ કરતી હોય છે. ભારતના ક્રિકેટપ્રેમી હોય કે વિશ્વના બીજા કોઈ પણ દેશના ક્રિકેટલવર હોય, તેને સ્મૃતિની બૅટિંગ જોવી અચૂક ગમી જાય. છેલ્લા એક દાયકામાં સ્મૃતિને બૅટિંગ કરતી જોતાં એવું લાગ્યું છે કે જાણે 'પૉએટ્રી ઇન મૉશન છે'. તે પીઢ ક્રિકેટર હોવાને કારણે ટીમની યુવા ખેલાડીઓ માટે પ્રેરણા તો છે જ, ભારતની દરેક મૅચ અને પ્રત્યેક સિરીઝમાં તે આશાનું કિરણ બની જતી હોય છે. તેની કલામાં હંમેશાં ક્લાસ (ગુણવત્તાનું ઉચ્ચ સ્તર) અને કન્વિક્શન (દૃઢ વિશ્વાસ) જોવા મળે છે. આઇસીસી ટી-૨૦ વિશ્વ કપમાં સ્મૃતિ પોતાની ક્ષમતાને અનુરૂપ પર્ફોર્મ નહોતી કરી શકી, પરંતુ ૨૦૨૪માં તે જે ૧૩ વન-ડે રમી હતી એમાં તેણે ચાર સેન્ચુરીની મદદથી કુલ ૭૪૭ રન ખડકી દીધા હતા જે એ કૅલેન્ડર યરમાં રમી ચૂકેલી વિશ્વભરની બૅટર્સમાં સૌથી વધુ હતા.

જૂન ૨૦૨૪માં ભારતે જ્યારે દક્ષિણ આફ્રિકાના સૂપડાં સાફ કરી નાખ્યા (૩-૦થી વિજય મેળવ્યો) એ શ્રેણીમાં સ્મૃતિએ બૅક-ટુ-બૅક બે સદી ફટકારી હતી. ત્યાર બાદ ઑક્ટોબરમાં ન્યૂ ઝીલૅન્ડ સામે તેણે ૧૨૨ બૉલમાં સદી ફટકારી હતી જે ભારત માટે નિર્ણાયક સાબિત થઈ હતી. સ્મૃતિનું બૅટ માત્ર ઘરઆંગણાની પિચો પર જ ચાલે છે એવું નથી. ડિસેમ્બર, ૨૦૨૩માં પર્થમાં તે ૧૦૫ રનની શાનદાર ઇનિંગ્સ રમી હતી. વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની સૌથી મોંઘી (૩.૪૦ કરોડ રૂપિયા) ખેલાડી સ્મૃતિ મંધાનાને આઇસીસીએ ૨૦૨૪માં પ્લેયર ઑફ ધ યર ઘોષિત કરી હતી.

સ્મૃતિ મંધાના નવી પેઢીની મહિલા ખેલાડીઓ માટે રોલ મૉડેલ છે અને તેના પર્ફોર્મન્સ છોકરીઓને ક્રિકેટ રમવા તેમ જ સ્ટેડિયમમાં કે ટીવી ક્રિકેટની મૅચો જોવા પ્રેરિત કરે છે. તે લેફ્ટ-હૅન્ડ બૅટર છે એટલે સ્વાભાવિક છે કે સ્ટાઇલિશ તો છે જ, તેની બૅટિંગ-ટેક્નિક પણ આકર્ષક છે અને શૉટ મારવાનું તેનું ટાઇમિંગ તો જાણે મખમલી ટચ જેવું છે. સ્મૃતિ માત્ર નવ વર્ષની હતી ત્યારે મહારાષ્ટ્ર અન્ડર-૧૫ ટીમમાં તે સિલેક્ટ થઈ હતી. ૧૧ વર્ષની થઈ ત્યારે અન્ડર-૧૯ વર્ગની ટીમ વતી રમવા લાગી હતી અને ૧૬ વર્ષની થઈ ત્યારે ભારતની અન્ડર-૧૯ ટીમની કૅપ્ટન બની ગઈ હતી. આ ૨૦૧૨ની વાત છે અને એ જ વર્ષમાં તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. એ અરસામાં તેણે એક ઇન્ટરવ્યૂમાં પારસી સમાજનાં લેજન્ડરી મહિલા ક્રિકેટર ડાયના એદલજી વિશે કહ્યું હતું કે 'તેઓ મારાં સૌથી મનગમતાં ક્રિકેટર છે.' જોકે સ્મૃતિએ ૬૮ વર્ષના ડાયના એદલજી ઉપરાંત ૭૦ વર્ષીય શાંતા રંગાસ્વામી, ૪૧ વર્ષીય ઝુલન ગોસ્વામી તેમ જ ૩૫ વર્ષીય હરમનપ્રીત કૌરને પણ પોતાના મનપસંદ મહિલા ક્રિકેટર્સ તરીકે ઓળખાવ્યાં હતાં. આજે ખુદ સ્મૃતિ યુવા પેઢી માટે રોલ મૉડેલ બની ગઈ છે. નવાઈની વાત એ છે કે સ્મૃતિ પોતે જેને પોતાની આદર્શ માને છે એ ઝુલન ગોસ્વામી સાથે તે ઘણી મૅચો રમી ચૂકી છે અને હરમનપ્રીત કૌરની તે ડેપ્યૂટી છે. ■



સ્મૃતિ મંધાનાનો બૉયફ્રેન્ડ પલાશ મુચ્છલ બૉલિવૂડનો જાણીતો સંગીતકાર, સિંગર અને ડિરેક્ટર છે. તે જાણીતા મ્યૂઝિક કમ્પોઝર પલક મુચ્છલનો ભાઈ છે.

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# ઓવાકુડાની - હાકોનેમાં ઊકળતી ખીણ...

**જાપાનમાં** તમે આઇટનરરી ધારો એટલી પેક્ડ બનાવી શકો. એક વાત નક્કી હતી, ત્યાં પહોંચીને પણ ઘણા અવનવા ફેરફારો માટે પ્લાન ફ્લેક્સિબલ રાખવા જરૂરી બની જાય છે. જેમ કે એક વાર હાકોને યુમોટો પહોંચીને ઇચ્છા થઈ આવેલી કે અહીં કમ સે કમ એક રાત રોકાઈ જવું જોઈતું હતું. જોકે ત્યાં વેધર બગડ્યું અને ફુજી ક્યાંયથી પણ ન દેખાયો પછી લાગ્યું કે રોકાવાને બદલે બીજા દિવસનો કાવાગુચિકોનો નવો પ્લાન જ અમારા માટે વધુ યોગ્ય હતો. માઉન્ટ ફુજીના વ્યૂ જોવા માટે આમ પણ ઘણાં ઓપ્શન્સ છે. હાકોનેથી ફુજી જોવા મળી જ જાય તો એ બોનસ જ બની રહેવાનું હતું. તે સમયે અમે હાકોને-યુમોટાથી ટોગેન્ડાઇ પોર્ટ જતી બોટમાં લેક આશી પર સરકી રહ્યાં હતાં ત્યારે પવન એટલો ઠંડો પડી ગયો હતો કે એક સમયે તો લાગ્યું કે ઓડાવરાથી ટોગન્ડાઇ સુધી જતી ડાયરેક્ટ એન્કલોઝ્ડ બસ જ લઈ લેવા જેવી હતી. બપોર થવા સાથે ઠંડી વધતી ચાલી હતી. ખાસ તો તેમાંય માઉન્ટ હાકોને પર સ્નો વચ્ચે વિતાવેલા સમય દરમ્યાન તો લાગ્યું કે અહીં વિન્ડશીટરનાં ત્રણેય લેયર પણ લઈ આવવા જેવું હતું.

ટોગન્ડાઈ પોર્ટ આવ્યું પછી બોટની એક્ઝિટ બરાબર માઉન્ટ હાકોને જતી કેબલકારના બિલ્ડિંગમાં જ હતી. અહીં કેબલકારની લાઇનો લાંબી ને લાંબી થતી જતી હતી. અમારા ઉપરાંત અહીં બીજી બે બોટ્સ આવેલી. બધાં આખાય જાપાનની જેમ અહીં પણ ડિસિપ્લિનથી લાઈન લગાવીને ઊભાં હતાં. કેબલકાર આમ તો દરેક મિનિટે જતી હતી. લાઇનને સાચી દિશામાં ગાઈડ કરવા માટે આયોજકોનો સ્ટાફ પણ ત્યાં શિસ્તબદ્ધ રીતે કામ કરી રહ્યો હતો. એટલું જ નહીં, જ્યાં પણ થોડો કચરો દેખાય ત્યાં સૂટ પહેરેલાં માણસો આવીને તેને સાફ કરી જતાં હતાં. ટૂરિસ્ટનું મિશ્રણ પણ ઘણું અનોખું હતું. અમારી આગળ યુરોપની જ કોઈ અજાણી ભાષા બોલતી પાંચ-છ યુવતીઓનું ગ્રુપ હતું. સાથે જાપાનીઝ પરિવારો પોતાનાં બાળકોને લઈને આવેલાં. ઘણાં ચાઇનિઝ ટૂરિસ્ટ પણ નજરે પડતાં હતાં. ભારતીય ટૂરિસ્ટનું તો એક મોટું ગ્રુપ પોતાની બસ અને પોતાની બોટમાં આવેલું. અમારી લાઈનનાં મિક્સમાં પણ થોડાં ભારતીય લોકો હતાં જ.

થોડી જ વારમાં કેબલકારનું ગોન્ડોલા આવી ગયું અને અમે લાઇનમાંથી ગોન્ડોલામાં આવી ગયાં. અંદર બેસી શકે તેટલાં જ લોકો હતાં, એટલે બધાંને સારો વ્યૂ તો મળી જ રહેવાનો હતો. ખાસ તો આ પહેલા સ્ટ્રેચ પછી ગોન્ડોલાની બારીમાંથી ફુજી દેખાવાની આશા હતી, પણ વાદળો એટલાં ગાઢ હતાં કે અહીંથી ફુજી ખરેખર કેવો દેખાય છે તેનો તો અમે માત્ર ફોટો જ જોઈ શકેલાં. થોડી જ વારમાં ઓવાકુડાની આવી ગયું. ઘણાં માટે હાકોનેની મુખ્ય હાઇલાઈટ જ આ સ્ટોપ હોય છે. અમે પણ થોડી વાર સમય વિતાવ્યો પછી લાગ્યું કે માત્ર આ અનુભવ માટે પણ હાકોને આવવાનું લેખે લાગ્યું હતું. આ ઓવાકુડાની ત્યાંના લાવામાં રંધાયેલાં એગ્સ અને વોલ્કેનોની આસપાસની હાઇક ટ્રેલ એકદમ અનોખા અનુભવોથી ભરેલું છે.

ઘણાં અહીં ઓવાકુડાની પર આવેલા રિસોર્ટમાં રહેવાનું પણ પસંદ કરે છે. અમે ત્યાં કેબલકારથી બહાર નીકળીને સીધાં મોટા મોલ જેવા વિસ્તારમાં પહોંચી ગયાં. ત્યાં ઘણાં અનોખા સુવિનિયર તો હતાં જ, સાથે એક તરફ એક કાઉન્ટર પર પાંચસો યેનમાં એક પેકેટમાં લાવામાં પકવેલાં એગ્સનો નાસ્તો મળતો હતો. બધાં ખાસ ત્યાં લાઇન લગાવીને ઊભાં હતાં. મજાની વાત એ હતી કે ત્યાં લાવામાં એગ્સ કાળાં થઈ જતાં હતાં અને એવાં કાળાં એગ્સનાં શિલ્પ આ વિસ્તારમાં બે તરફ લગાવેલાં હતાં. ત્યાં ફોટા પડાવવા માટે પણ લોકોની લાઈનો લાગી હતી. અહીં એગ્સની ઉજાણી કરીને અમે આ રિજનની સ્થાનિક મોચી પણ ચાખી. તે પછી એક નાનકડી હાઇક કરવાનો સમય હતો.

અમે તો ત્યાં સાઇનવાળા રસ્તાને વળગી રહ્યાં અને માંડ એકાદ કલાક જેવું ત્યાં રહ્યાં. ત્યાં જે લોકો લાંબું રોકાતાં હોય, તે લોકો માટે ખાસ દર અડધા કલાકે દિવસ દરમ્યાનની ગાઈડેડ ટૂર લેવા જેવી છે. અમે તે ગાઇડેડ ટૂર સુધી તો ન પહોંચ્યાં પણ આ પહાડ જાણીતો જરૂર લાગવા માંડ્યો હતો. આ નાનકડી ટ્રેલ માટે પણ અમારે બુકિંગ કરાવવું પડ્યું હતું. ખાસ તો એટલા માટે કે આ વિસ્તાર એટલો જોખમી છે કે ત્યાં લોકોને પોતાની રીતે ફરવા દેવાનું જોખમી બની શકે.

ઓવાકુડાનીનાં સલ્ફરના ધુમાડા, ગરમ ઝરા, ગરમ નદી, બધું જ અનુભવવાનો તો મોકો ના મળ્યો, પણ કેબલ કારના પછીના પડાવ પર ત્યાંના ગરમ ઝરાના પાણીમાં પગ બોળવાનો મેળ જરૂર પડી ગયો. ખાસ તો બિલ્ડિંગના એરિયામાં આવી ગયાં પછી આ ત્રીજા પડાવ પર બાલ્કની જેવા વિસ્તારમાં અમે ત્યાં માત્ર ફુજીના વ્યૂ માટે પ્રવેશેલાં. ત્યાં એક નહેર જેવો સેટ અપ હતો. ત્યાં ટેબલ પર બેસીને લોકો પોતાનો થાક ઉતારી રહ્યાં હતાં. અમે પણ તેમાં જોડાઈ ગયાં. અત્યાર સુધીમાં આ ટ્રિપમાં રોજનાં ૨૫,૦૦૦થી વધુ સ્ટેપ થતાં હતાં, એવામાં થોડી વાર માટે ક્યાંક બેસીને ગરમ પાણીમાં પગ બોળવા મળી જાય તેવી કલ્પના નહોતી કરી. ત્યાં અમે ધાર્યાં કરતાં ઘણું વધારે રોકાઈ ગયેલાં. એ જગ્યાએ ગુજરાતી બોલતી એકલી આવેલી એક છોકરી સાથે થોડી આસપાસનાં વાતાવરણની ગપશપ પણ કરી લીધી હતી. હજી તો આખી ટ્રિપ ઠેર ઠેર ગુજરાતી પ્રવાસીઓ સાથે કેચ-અપ કરવામાં નીકળવાની હતી. તે સમયે હાકોને પર્વત પર જરાય નહોતું ધાર્યું કે ફુજી શેપનાં કપ્સ અને કાળાં એગ્સ વચ્ચે અહીંના વાતાવરણ અને પ્રવાસની હાડમારી વિષે કોઈની સાથે ગુજરાતીમાં વાત કરવાનો મેળ પડી જશે.

ઓવાકુડાનીમાં છેલ્લે વોલ્કેનો ફાટ્યો તો છેક ૩૦૦૦ વર્ષ પહેલાં હતો, પણ ત્યાં પાણી આજે પણ ઊકળી રહ્યું છે. એટલે જ તેને બોઇલિંગ વેલી તરીકે ઓળખાવાય છે. અમને તો ત્યાંનું પાણી પ્રવાસનાં ઉધમ વચ્ચે આરામ આપી ગયું હતું. હજી માઉન્ટ હાકોનેની આસપાસનાં એડવેન્ચરમાં નવા અનુભવોનો વારો હતો. ■












## ભાત ભાત કે લોગ


જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# ઈશ્વરમાં નથી માનતા એવા લોકોય ભૂતમાં માને છે!

### દુનિયાના દરેક સમાજમાં મૃત્યુ સાથે જોડાયેલી વિભિન્ન અંધશ્રદ્ધા જોવા મળે છે

જગતમાં અનેક પ્રકારની સંસ્કૃતિ છે. દરેકના આરાધ્ય દેવ જુદા જુદા છે. કેટલીક સંસ્કૃતિ-સમાજમાં તો 'ગોડ' જેવો કન્સેપ્ટ જ નથી. કમાલની વાત એ છે કે જે ઈશ્વરને નથી માનતા એમની લોકકથાઓમાં પણ ભૂતોની-પરાભૌતિક વિશેની વાતો આવે છે. અંધશ્રદ્ધાને લઈને તો પશ્ચિમના દેશોની 'સુધરેલી' ગણાતી પબ્લિક પણ આપણા કરતાં ચાર ચાસણી ચડે એમ છે. ઘણા સ્વદેશીઓ યમરાજને કાલ્પનિક અને પોતાને ભણેલા-ગણેલા માનીને હરખાય છે, પણ યમરાજ જેવું જ એક પાત્ર યુરોપમાં ય પ્રચલિત છે, જે આત્માને શરીરથી અલગ કરીને પોતાની સાથે લઇ જાય છે....

'ગ્રીમ રીપર' (Grim Reaper) તરીકે ઓળખાતું એ પાત્ર પશ્ચિમી સંસ્કૃતિમાં મૃત્યુનું પ્રતીક છે. હાથમાં દાતરડું પકડેલા ગ્રીમ રીપરને એક કાળા ઝભ્ભામાં ઢંકાયેલા હાડપિંજર તરીકે તમે અનેક ફિલ્મોમાં જોયું હશે. ગ્રીમ રીપરનું નામ અને દેખાવ યુરોપિયન લોકકથાઓ, ખાસ કરીને મધ્યયુગીન સમયથી ઉદભવ્યું છે. હકીકતે પરાભૌતિક, ભૌતિકશાસ્ત્ર, લોકસાહિત્ય...આ બધું એકબીજા સાથે બહુ મજબૂત તાણાવાણા ધરાવે છે.



તમે 'બાંશી નામની એક છોકરી' વિષે સાંભળ્યું છે? જાણીતા ગુજરાતી લેખક મધુ રાયનો આ નામનો વાર્તાસંગ્રહ છે. આપણે અહીં એની વાત નથી કરવી. આયરિશ લોકવાયકા પ્રમાણે બાંશી (banshee) નામની છોકરી કોઈ માનવ નહીં, પણ એક પરાભૌતિક (પેરાનોર્મલ) તત્ત્વ છે. જો તમને બાંશીના રડવાનો અવાજ સંભળાય તો નક્કી જાણજો કે નજીકના ભવિષ્યમાં તમારું મૃત્યુ નિશ્ચિત છે એવી દ્રઢ માન્યતા આયરિશ લોકોમાં છે. આપણા સાહિત્યમાં પણ આવી રીતે ભૂતના-કોઈક પરાલૌકિક તત્ત્વના રુદન સાથે મૃત્યુની એંધાણીને જોડતી કથાઓ વણાયેલી છે. 'સૌરાષ્ટ્રની રસધાર' માં આવતી ચાંપરાજ વાળાની વાર્તામાં મૃત્યુ ભાખી લીધા પછી રુદન કરતી અપ્સરાની વાત આવે છે. જો કે એની સાપેક્ષે આયર્લેન્ડની બાંશી ખાસ્સી ડરામણી છે. એથીય ડરામણી માન્યતા છે 'ફેન્ટમ ફ્યુનરલ' વિશેની.

ફેન્ટમ ફ્યુનરલ એટલે ભૂતોની અંતિમયાત્રા. આ વિભાવના ફક્ત બ્રિટિશ ટાપુઓ સુધી મર્યાદિત નથી. જર્મની અને સ્વિટ્ઝર્લેન્ડમાં પણ આવી અનેક વાયકા - કથાઓ છે. કોઈ વાર એવું બને કે તમને મોડી સાંજે અથવા રાત્રિના અંધકારમાં નિર્જન રસ્તેથી અંતિમયાત્રા પસાર થતી દેખાય. એમાં કોફિન ઊંચકીને ચાલતા, મરશિયા ગાતા લોકો જોવા મળે. અંતિમયાત્રામાં કેટલાક જાણીતા ચહેરા ય તમને દેખાય એમ બને. હકીકતે આ આખી ભૂતાવળ જ હોય છે!

આખી શબયાત્રા જ પરાભૌતિક હોય અને તમારા સિવાય બીજા કોઈને એ દેખાય જ નહિં, તો શું સમજવાનું? એ જ કે તમારી પાસે કોઈ વિશેષ શક્તિ છે, જેના કારણે તમે પરાભૌતિક દુનિયા સાથે સંકળાયેલા છો. અને આ દુનિયા તમને કોઈક ઓળખીતી વ્યક્તિના મૃત્યુનો સંદેશ આપવા માગે છે. આવી અલૌકિક શબયાત્રાને 'ફેન્ટમ ફ્યુનરલ' કહેવાય.

એવા ઘણા લોકો મળી આવે છે જેમણે ફેન્ટમ ફ્યુનરલના દર્શન કર્યા છે. એટલું જ નહિ,થોડા જ દિવસો બાદ એ જ રસ્તા ઉપરથી પસાર થતી અદ્દલોઅદ્દલ એવી જ અસલી શબયાત્રા પણ જોઈ હોય. તમને ય સપનામાં કોઈ સ્વજનની અંતિમયાત્રા દેખાય અને થોડા જ દિવસો પછી એ સ્વજન ખરેખર મૃત્યુ પામે તો? બસ, આ એવું જ કંઈક છે. તમે એને મૃત્યુનું પૂર્વદર્શન કહી શકો.

બીજી બાજુ, માન્યતા તો એવી ય છે કે જો કોઈ ભડનો દીકરો અડધી રાત્રે દેખાતી ફેન્ટમ યાત્રામાં સામેલ થઈ, કોફિન ખોલીને મરનારનો ચહેરો જોવાની કોશિશ કરે તો એને પોતાનો જ ચહેરો દેખાય. અને પછી થોડા જ દિવસમાં એની ખુદની સ્મશાનયાત્રા નીકળી જાય! આ બધું ખરેખર સાચું હશે?

અન્ય એક માન્યતા ત્રણના આંક સાથે સંકળાયેલી છે. યુદ્ધમેદાને દરેક વસ્તુની તંગી હોવાની એટલે માચીસ જેવી ક્ષુલ્લક ચીજ પણ બહુ સાચવીને વાપરવી પડે. ક્યારેક ધૂમ્રપાન કરવા ટોળે વળેલા સૈનિકો એક જ માચીસથી બને એટલી વધુ સિગરેટ સળગાવી લેતા હોય છે, પણ ક્રિમીઅન વોરના સમયથી સૈનિકોમાં એવી અંધશ્રદ્ધા પ્રવર્તે છે કે કદી એક જ માચીસથી જો ત્રણની સિગારેટ પેટાવી તો ગયા કામથી! દુશ્મનના હાથે ત્રણેય સૈનિકનું મૃત્યુ નિશ્ચિત! બારણે પડતા ત્રણ ટકોરા પણ મૃત્યુ સાથે સંકળાયેલા છે. કોઈ આવ્યું ન હોય છતાં જો તમને બારી કે બારણા પર ત્રણ વખત ટકોરા મારવાનો અવાજ સંભળાય તો માનવું કે આપણી ટિકિટ ફાટી ચૂકી છે.!

અહીં વધુ એક સર્જક અશ્વિની ભટ્ટ યાદ આવી જાય એવી હોન્ટેડ સ્ટોરીઝ અરીસા સાથે જોડાયેલી છે. અશ્વિની ભટ્ટે 'આયનો' નામથી લોકપ્રિય હોરર નવલકથા લખેલી. પણ જગત આખાના તાંત્રિકો-પરાભૌતિકવાદીઓ અરીસાને બહુ મહત્ત્વની ચીજ ગણે છે. બ્લડી મેરી સહિતના અનેક બિહામણાં પાત્રોની કથાઓ અરીસા સાથે જોડાયેલી છે. કહેવાય છે કે જ્યાં સુધી બાળક એક વર્ષનું ન થાય ત્યાં સુધી એને અરીસો દેખાડવો નહિં. નહિતર બાળક કમોતે મરે....

યુરોપિયન્સ સહિતની અનેક પ્રજાઓ માને છે કે બે અરીસા કદી સામસામે ન મૂકવા. અરીસાને ભૂતોની અવરજવર માટેના માધ્યમ તરીકે પણ જોવામાં આવે છે. એક જ રૂમમાં બે મિરર મૂકેલા હોય તો ડાહ્યા માણસો બંને અરીસાને કપડા વડે ઢાંકીને રાખવાનું સૂચન કરે છે. જો બે અરીસા એકબીજાનું પ્રતિબિંબ ઝીલે એ રીતે સામસામે મૂક્યા હોય તો 'ભૂતિયા પેસેજ'ની રચના થઇ જાય! પછી અરીસામાં ફસાયેલી બૂરી આત્માઓ એ રૂમમાં હંમેશ માટે રહી પડે!

વિકસિત દેશોમાં 'ફ્રાય ડે ધ થર્ટીન્થ'થી માંડીને ઉપરોક્ત પ્રકારની અંધશ્રદ્ધાઓની એટલી બધી કથાઓ છે કે એની સામે આપણી ભારતીય પ્રજા ય ક્યારેક 'રેશનલ' લાગે. કેટલાક દેશોમાં તો ઘરમાં ઘૂસી ગયેલા ભૂતને કન્ફ્યુઝ કરવા માટે વાંકાચૂકા દાદર બનાવવાનો ય રિવાજ હતો, બોલો!

આમે ય શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે પાતળી ભેદરેખા હોય છે.

આ બધી વાતમાં તમે જેટલા ઊંડા ઊતરો એટલી વધારે બીક લાગે. જો કે મૃત્યુ-પરાભૌતિક બાબતો વિશેની એકસરખી અંધશ્રદ્ધાઓ, એકસરખા પાત્રો અને વાયકાઓ દુનિયાની દરેક સંસ્કૃતિમાં જોવા મળે છે. એની પાછળ કયું કારણ હશે?

અ રે, એક મિનિટ, મોડી રાત્રે આ લેખ લખી રહ્યો છું ત્યારે બહાર કોઈકના રડવાનો અવાજ સંભળાય છે. લાગે છે કે કોઈ સ્ત્રી 'ઠક... ઠક... ઠક' કરીને દરવાજો ઠોકીને બોલાવી રહી છે. હું તપાસ કરીને આવું પછી રૂંવાડા ઊભા થઇ જાય એવી એક હોરર માન્યતા વિષે લખવાનો છું...! ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# વરસાદનાં પાણીનો નિકાલ







મૂળમાં આ વિચાર જ અયોગ્ય છે. વરસાદનું પાણી એ નિકાલ કરવા જેવો બગાડ નથી, તે તો સંપત્તિ સમાન કુદરતનો આશીર્વાદ છે. પોતાની પાસે રહેલી સંપત્તિનો જેમ નિકાલ કરવાનો ન હોય, પણ ઉપયોગ કરવાનો હોય તેમ વરસાદના પાણીનો પણ નિકાલ કરવાની વાત ન કરાય, તેનો ઉપયોગ કેવી રીતે થઈ શકે, તેની ચર્ચા થવી જોઈએ. જો કે આજે પરિસ્થિતિ એ પ્રમાણેની છે કે વરસાદના પાણીના નિકાલ વિશે સમાજ અને સત્તાધીશો ચિંતિત રહે છે.

પ્રશ્ન આપણે જ ઊભો કરેલો છે. ગમે ત્યાં બાંધકામ કરેલું છે, ગમે ત્યાં પુરાણ કરેલું છે, ગમે ત્યાં આડાશ ઊભી કરી દીધી છે અને એ બધા પછી કોઈ અસરકારક વૈકલ્પિક વ્યવસ્થા ઊભી નથી કરાઈ. મોટા વિસ્તારમાં, મોટા શહેરોમાં આવી વૈકલ્પિક વ્યવસ્થા બહુ મુશ્કેલ અને જટિલ રહે. તેની અસરકારકતા પણ સામાન્ય વરસાદ સુધીની જ હોય. જ્યારે વરસાદની માત્રા વધી જાય ત્યારે આ વ્યવસ્થા વામણી સિદ્ધ થાય. આની બધાને ખબર છે. છતાં પણ આજની તારીખે પણ, ભારતના પ્રત્યેક શહેરમાં, વરસાદના કુદરતી પ્રવાહ અવરોધવાની પ્રક્રિયા ચાલુ જ છે.

બધા બૂમો પાડે છે. બધાને તકલીફ પડે છે. બધાને નુકસાની વેઠવી પડે છે. આ બધા પાછળનું કારણ પણ બધાને ખબર છે. બધા પાસે ઉકેલ માટેની સમજ પણ છે. છતાં પણ પરિણામ કશું નથી આવતું. બધા થોડાક સમય માટે સત્તાધીશોને આમતેમ સંભળાવી અંતે પોતપોતાના કામે ચડી જાય છે. કોઈ લાંબા ગાળાના કાયમી ઉકેલ માટે પ્રયત્ન નથી કરતું. બધા જ પાછા પોતપોતાની અનુકૂળતા પ્રમાણે પુરાણ કરતા જાય છે. બધા જે તે જવાબદારી સરકારની છે તેમ માની પોતાનો મનસ્વી વ્યવહાર ચાલુ રાખે છે.

માનવીમાં એટલી બુદ્ધિ તો છે જ કે તે સમજી શકે કે વરસાદનું પાણી કઈ તરફ વહી જશે, અને આગળ જતાં કયાં કુદરતી સ્ત્રોતને મળી શકે. સામાન્ય સરવે - મોજણી દ્વારા તે જાણી શકાય. આ માર્ગમાં કશો અવરોધ ન ઊભો થવો જોઈએ. આ માર્ગની પાણીના વહનની ક્ષમતા પણ ઓછી ન થવી જોઈએ. આ સમગ્ર વહેણ અંતે પાણીના કુદરતી સ્ત્રોત સાથે જોડાઈ જવું જોઈએ. આ બધું સમજવા માટે કોઈ તીક્ષ્ણ કે વિશાળ બુદ્ધિમતાની જરૂર નથી હોતી. સામાન્ય માનવી પણ પાણીના વહેણને થોડા ચિંતનથી સમજી શકે છે.

સરકાર પણ ક્યાંક લાભાર્થી અને મજબૂર છે. લાભાર્થી એટલા માટે કે આ સમગ્ર પરિસ્થિતિમાં ચોક્કસ લોકોને ચોક્કસ પ્રકારનો લાભ થતો હોય છે. મજબૂર એટલા માટે કે આ પરિસ્થિતિના નિવારણ માટે કડક પગલાં લેવા ભારત જેવી લોકશાહીમાં મુશ્કેલ છે. અહીં તો પોતાના ઘરે એક દિવસ પાણી ન મળે તેની માટે સરકાર બદલી નાખવા લોકો તૈયાર થાય છે - તે પણ રાષ્ટ્રહિત બાબતે વિચાર્યા વિના. સમાજની દરેક વ્યક્તિ વરસાદનાં પાણીના નિકાલના પ્રશ્નમાં સમાન રીતે જવાબદાર છે. જે વ્યક્તિ પાસે બગાડ કરવાની સંભાવના નથી તે જ જવાબદાર નથી. બાકી તો અહીં બધા જ કાગડા બધે જ કાળા છે.

મકાનોની પ્લિન્થ ઊંચી થતી જાય છે. રોડનું લેવલ પણ ઊંચું થતું જાય છે. પાણીના ભરાવાથી બચવા દરેક પોતાના પ્લોટમાં પુરાણ કરે છે. બાકી રહેલી જમીન પર લાદી પાથરી દેવામાં આવે છે જેનાથી જમીનની પાણી શોષવાની ક્ષમતા લગભગ શૂન્યવત થઈ જાય છે. વ્યક્તિગત વપરાશ માટે પણ વરસાદના પાણીના સંગ્રહની વ્યવસ્થા નથી પ્રયોજાતી. આમ પણ પાણીના ઉપયોગ કરતાં પાણીના બગાડની સંભાવના વધતી જ જાય છે. જેને કારણે શુદ્ધ પીવા લાયક પાણીની માગ વધે તે સ્વાભાવિક છે. એક બાજુ માગ વધે છે અને બીજું વરસાદનાં પાણીને બગાડ ગણી એના નિકાલની વ્યવસ્થા માટે પ્રયત્ન કરવામાં આવે છે.

જ્યારે સત્તા મંડળ કે સરકાર પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવવામાં ઉણા ઉતરે ત્યારે સામાજિક સંસ્થાઓએ તથા સંવેદનશીલ વ્યક્તિઓએ કાર્ય પોતાના હાથમાં લેવું જોઈએ. વ્યક્તિગત ધોરણે વરસાદનાં પાણીનો ઉપયોગ થઈ શકે તે પ્રમાણેની અસરકારક વ્યવસ્થા વિકસાવામાં આવે તે જરૂરી છે. ગ્રામ્ય વિસ્તારમાં તો તે શક્ય બની શકે પણ શહેરી વિસ્તારમાં અન્ય પ્રકારની જરૂરિયાત રહે. વળી કેટલીક સંસ્થાઓ દ્વારા આ માટે આર્થિક સહાય માટેનું માળખું પણ હોવું જોઈએ. આ પ્રકારના પ્રયત્નને અન્ય રીતે પણ પ્રોત્સાહન મળવું જોઈએ. વરસાદનાં પાણીના ઉપયોગની સંભાવના ને વધારવાની પ્રક્રિયાને રાષ્ટ્રીય કર્તવ્ય તરીકે માન્યતા મળવી જોઈએ. જો વરસાદના પાણીનો ઉપયોગ વધે તો તેના નિકાલની જટિલતા ઓછી થઈ જાય.


ભારતીય પરંપરાગત સ્થાપત્યમાં એવી ઘણી બાબતો જોવા મળે કે જેનાથી વરસાદનાં પાણીના નિકાલની વ્યવસ્થા માટેની સંવેદનશીલતા વધી શકે. હવે તો આ માહિતી સરળતાથી મળી રહે તેમ છે. તેના પર નજર નાખવાની જરૂર છે. તેના પાસેથી શીખવાની જરૂર છે. કુદરતની જે તે બાબતનું સમગ્રતામાં કેવી રીતે આયોજન થઈ શકે એ વાત સમજવા માટે ભારતીય ઉપખંડની બહારના વિસ્તારમાંથી પણ પ્રેરણા મળી શકે તેમ છે. પ્રશ્ન ઈચ્છાશક્તિનો છે. આ પ્રકારના પ્રશ્નોના નિવારણ માટે વ્યક્તિનો સહકાર જોઈએ, સમાજ પાસે દૃષ્ટિ જોઈએ, સત્તા પાસે ઈચ્છાશક્તિ જોઈએ અને સામાજિક સંસ્થાઓમાં ચોક્કસ પ્રકારની કર્તવ્ય-નિષ્ઠા જોઈએ. આ બધું જ એકત્રિત થાય તો ચોક્કસ પરિણામ મળે. આ માટે વ્યવસ્થિત કાયદા અને નીતિનિયમો પણ નિર્ધારિત કરી શકાય. વધુ અસરકારક પરિણામ મેળવવા માટે આ પ્રકારના કાયદાનું ઉલ્લંઘન કરનાર માટે કડક સજાની જોગવાઈ પણ હોવી જોઈએ.

બધું જ શક્ય છે. કરનાર, સ્વીકારનાર અને સહકાર આપનાર, જો આ ત્રણેય પક્ષ એક સાથે રહે તો. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# પાળેલું ડોગી જ બનાય હોં...




લેખનું શીર્ષક વાંચી અને તમને એમ થયું હશે કે હું જિંદગીથી કંટાળીને કટાક્ષ કરું છું. ના. એવું નથી... હું જિંદગી ભરપૂર માણું જ છું, છતાં મને અમુક સંજોગોમાં એવું લાગે છે કે જિંદગી કૂતરા જેવી હોવી જોઈએ* (પરંતુ તેમાં પણ આવી *ફૂદડી પણ ખરી એટલે કે શરતો લાગુ!)

અમે સ્કૂલ સમયના મિત્રો દર છ મહિને ભેગા થઈ અને ભૂતકાળ વાગોળીએ એ વખતે દરેક પરિણીત મિત્ર પોતાનું દુઃખ ભૂલવાનો પ્રયત્ન કરે અને પત્નીઓથી એ ચાર-પાંચ દિવસ આઝાદી મેળવે છે ને આનંદ કરે છે. જોકે, આવું અમે પુરુષો માનીએ છીએ હકીકતમાં તો સ્ત્રીઓ એટલે કે અમારી મિત્રોની એકલૌતી પત્નીઓ જે આનંદ કરતી હોય છે તે જોઈ અમને એવું થાય કે ખરેખર અમે એમને ત્રાસ આપતા હશું કે શું?

હવે મૂળ વાત પર આવું તો પહેલા એક જમાનો હતો જ્યારે કૂતરો ઘરની બહાર બંધાતો અને પરિવારના સભ્યો ઘરની અંદર રહેતા. અત્યારે પરિસ્થિતિ વિપરીત છે. કૂતરા પણ એવા બાદશાહી થઈ ગયા છે કે પરિવારનો એક સભ્ય બહાર ખાટલો નાખીને સૂતો હોય ત્યારે કૂતરા અંદરના એસી રૂમમાં પલંગ પર આળોટતા હોય.

અમારા મિત્ર શૈલેષના ઘરે બે કૂતરાં પાળ્યાં છે. શૈલેષનું કહેવું છે કે બંને અજાણ્યા માણસો ને બહુ કરડે છે એટલે મહેમાનોની સંખ્યા બહુ ઓછી રહે છે, પરંતુ અમે સાથે ભણતા દરેક મિત્રો પરિવારના સભ્યો તરીકે જઈએ છીએ મહેમાનોમાં અમારી ગણતરી ન હોય અને કૂતરાઓ પણ આ વાત સારી રીતે જાણી ગયા છે એટલે શૈલેષને રાહત મળતી નથી.

લોનાવાલા જતાં જ રાત્રે બંગલામાં પહોંચ્યા કે તરત જ એક કૂતરાએ દરવાજા ઉપર જ અમારું સ્વાગત કર્યું. ' આવો.. આવો' ના અવાજો અંદરથી આવ્યા. મેં બહારથી જ પૂછ્યું કે 'તમારું કૂતરું કરડતું નથી ને'? અંદરથી અવાજ આવ્યો : 'ના, અમારું કૂતરું કરડતુ નથી' પરંતુ જેવો મારા દીકરાએ અંદર પ્રવેશવાનો પ્રયત્ન કર્યો કે તરત જ કૂતરાએ ઝીણકું બટકું ભરી લીધું. મેં તરત કહ્યું કે 'આ તો કરડ્યું ' તો મને કહે : 'એ ક્યાં અમારું છે?!'

અંદર પ્રવેશતા પહેલા કૂતરાની બાદશાહી જોઈ કે લગભગ દસથી બાર એની જુદી જુદી જાતની વાનગીઓ બેઠો બેઠો તે આરોગતો હતો. અને તેમાં તેને ડિસ્ટર્બન્સ ઊભું થતાં તેણે આ ચેતવણી આપી હતી. અમને પણ ખૂબ ભૂખ લાગી હતી એટલે તરત જ ડાઇનિંગ ટેબલ ઉપર બેસી ગયા. મુંબઈના અમારા મિત્રોએ આગોતરું આયોજન કરેલું અને અમને પણ એમ થયું હતું કે જો કૂતરાને બાર જાતની વાનગી હોય તો આપણે તો જલસા જ હશે.

અને ટેબલ ઉપર બેસતા જ શૈલેષ અને જયેશ બંને ભાઈએ કહ્યું કે તમે ટ્રેનમાં ખૂબ ખાધું છે. એવા સમાચાર તમે લખ્યા હતા તો હવે એમ થયું કે તમારા પેટ ખૂબ ભરાયેલા હશે એટલે ખીચડી અને કઢી રાખી છે... મેં ખાલી એક નજર કૂતરા તરફ કરી. અહીં પહેલીવાર એમ થયું કે જિંદગી કૂતરા જેવી હોવી જોઈએ. જોકે બીજા દિવસથી સવારના નાસ્તાથી લઈને રાત્રીના જમવા સુધીમાં જલસો જ કર્યો છે તોય કૂતરા જેવો નહીં. અમે એક પલંગ પર ત્રણ જણા સૂઈએ અને કૂતરું સાલું બિન્દાસ સોફા ઉપર એકલું પથરાયેલું હોય જીવ તો બળે જ ને ?! અને કૂતરું એકવાર સૂતું એટલે સૂતું, અમને પણ માંડ ઊંઘ આવી હોય ત્યાં કોક આવીને ઓઢવાનું ખેંચી જાય - માથા નીચેથી ઓશિકા તાણી જાય! સદભાગ્યે અમે લોનાવાલા રિલેક્સ થવા જ ગયેલા એટલે એક બંગલામાં અમે પુરુષ મિત્રો અને બીજા બંગલામાં બધાની પત્નીઓની વ્યવસ્થા કરેલી. સંપૂર્ણપણે સ્વતંત્રતા નામે સ્વચ્છંદતા માણવા મળે તે માટે અમે આગોતરું આયોજન કરેલું અમને જે ફાયદો થવાનો હતો તેના કરતાં વધારે અમારી પત્નીઓને થયો. સવારના ચાથી માંડી અને રાત્રે લેઇટ નાઈટ નાસ્તા સુધી સળી ભાંગી અને બે કરવાની નહોતી એટલે એ બધા જે આનંદમાં હતા તે અવર્ણનીય છે. એક જ ગાડીમાં અમે પાંચ પાંચ છ જણા ભરાઈ અને જતા હતા.. આખા પ્રવાસ પછી ખબર પડી કે અમારી સાથે કૂતરું ફરતું જ હતું અને તેને માટે સ્પેશ્યલ એસી ગાડી આવતી હતી... હવે તો તમને વાંચવાવાળાને પણ એવું થયું ને કે અમારા કરતાં તો કૂતરો થવું સારું.!

ચુનિયાને ઘરે પણ એક સરસ મજાનું રૂંછડાવાળું ડોગી છે. ચુનીલાલ ને હું ચુનિયો કહી શકું છું પરંતુ ડોગી ને મારે માનથી એટલે કે 'મોન્ટી' કહીને બોલાવો પડે છે.

ચુનિયાનો છોકરો છેલ્લા પાંચ વર્ષથી પગની એડી ઘસી ઘસી અને રોવે છે કે મારા રૂમમાં હવે ગરમી ખૂબ જ થાય છે એટલે એસી લગાવો પરંતુ એની એડી અડધો અડધો ઇંચ ઘસાઈ ગઈ છતાં વાંકા થઇ ગયેલા પાંખિયાવાળા પંખાથી ચલાવે છે. ત્યારે એનો ડોગી આરામથી એની નાનકડી રૂમમાં અડધા ટનના એસી સાથે જિંદગી માણે છે. જોકે એ વાત અલગ છે કે ચુનિયાનો છોકરો ઘણીવાર ડોગીના રૂમમાં છાનોમાનો જઈને સૂઈ આવે છે!

આતો હસવાની વાત છે બાકી ઈશ્વરે તમને જે મનુષ્ય જીવન આપ્યું છે તે અદભુત છે. તમે તમારી આંગળીઓથી કોઈના આંસુ લૂંછી શકો છો, ડોગી માત્ર તમારું મોઢું ચાટીને આંસુ લૂછી શકે. જીવનના કપરા સમયે તો મિત્રો અને પરિવારજનો જ કામ આવે. હા, ડોગીની સારસંભાળ રખાય પરંતુ ત્રાજવાના બન્ને પલ્લા બેલેન્સ કરવા જરૂરી હોય છે. ■

**વિચારવાયુઃ**

*કૂતરાને કદાચ પરિવારનો સભ્ય ગણી શકાય, પરંતુ પરિવારના સભ્યને કૂતરા તરીકે ના ગણાય...*

# ધરતી પરના દૃશ્યમાન દેવદૂતઃ થેંક્યુ ડોકટરજી!

## તબીબ એટલે વ્યવસાય અને સમાજ પ્રત્યે આગવી નિષ્ઠાનું બીજું નામ

ક્લોઝ અપ

ભરત ઘેલાણી

feedback@bombaysamachar.com

૧ જુલાઈના આપણે 'ડોકટર્સ ડે' ઉજવીએ છીએ.

તાજેતરમાં આ પહેલી જુલાઈના દિવસે એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચારે' ઐતિહાસિક ૨૦૩ વર્ષ પૂર્ણ કરી ૨૦૪મા વર્ષમાં યશસ્વી પ્રવેશ કર્યો એ અવસરે સમાજ પર તબીબોનાં ઋણને સ્નેહભર સ્વીકાર 'મુંબઈ સમાચારે' આગવી રીતે કર્યો. તબીબી ક્ષેત્રે અનન્ય નિષ્ઠા સાથે પોતાની સેવા આપતા ૧૬ ડોકટરને 'મુંબઈ સમાચારે' 'ધન્વંતરિ અવોર્ડ'ની પ્રતિમા સાથે બિરદાવ્યા અને પ્રત્યેકને શુભેચ્છારૂપી રૂપિયા ૨૫ હજારની ધનરાશિ સાથે વધાવ્યા...!

સૂરજદેવતાના શુભાષિશ લેશે!

જાણે-અજાણ્યે મા-બાપે પણ નાનપણથી આપણામાં એક સંસ્કાર રોપી દીધાં છે કે મદદરૂપ થનારાનો આભાર માનવાનું કયારેય ચૂકવું નહીં અને આવા આભાર માનવાની પંક્તિમાં સૌપ્રથમ આવે છે આપણા તબીબ..

આર્થિક મૂંઝવણમાં મુકાવ ત્યારે સ્વજન કે મિત્ર વહારે-મદદે આવે, પણ જ્યારે શારીરિક કે માનસિક વિપદામાં અટવાઈ જાવ ત્યારે તત્વરાએ આપણો હાથ પહોંચી જાય છે મોબાઈલના કી- પેડ પર અને આ કોલ એવો હોય છે કે જેનો ભાગ્યે જ તમને ઉત્તર ન મળે. અરધી રાતે પણ સામે છેડેથી તમને હૂંફાળો સ્વર સાંભળવા મળે, જેમાં તમારા માટે ચિંતા સાથે ભારોભાર લાગણી પણ છલકાતી હોય. આવી લાગણી વ્યક્ત કરનારી વ્યક્તિ વ્યવસાયે તબીબ હોય, પણ પછી કાળક્રમે આપણા પરિવારની જ એક અંગત વ્યક્તિ બની જાય, જેને આપણે 'ફેમિલી ડોકટર' કહીએ છીએ. આવો




દક્ષિણ ભારતનાં અનેક સ્થળોએ દેવ ધન્વંતરિનાં મંદિર છે

આમ તો ૩૦ માર્ચના રોજ વિશ્વભરમાં 'ડોકટર્સ ડે'ની ઉજવણી થાય છે, પણ આપણે ત્યાં પશ્ચિમ બંગાળના સૌપ્રથમ મુખ્ય મંત્રી ડોકટર બિધાનચન્દ્ર રાય,જેવા પ્રખર ચિકિત્સકને એમની સ્મૃતિરૂપે દર ૧જુલાઈના યાદ કરીએ છીએ. આ અવસરે તબીબ-ખાસ કરીને ફેમિલી ડોકટરને આપણે મૌખિક કે પછી ગ્રિટિન્ગ કાર્ડ દ્વારા 'થેક્યુ' કહીએ છીએ.

આપણા શિક્ષક પાસેથી એ પણ જ્ઞાન મળ્યું છે કે અદૃશ્ય એવા આપણા આરાધ્ય દેવ એકથી વધુ હોય શકે, પણ જગતમાં માત્ર ત્રણ દેવતા જ એવા છે, જેને આપણે નજરોનજર જોઈ શકીએ છીએ..

એમાંથી બે તો છે આપણાં જન્મદાતા માતા-પિતા અને ત્રીજા છે અધ્ધર આકાશ-અંતરિક્ષમાં સૂર્યદેવતા કોઈ પણ કાર્ય કામ માટે ઘરની બહાર નીકળીએ તો પહેલાં માતા-પિતાને પગે લાગી-પ્રણામ કરીએ અને પછી ઘર બહાર આવી મોટાભાગના લોકો ગગન તરફ તાંકી-હાથ જોડી (કે પછી) ગરદન ઝૂકાવી મનોમન અનુભવ એકલદોકલ નથી હોતો. લગભગ આપણે બધાએ આ અનુભવ્યું છે.

આવી વ્યક્તિ વ્યવસાયિક રીતે તબીબી જ્ઞાનમાં અવ્વલ હોવા ઉપરાંત આપણાં પરિવાર સાથે એવી હળીભળી જાય છે કે આપણી તબિયતની તાસીર ઉપરાંત ઘરના બધાના મિજાજ પણ અદ્‌લોદલ જાણતી હોય છે. એ શારીરિકની સાથોસાથ આપણી મનદુરસ્તીનું પણ રખોપું કરે છે. સમય જતા આવા તબીબ ઘરના વડીલ પણ બની જાય. ઘરસંસારના પ્રશ્નો વખતે પણ એમનું ડાયાગ્નોસિસ-નિદાન અને નિરાકરણ પણ ઘર-પરિવાર માટે અકસીર નીવડે. આમ નજર સમક્ષ હાજરાહજુર સૂર્ય પછી માતા-પિતા ઉપરાંત ધરતી પણ હાજરાહજૂર દેવદૂત કહો તો એ તમારા તબીબ છે...

બીજી તરફ, આપણાં બ્રહ્મપુરાણ અનુસાર સમુદ્રમંથન વખતે અમૃત કળશ સાથે ભગવાન વિષ્ણુના અવતાર સમા ધન્વંતરિ દેવનું પ્રાગટ્ય થયું હતું. સમુદ્રમંથન વેળાએ અનેક ઔષધિ ઉત્પન્ન થઈ હતી. એ પછી અમૃતનું સર્જન થયું. ત્યારથી એ આપણા પ્રાચીન આયુર્વેદના જન્મદાતા ગણાય છે. એમની ગણના દેવલોકના વૈદ્ય તરીકે થતી. પ્રાચીન શસ્ત્રો અનુસાર ધન્વંતરિ વૈદ્યે જગતભરની હજારો વનસ્પતિઓનું અધ્યન- પૃથક્કરણ કરીને એના પ્રભાવ ગુણ તેમજ એની આડ-અસર પર અનેક ગ્રંથ તૈયાર કર્યા હતા, જેના આધારે કાળક્રમે આપણા આયુર્વેદના સિધ્ધાંતોનો ગ્રંથ બન્યો, જેમાંથી જ્ઞાન મેળવી પ્રથમ સુશ્રુત મુનિ અને પાછળથી ચરક જેવા વૈદ્યએ આયુર્વેદ ચિકિત્સાની પરંપરા આગળ વધારી



ધન્વંતરિ દેવની પ્રતિમા

પૌરાણિક ગ્રંથો અનુસાર ધન્વંતરિનો 'જન્મ' ઈશુ ખ્રિસ્તના ૭ હજાર વર્ષ પૂર્વે ધનતેરસના દિવસે થયો હતો. એમના આયુર્વેદ જ્ઞાન અનુસાર માનવ મૃત્યુના ૧૦૦ પ્રકાર છે, જેમાંથી એક સમય વીતતાની સાથે થતું 'કાળ મૃત્યુ' છે. બાકીના ૯૯ અકાળ મૃત્યુ આયુર્વેદના સચોટ નિદાન તથા ચિકિત્સા-સારવારથી અટકાવી શકાય-રોકી શકાય!

(એક આડ-વિચારઃ ધન્વંતરિ-સુશ્રુત-ચરક જેવાં વૈદ્યાચાર્યોના જીવનકાળ એવા તો રસપ્રદ છે કે એમનાં પર બાયોપિક-વેબ સિરીઝ સરજી શકાય..!)

થોડા સમય પહેલાં વિશ્વવ્યાપી એક સર્વેક્ષણ થયું હતુંઃ કયો વ્યવસાય સૌથી વધુ Trust Worthy એટલે કે વિશ્વાસપાત્ર છે? વિશ્વના અનેકવિધ ક્ષેત્રોના તલસ્પર્શી સર્વેના તારણ અનુસાર ૬૪% લોકો માને છે કે તબીબ ડોકટરનું પ્રોફેશન-વ્યવસાય સૌથી વધુ વિશ્વસનીય છે. એના પછી ૬૧% લોકોને વિજ્ઞાનીઓ પર અને ૫૫% લોકોને શિક્ષક પર વધુ ભરોસો છે અને હા, કાગડા બધે કાળાની જેમ ૧૦% થી પણ ઓછા લોકોને મંત્રી-રાજકારણી-નેતા પર માંડ માંડ વિશ્વાસ બેસે છે! આ સર્વેક્ષણ એમ પણ કહે છે કે રીત-ભાત-શિસ્તની બડી ચુસ્ત આગ્રહી એવી બ્રિટિશ પ્રજાને ડોકટર ૭૩% વિશ્વાસુ લાગે છે. એ જ રીતે, ડચ તથા કેનેડાના લોકોને તબીબ પર ૭૧% ભરોસો બેસે છે. થોડી અંગત વાત કરું તો લાંબો સમય મેડિકલ સ્ટોરમાં કામ કર્યું- મેડિકલ રિપ્રેઝન્ટેટિવ તરીકે પણ કામગીરી બજાવી અને ખુદ બે વાર અતિ જટીલ ઑપરેશનની પ્રક્રિયામાંથી પસાર થયો છું અને વ્યવસાયે વર્ષોથી પત્રકાર હોવાને લીધે એ દરમિયાન, અનેક તબીબો-નિષ્ણાતોના ઘનિષ્ટ પરિચયમાં આવ્યો છું. જીવન મૃત્યુની કટોકટી વેળા ડોકટર કેવા દબાણ હેઠળ નિર્ણય લેતા હોય છે એવી એમની કામગીરી મેં બહુ નજીકથી નિહાળી છે. એમના એક નિર્ણયથી કોઈની જિંદગી ફરી આબાદ બની જતી હોય તેમ કોઈ પરિવારનાં સપનાં પણ રગદોળાય જતાં હોય છે.....એ વખતે સૌથી વધુ મદદરૂપ થઈ હિંમતના ઑક્સિજનનો પુરવઠો પૂરો પાડે છે આપણા ડોકટર-તબીબ.

છેલ્લાં કોવિડ-કોરોનાની મહામારીએ જગતભરમાં તબાહી મચાવી. દુશ્મનના આક્રમણ સામે દેશના સીમાડાની રક્ષા કરવા આપણા સૈન્યના જવાનો જે રીતે શહીદી વહોરે એ જ રીતે આપણા સફાઈ કામદારથી લઈને નર્સ અને ડોકટરોએ મોત સામે બાથ ભીડીને આપણી રક્ષા જે રીતે કરી હતી એની અપૂર્વ ગાથાના આપણે સૌ સાક્ષી છીએ. એ દૃષ્ટિએ દેવી -દેવતાના જીવકરક્ષક એવા વૈદ્યોના સાચુકલા દેવદૂત છે આપણા આ તબીબ!

આવા અનન્ય આદમીને માત્ર વર્ષના વચલે દિવસે યાદ કરવાથી આપણે એનું ઋણ ફેડી નથી શકતા. એને તો મનોમન આપણે રોજ કહેવું જોઈએ :

'થેંક્યુ ડોકટરજી!' ■

### દાકતરબાબુ એટલે...

* કોઈ તબીબી વ્યવસાય પસંદ કરે છે ત્યારે એ માનવતાને પણ આવકારે છે
* રાતે ઘેર જાવ ત્યારે 'આજના દિવસે કંઈ જ ઉપયોગી નથી કર્યું' એવો નકારાત્મક વિચાર તમને ક્યારેય નહીં આવે -જો તમે વ્યવસાયે ચિકિત્સક હશો તો!
* કોઈને આરોગ્ય પરત આપવા જેવી શ્રેષ્ઠ ભેટ કોઈ ન હોય શકે..અને આવી સોગાદ માત્ર ડોકટર જ આપી શકે..!
* તબીબ પણ કેવા ભાગ્યશાળી હોય છે... એને એક દિવસમાં જેટલાં સારાં કાર્ય કરવાની તક મળે છે તેટલી તક તો કોઈ કર્ણ જેવા દાનવીરને પણ બે-ત્રણ મહિને નથી મળતી!

# વિશ્વયુદ્ધ ને જીવાતું જીવનઃ તભ બી ઔર અબ ભી!

શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ

feedback@bombaysamachar.com


આજકાલ જ્યારે જગત પર એક વધુ સંભવિત વિશ્વ યુદ્ધના ભણકારા વાગી રહ્યાં છે ત્યારે જગતભરનાં મેગેઝિન્સ અને અખબારો ફલેશબેક રૂપે બીજા વિશ્વયુદ્ધ પરના લેખો, ત્યારનાં ખતરનાક સંસ્મરણો અને યુદ્ધનાં ફોટાઓથી ભરી રહ્યાં છે. યુદ્ધ વખતનાં લોકો ભલે દુઃખી હોય કે હિંમતવાન હોય, પણ યુદ્ધના એ દિવસોને ખૂબ ટેસડો લઈ લઈને આજના લોકો યાદ કરી રહ્યા છે. મા-બાપ એમનાં સંતાનોને અને દાદા-દાદી એમનાં પૌત્ર-પૌત્રીઓને યુદ્ધના દિવસોને યાદ કરીને કહે છે કે કેવી રીતે એ લોકોએ કે પછી એમની પહેલાંની પેઢીએ યુદ્ધના દિવસો પસાર કર્યા હતા, એ વખતે શું શું થયું હતું, કેવી કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો વગેરે વગેરે...

મેં મુસોલીનથી હિટલર અને પર્લ હાર્બરથી હિરોશિમા અણુબોંબ સુધીના ભીષણ યુદ્ધના અનેક લેખો જોયા છે, પણ એ સમયે એવી ઘણી બધી ઘટનાઓ એ વર્ષોમાં ઘટી જેમનો એ ભયાવહ વિશ્વયુદ્ધ સાથે કોઈ સંબંધ નહોતો. એ આજે પણ આપણાં જીવનમાં સ્થાન બનાવીને રાખ્યું છે!

ભારતમાં એ દિવસોમાં વાચકો ભગવતીચરણ વર્માની 'ચિત્રલેખા', ઉપેંદ્રનાથ અશ્કની 'ગિરતી દીવારેં' અને યશપાલની વાર્તાઓ વાંચતા હતા. કવિતા પ્રેમીઓ મહાદેવીની 'દીપશિખા' કવિતામાંનાં છાયાવાદ પર એક આગવી મસ્તીથી માથું ધૂણાવી રહ્યા હતા.

આ જ વર્ષોમાં 'ગેસલાઇટ', 'રેબેકા', 'સિટીઝન કેન', 'પિગ્મેલિયન', વોલ્ટ ડિઝનીની 'બામ્બી' વગેરે અદ્‌ભુત અંગ્રેજી ફિલ્મો રિલીઝ થઈ હતી. યુદ્ધગ્રસ્ત મોસ્કોમાં 'વોર એન્ડ પીસ' અને 'સિન્ડ્રેલા' પર આધારિત ઓપેરા (સંગીતનૃત્ય નાટકો) બન્યાં.

આમ છતાં, સમગ્ર વિશ્વની આમ જનતા માટે એ બહુ જ કપરા દિવસો હતા. એ વખતે અમેરિકામાં જૂતા પણ રેશનકાર્ડ પર મળતા, ઇંગ્લેન્ડ ને ભારતમાં અનાજ ઉપરાંત કાપડ પણ રેશનકાર્ડ પર મળતા હતા અને એ જ સમયે યુદ્ધગ્રસ્ત દુનિયામાં 'પેનીસિલીન' વાની શોધ થઈ રહી હતી, પહેલું હેલિકૉપ્ટર




બધા જ વ્યક્તિગત પ્રયાસો હતા. સરકારો તો યુદ્ધમાં રચીપચી હતી, જેમની પહેલી ને છેલ્લી ફરજ માત્ર યુદ્ધ અને યુદ્ધ કરવાની જ હતી.

-પણ યાદ રાખજો કે ત્યારે અનેક ક્ષેત્રમાં ક્રાંતિકારી કામ પણ થયેલા, જેમકે એ જ કાળખંડમાં, અર્નેસ્ટ હેમિંગ્વેએ એમની શ્રેષ્ઠ કૃતિ 'ફોર હુમ ધ બેલ ટોલ્સ' લખી. યુજીન ઓ નીલે 'લોંગ ડેઝ જર્ની' અને 'ઇન ધ નાઇટ' લખી, આર્થર કોસલરે 'ડાર્કનેસ એટ નૂન' લખી, ટી. એસ. એલિયટે 'ફોર ક્વાર્ટેટ' પ્રકાશિત કરી, સોમરસેટ મોમે 'ધ રેજર્સ એજ' પ્રગટ કરી, કામુએ 'કૈલિગુલા', જ્યોર્જ આરબેલે 'એનિમલ ફાર્મ' જેવી કૃતિનું સર્જન કર્યું તો આર્થર મિલરે 'ઓલ માય સન્સ' અને જેમ્સ થર્બરે 'મેન વુમન એન્ડ ડોગ્સ' અને એમનું પ્રખ્યાત પુસ્તક 'થર્બર કાર્નિવલ'ને લખીને પૂરી કરીને પ્રકાશિત કરી.

એ જ સમય દરમિયાન, સાર્ત્ર- કામુ- રસેલ અને હેરલ્ડ લાસ્કી જેવા વિચારકોએ એમના મહત્ત્વનાં લેખનકાર્યો પૂર્ણ કર્યા. જ્યારે ચર્ચિલ મોડી રાત સુધી એની ચહીતી બ્રાન્ડીને ચુસ્કી લેતા લેતા એની જાણીતી સિગારનો કસ ખેંચતા વિચારતો હતો અને હિટલર બોમ્બ વરસાવી રહ્યો હતો ત્યારે આ બધું સર્જનાત્મક કામ પણ ચાલી રહ્યું હતું, જેનો આજે કોઈ ઉલ્લેખ નથી કરી રહ્યા.

સિગાર પીવાતી રહી, હિટલરનું મૃત્યુ થયું, ખંડેર શહેરો ફરીથી વસી ગયા. યુદ્ધ ભૂલાવા લાગ્યું. માનો કે નવી પેઢીની જનતાનાં મનમાંથી ભૂલાઇ જ ગયું, પણ પેલાં બધાં પુસ્તકોએ બની રહ્યું હતું, પહેલું ચુંબકીય ટેપ રેકોર્ડર અને પહેલું ઓટોમેટિક કમ્પ્યુટર તૈયાર થઈ રહ્યું હતું. તોપો ગર્જી રહી હતી પણ એ શોરબકોરમાં કોઈક એવું પણ હતું જેણે વિટામિન 'એ'નું વિશ્લેષણ કરીને માનવ શરીર પર એની અસરનાં સંધોશનમાં વ્યસ્ત હતું.

ઇતિહાસના થોથાં જેવાં ભલે જાડા પુસ્તકમાં લખવામાં આવે કે પછી દૈનિક અખબારોમાં કે સાપ્તાહિક સામયિકોમાં લેખના રૂપમાં સચવાય, પણ એમાં ઉલ્લેખ માત્ર ને માત્ર મોટા મોટા નેતાઓની પ્રવૃત્તિઓ અને એમની સત્તા ઊથલપાથલનો જ કરવામાં આવે છે. જુઓને, જ્યારે આપણે ત્યાં ૧૯૮૫માં ત્યારનાં સત્તાધારી કૉંગ્રેસ પક્ષના ૧૦૦ વર્ષ થયાની ભવ્ય ઉજવણી થઈ તો ત્યારે કૉંગ્રેસનાં મહાન અને મોટા મોટા નેતાઓની વાતો થઈ, પણ કોઈને કવિ મૈથિલીશરણ ગુપ્ત, માખનલાલ ચતુર્વેદી, બાલકૃષ્ણ શર્મા નવીન, સુબ્રમણ્યમ ભારતી યાદ નહીં આવ્યા, જે એ જ સરકાર વિશે આદર્શ લેખો લખી રહ્યા હતા. કોઈને ગણેશશંકર વિદ્યાર્થી યાદ ન આવ્યા? બધા હિટલર અને ચર્ચિલ વિશે જ વાત કરે છે, પણ એ જ સમયે, ચિત્રકાર માતીસ એનાં શ્રેષ્ઠ ચિત્રો બનાવી રહ્યો હતો, પણ એનાં વિશે કોઈ એક હરફ પૂરતું યે વાત કરતું નથી.

આજે ૨૦૨૫માં પણ ફરી યુદ્ધનો માહોલ છે તો ઇતિહાસમાં બોંબમારા, લશ્કરો, લાશો સિવાય, આજની કઇ કઇ વાતો યાદ રાખવામાં આવશે?

ખબર નહીં. (મૂળ લેખઃ ૧૯૮૮) ■

# ડેટિંગ એપ્સઃ ડિજિટલ જમાનામાં એક બીજાને મળવાનો સરળ ઉપાય

ફોકસ

લોકમિત્ર ગૌતમ

feedback@bombaysamachar.com

**સંબંધોની** દુનિયામાં મોડર્ન ડેટિંગ એપ્સ એક મહત્ત્વનો ભાગ છે. આ ૨૧મી સદીના બીજા દાયકામાં દુનિયામાં સંબંધોના નિર્માણની પ્રક્રિયામાં ઘણું પરિવર્તન આવ્યું છે. પ્રેમપત્રો, પારિવારિક મિલન મેળાપો અને સામાજિક મેળાની જગ્યા જ્યારે મોબાઈલ સ્ક્રીન અને અલગ અલગ એપ્સએ લઈ લીધી છે. ટિંડર, બંબલ, હિંજ, ઓકે કુપિડ જેવા મોડર્ન ડેટિંગ એપ્સને લીધે સંબંધોમાં મોટી ઊથલપાથલ થઈ ગઈ છે. આ ટેક્નિકલ બદલાવ માત્ર અમેરિકા અને યુરોપ પૂરતા જ સીમિત નથી પરંતુ ભારત પણ પૂર્ણપણે આની ઝપેટમાં આવી ગયું છે જ્યાં સદિયો જૂની સાંસ્કૃતિક વિવિધતા અને જીવન જીવવાની મજબૂત વ્યવસ્થા છે,પરંતુ આજે ડેટિંગ એપ્સે સંબંધોની પારંપારિક દુનિયાને પૂર્ણ રીતે બદલીને રાખી દીધી છે.

આજે દુનિયાભરમાં લગભગ ૩૭ કરોડ લોકો કે જેમાંથી સૌથી મોટી આબાદી યુવકોની છે જે વિવિધ પ્રકારની ડેટિંગ એપ્સથી જોડાયેલા છે. ડેટિંગ એપ્સનું ચલણ એ રીતે વધી ગયું છે કે અમેરિકામા ૩૦ ટકાથી પણ વધુ વયસ્ક કોઈ ને કોઈ ડેટિંગ એપ્સનો ભાગ હોય. આ એપ્સની શરૂઆત તો બે અજનબીઓની વચ્ચે પ્રેમ સંબંધ વિકસિત કરવા માટે એક મધ્યસ્થ તરીકે થઈ હતી, પરંતુ આજે અલગ અલગ ડેટિંગ એપ્સ દોસ્તી, કેઝ્યુઅલ મીટિંગ, લગ્ન અને સેક્સ માટે ઉપયોગમાં લેવામાં આવી રહ્યા છે. દુનિયાભરમાં જે ડેટિંગ એપ ધૂમ મચાવી રહી છે તેનું નામ ટિંડર છે. સો કરતા વધુ દેશોમાં સક્રિય આ એપનાં એપ્રિલ ૨૦૨૫ સુધીમાં સાત કરોડ પચાસ લાખ નોંધાયેલા ઉપયોગકર્તાઓ હતા. બીજા નંબર પર બંબલ છે, જે વિશેષ રીતે મહિલાઓને ધ્યાનમાં રાખીને ડેવલપ કરવામાં આવી છે કારણકે આ એપમાં મહિલાઓને સંબંધ આગળ વધારવાની છૂટ છે. આ એપ પુરુષને કોઈ મહિલાની સાથે સંબંધ શ્થાપવા માટે પોતે નિર્ણય લેવાની છૂટ આપતું નથી. આ એપમાં માત્ર મહિલાઓ જ કોઈનો સાથ સ્વીકારી શકે અથવા અસ્વીકારી શકે. પુરુષોને આ આઝાદી નથી. ત્રીજી ફેમસ એપ હિંજ છે, જે ગંભીર સંબંધો વિકસાવવા માટેની ટેગલાઈન સાથે ડિઝાઈન કરવામાં આવી છે. આ સિવાય લાખો સબસ્ક્રાઈબરની ક્ષમતા રાખવાવાળા એપ્સ છે જેમાં ઓકે કુપીડ, ગ્રિંડર અને પ્લેંટી ઓફ ફિશ ડેટિંગ છે. આ બધા જ સંબંધ બનાવવા માટેના એપ્સ અલગ અલગ લિંગ અને ઉમરના સમૂહને ધ્યાનમા રાખીને ડિઝાઈન કરવામાં આવી છે જેનો એક પરટીક્યુલર હેતુ છે

ભારતમાં સ્માર્ટ ફોન અને ઈન્ટરનેટના પ્રચાર સાથે જ ડેટિંગ એપની લોકપ્રિયતા સાલ ૨૦૧૫માં વધી અને એપ્રિલ ૨૦૧૫ સુધી દેશમાં સાડા ચારથી પાંચ કરોડ લોકો આ ડેટિંગ એપના ગ્રાહક છે. આમાંથી ૬૫ ટકાથી વધુ ૧૮ થી ૩૫ની ઉંમરના યુવકો છે. ભારતમાં જે એપ ખૂબ જ સક્રિય છે તેમાં પહેલા બે



સ્થાન પર 'ટિંડર' અને 'બંબલ'નો કબ્જો છે. ભારતના લગભગ બધાં જ શહેરોમાં 'ટિંડર'ની બોલબાલા છે, તો 'બંબલ' હિંદી, મરાઠી અને તામિલ જેવી ભાષાઓમાં પણ ચેટની સુવિધા આપે છે. આના સિવાય ભારતમાં જે એક એપ ખૂબ ચાલે છે, તેમાં 'એશ્લે' આ ખાસ કરીને તે લોકો માટે બનાવવામાં આવી છે જે વિવાહ કરવાની આશા સાથે સબંધ વધારવાનો પ્રયત્ન કરે છે અને 'ટ્રુલી મેડલી' એક એવી એપ છે જે ખાસ કરીને માત્ર ભારતિય લાકોને ધ્યાનમાં રાખીને વિકસિત કરવામાં આવી છે. જ્યારે બીજી એક એપ જેનુ નામ 'ક્વેક ક્વેક' છે જે ભારતના બીજા કે ત્રીજા દરજ્જાનાં શહેરોમાં સક્રિય છે

સૌથી વધારે ભારતમાં અને દુનિયામાં લોકો 'ટિંડર'નો ઉપયોગ કરે છે. આખી દુનિયામાં આ જ એપને સૌથી વધારે ડાઉનલોડ કરવામાં આવે છે 'બંબલ' શહેરી મહિલાઓમાં સૌથી લોકપ્રિય છે અને 'ટિંડર' ખાસ કરીને સમલેંગીક લોકો વચ્ચે મિત્રતા વધારવા માટે એક સેતુનું કામ કરે છે. ડેટિંગ એપની લોકપ્રિયતા એટલા માટે વધે છે કારણકે, આમાં સુરક્ષા અને સિક્રેટ રાખવાની વ્યવસ્થા હોય છે. આના લોકપ્રિયતાનું હજી એક મોટું કારણ એ છે કે, આમાં રિજનલ અને સ્થાનિય ભાષાઓની સપોર્ટ સિસ્ટમ પણ છે અને સૌથી મોટી વાત એ છે કે, આમા ખાસ પ્રકારનું યૂઝર ઈન્ટરફેસ હોય છે કે જે આ પુરી વ્યવસ્થાને વાસ્તવિક વ્યવસ્થાનો આભાસ કરાવે છે.

સવાલ એ છે કે, આખરે આ મોર્ડન એપની આપણા જીવન પર કઈ રીતે અસર પડે છે. આ એપના કારણે હવે બે યુવા લોકોનું મળવું ખૂબ જ સરળ અને સુરક્ષિત થઈ ગયું છે. પહેલા માત્ર ગણ્યાં ગાંઠ્યાં જ લોકો હતા જેમના જીવનમાં કોઈને મળવું, મિત્રતા વધારવી આ બધું એક લિમિટેડ ટાઈમ માટે જ સીમિત હતું પરંતુ હવે આ એપ દ્વારા હવે કોઈપણ મિત્રતા માટે અનુકૂળ સાથીની શોધ કરી શકે છે. 'બંબલ' જેવી એપ મહિલાઓને પહેલું પગથિયું રાખવાનો અધિકાર આપી એક સામાજિક સંતુલન સામે ઈશારો કરે છે. આ એપ દ્વારા જ્યારે તમે દેશ અને દુનિયાના કોઈ પણ ખૂણાથી મિત્રતા કે પ્રેમને ગોતી શકે છે કારણકે આમાં ડેટા અનુરૂપ નિર્ણયો લેવામાં આવે છે કે જેમાં ભાવનાઓથી વધારે વ્યવહારિક વલણ અપનાવાય છે. આ એપ દ્વારા એવા પાર્ટનરની ખોજ કરે છે કે જેની આદતો, શોખ અને પ્રોફેશન સરખા હોય છે.

આ એપમાં બધું જ સારું નથી પરંતુ થોડા માયનસ પોઈન્ટ પણ છે. જેમકે એપમાં દોસ્તી અને કમિટમેન્ટ જેવી કોઈ વસ્તુ નથી હોતી. સૌથી મોટી છેતરપિંડીની વાત એ છે કે, ભારતમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો પોતાનો ખોટો પ્રોફાઈલ બનાવી એક બીજાનો સંપર્ક કરે છે અને આવી રીતે તેઓ અપરાધને આમંત્રણ આપે છે. પર્સનલ ડેટા અને ચાટ લિંકની ચોરી થવા સાથે આ ડેટિંગ એપ દ્વારા બ્લેકમેઈલનું પણ જોખમ વધી ગયું છે. સાથે જ્યારે આ એપ કલ્ચર દ્વારા કોઈ તરફથી રિજેકશન આવે તો સહન પણ કરવું પડે અને આ અસફળતાનો જબરદસ્ત માનસિક આઘાત લાગે છે. ખાસ કરીને યુવાનોમાં આ સમસ્યા જોવામાં આવી છે.

પરંતુ આ એપે આપણા સંબંધોની દુનિયામાં જે છાપ છોડી છે તેને લીધે લવ મેરેજનું ચલણ ખૂબ જ વધી ગયું છે. માત્ર લવ મેરેજ જ નહીં પરંતુ ઈન્ટરકાસ્ટ સંબંધો પણ વધી ગયા છે. પારંપારિક પરિવારોમાં પણ ધીરે ધીરે આવા સંબંધોને સ્વીકૃતિ અપાય છે. હજી ભારતનાં નાનાં શહેરોમાં આ એપનો પ્રભાવ જોવા નથી મળતો. પરંતુ એક વાત તો નક્કી જ છે કે, ભારત જેવા દેશમાં આવી ડેટિંગ એપનું ભવિષ્ય ઉજ્જવળ છે. આવી એપ એ પોતાની ટેકનિક, નીતિ અને સંવેદનશીલતાને હંમેશાં અપડેટ રાખવી પડશે એટલે કે , તેમણે એઆઈ આધારિત કાઉંસેલિંગ ટીચર્સની શરૂઆત કરવી પડશે, ફેક પ્રોફાઈલને રોકવી પડશે, ઓળખ જમાવવા માટે ઈમાનદાર ટૂલ્સ વિકસિત કરવા પડશે. જો આવી સુવિધાઓ સાથે એપને અપડેટ કરવામાં આવશે તો આવી એપનું ભવિષ્ય ખૂબ સુંદર છે. ■

## ૯. લગ્ન સંબંધી

**દિશાવાળ મેરેજ બ્યુરો**
**સમસ્ત વૈષ્ણવ પરિવાર માટે યોગ્ય જીવનસાથી શોધવા સંપર્ક કરો. નિર્મલભાઈ શાહ 9321325575 (સાંજે ૬થી ૯), સેજલબેન શાહ 9769995455 (સવારે ૧૧થી ૧), ટુંક સમયમાં ફક્ત મેમ્બર માટે પરિચય મેળો યોજવામાં આવશે. (દહેજ નહીં.) (એસડીબી-૨૭૦૯)**

**બ્રાહ્મણ સેવા સમાજ**
49મું વર્ષ 107મો પરિચય મેળો મલાડ ખાતે તા. 24/08/2025 પ્રવેશ ફી યુવક Rs. 500/-, યુવતી Rs. 300/-, સંપર્ક: અલકેશભાઈ વ્યાસ- 8779177080, જય- 9870756615, દિપકભાઈ- 8828221010. (દહેજ નહીં.). (૧૫૯૫૪-એ)

**રૂપેશ મુલજીભાઈ**
ચર્ચગેટવાળા, ૬૪ વર્ષોથી ચાલતુ ઈન્ડિયા એબ્રોડના પાત્રો (વાપી)માં પણ 9324534747 (દહેજ નહીં). (૭૧-એ)

■ જૈન યુવક 1976 ઉ 5'6" 12મું પાસ. સરવીસ. નાનું કુટુંબ ગોલધાના મુકેલ ગરીબ આવકાર્ય જ્ઞાતિબાધ નથી. Mo: 9324526967. (દહેજ નહીં). (એસડીબી-૨૭૨૪)

■ **આહિર યુવક 38/ વાર્ષિક આવક (15 લાખ) સર્વ જ્ઞાતિ કન્યા આવકાર્ય: 88496 69382. (દહેજ નહીં). (બી-૧૬૧૯૯)**

■ બ્યુટીફુલ જૈન યુવતી, 1991, BCom, JOB, દેવાંશ મેરેજ બ્યુરો- 9426358226. (દહેજ નહીં). (બી-૧૬૨૦૧)

■ બ્યુટીફુલ વૈષ્ણવ યુવતી, 1997, MBA, JOB, દેવાંશ મેરેજ બ્યુરો- 9426358226. (દહેજ નહીં). (બી-૧૬૨૦૨)

■ બ્યુટીફુલ બ્રાહ્મણ યુવતી, 1992, MS Engineer, દેવાંશ મેરેજ બ્યુરો- 9426358226. (દહેજ નહીં). (બી-૧૬૨૦૩)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૯. લગ્ન સંબંધી

■ બ્યુટીફુલ વૈષ્ણવ યુવતી, 1997, BPT, JOB, દેવાંશ મેરેજ બ્યુરો- 9426358226. (દહેજ નહીં). (બી-૧૬૨૦૪)

■ જૈન યુવક, 1992, MBA, Relience JOB, દેવાંશ મેરેજ બ્યુરો- 9426358226. (દહેજ નહીં). (બી-૧૬૨૦૫)

■ વૈષ્ણવ યુવક, 1998, BTech, job, વેલસેટ, દેવાંશ મેરેજ બ્યુરો- 9426358226. (દહેજ નહીં). (બી-૧૬૨૦૬)

■ બ્રાહ્મણ યુવક 1994, MTech, Bank Officer, દેવાંશ મેરેજ બ્યુરો- 9426358226. (દહેજ નહીં). (બી-૧૬૨૦૭)

■ જૈન યુવક, 1993, BFM, Business-man, દેવાંશ મેરેજ બ્યુરો- 9426358226. (દહેજ નહીં). (બી-૧૬૨૦૮)

**NRI યુવક**
**વેરી હેન્ડસમ, ફેર, 45/6'/BBA, ગુજરાતી સોની, ગલ્ફ મીડલમાં પોતાનો બિઝનસ, લગ્નના ટૂંકા સમયમાં નિર્દોષ છૂટાછેડા થયેલ યુવક માટે એજ્યુકેટેડ, સોની જાતીની કન્યા આવકાર્ય.**
**Contact: 98194 68825**
(દહેજ નહીં) (બી-૧૬૨૧૨)

■ BACHELOR ARCHITECTURE બોરીવલીનાં યુવક-1995 પાર્ટનર એક્સપોર્ટ ઈન્ટરનેશનલ એન્ડ કનલ્ટ આર્કિટેક રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૬૨૧૩)

■ અમેરિકન સિટિઝન યુવક 1985 અમેરિકાની કન્યા જોઈએ રાજેશ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૬૨૧૪)

■ કાંદિવલીની MASTER'S PHYSION Therapy કન્યા 1991 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૬૨૧૫)

■ અમેરિકા સ્થિત કુંવારા બ્રાહ્મણ યુવક, ૩૦/ 5'-8"/ સોફ્ટવેર એન્જિનિયર, Deutsche Bank માં જોબ કરતા માટે અમેરિકા સેટલ થવા ઈચ્છિત ફક્ત ગુજરાતી શાકાહારી યુવતી આવકાર્ય. સંપર્ક: 8779495963. (મુંબઈ). (દહેજ નહીં). (૭૬-બી)

■ લંડનમાં 1983 MSC ઓડિયોલોજીસ્ટ, 5'-11'' ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૭૮-એ)

■ રાઈટર એડિટર 1984 બ્યુટીફૂલ ઈન્ટેલીજન્ટને વેલસેટ શિક્ષિત યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૭૮-એ)

■ સાયનમાં 1994 MBA દેખાવડી એક્ટિવને એજ્યુકેટેડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૭૮-એ)

■ B. E. COMPUTER 1986 5'1'' બ્યુટીફૂલને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૭૮-એ)

## ૯. લગ્ન સંબંધી

■ LLB 1983 એક્ટિવ દેખાવડી વૈષ્ણવને વેલસેટ એજ્યુકેટેડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૭૮-એ)

■ BHMS ડૉક્ટર 1985 5'6" દેખાવડીને એજ્યુકેટેડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૭૮-એ)

■ M. S. કોમ્પ્યુટર 1981 5'11" હેન્ડસમને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૭૮-એ)

■ LLB 1979 દેખાવડી ઈન્ટેલીજન્ટ ડાયવોર્સીને વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૭૮-એ)

■ માટુંગામાં 1981 કોમ્પ્યુટર આર્ટ્સ ડાયવોર્સી બ્યુટીફૂલને વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૭૮-એ)

■ સાધનસંપન્ન 1980 ફેશન ડિઝાઈન દેખાવડીને જૈન યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૭૮-એ)

■ જ્વેલરી ડિઝાઈનર, 1986 બ્યુટીફુલ એક્ટિવને એજ્યુકેટેડ વેલસેટ યુવક આવકાર્ય: 9920817551. (દહેજ નહીં.) (૭૭-સી)

**યુવક જોઈએ**
**મુંબઈ સ્થિત બિઝનેસ વેલસેટલ્ડ ફેમિલી ગુજરાતી દેખાવડી એજ્યુકેટેડ 1977 બોર્ન નેવર મેરીડ યુવતી માટે એજ્યુકેટેડ, નિર્વ્યસની, વેજિટેરિયન, વેરી વેલસેટલ્ડ યુવક સંપર્ક: 9022330164. (દહેજ નહીં.) (બી-૧૬૨૧૭)**

**મુંબઈ ઘાટકોપર સ્થિત**
જૈન સ્થાનકવાસી, 1980, 6 ફૂટ, એમ.કોમ અભ્યાસ ગિફ્ટના વેપારી, હેન્ડસમ, વેલ સેટલ યુવક માટે સંસ્કારી, દેખાવડી છોકરીના બધી જ્ઞાતિના વડીલો સંપર્ક કરે. મો. 99304 34351, 99204 09066. (દહેજ નહીં.) (બી-૧૬૨૦૯)

**જૈન યુવતી**
1983, 5', SSC, ડાયવોર્સી માટે વેલસેટ જૈન/ વૈષ્ણવ યુવક આવકાર્ય. 8976129828. (દહેજ નહીં.) (૭૭-એ)

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav, Gujarati, Candidates. "NEELA SHETH" - 9833676409/ 7045657510. (No Dowry). (60-A)**

MATCH FOR HINDU MBBS Doctor Boy, 43 yr Place Sangli Relocation Possible, Taking Non Veg Diet Call 8329865948, 8378050149. (No Dowry) (B-16200)

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693/ 7506569229. (બી-૧૬૦૯૬)

## ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રીગણેશ યાત્રા**
**નેપાળ, પશુપતિનાથ, પોખરા, કાશી, પ્રયાગ, અયોધ્યા, દિવસ 13, ઉપડશે 8 સપ્ટેમ્બર, ડિલેક્સ હોટેલ પોતાનું રસોડું, ગ્રુપ બુકિંગ આવકાર્ય. ૯૮૨૦૧૬૪૦૦૭/ ૯૮૯૨૨૬૮૬૬૭. (૪૪-એ)**

**ચિરાગ**
ગોકુલ, જગન્નાથપુરી, ગંગાસાગર, ઓમકારેશ્વર, મહાકાલેશ્વર, ચારધામ, શ્રીનાથજી. 7303560200. (૧૫૩૬૫-બી)

**નિઃશુલ્ક મહાબળેશ્વર**
નિઃશુલ્ક મહાબળેશ્વર ૪ દિવસ પ્રવાસ ૬૫ વર્ષથી વધુ ઉંમરના હિન્દુઓ માટે ભારે માંગને કારણે હવેથી દરરોજ પ્રસ્થાન કરશે. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૬૭૯૭૭૪૪૨. ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૬૭૫)

**નિઃશુલ્ક જાત્રા**
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરૂલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૭૨૭)

## ૧૪. નોકરી ખાલી છે

■ ''અવંતે રિયલ્ટી'' ઑફિસના ક્લેરિકલ કામકાજ માટે માણસ જોઈએ-- 8356926392, 9702284500. (બી-૧૬૧૬૦)

**દક્ષિણ મુંબઈમાં પ્રાચીન જૈન તિર્થમાં અનુભવી ધર્મપ્રેમી, વિશ્વાસુ, કોમ્પ્યુટરના અનુભવી સારા પગાર સાથે જરૂર છે. મોબાઈલ 9322234901. email:alloysteel3@gmail.com (એસડીબી-૨૭૨૧)**

■ શેરમાર્કેટના સંપૂર્ણ જાણકાર-અનુભવી અને ઝડપથી સોદા કરી શકે તેવી વ્યક્તિ કિંગ સર્કલ ખાતે તુરંત જોઈએ છે. સંપર્ક: 9082182937. (૭૪-એ)

**REQUIRED**
Office DTP Operator 12th Pass + Computer Knowledge, Salary - 15000/- + (Age upto 40 years), Jalaram - Borivali 9820441711/ 9820000538.(49-A)

GOVT. REGISTERED CO. Requires Retired, Home-makers, Bankers, Salary + PF. 9029094202. (B-16189)

## ૧૭. જગ્યા આપવી છે

**જુહુ-જેવીપીડી**
**પ્રાઈમ લોકેશન, વ્યાજબી ભાવથી, રેડી પઝેશન 4 બેડરૂમ 1700' જોગર્સ પાર્ક નજીક 8.11/- CR. મી. દેસાઈ- 7738934973 / 8591072299. (એસડીબી-૨૭૧૩)**

## ૧૭. જગ્યા આપવી છે

**ચેમ્બુર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી-વેચાણથી લેવા-આપવા વર્ધમાન પ્રોપર્ટીજ-૯૮૯૨૮ ૩૩૯૩૯. (બી-૧૬૧૩૨)

**જુહુ-જેવીપીડી**
**વિશાળ સ્પેસીયસ 4 બેડરૂમ 2400' રેડી પઝેશન પ્રાઈમ લોકેશન પાર્ક નજીક ૧૩ CR. મી. દેસાઈ - 8591072299/ 7738934973. (એસડીબી-૨૭૧૪)**

**કાંદિવલી (વેસ્ટ)**
**માતૃ આશિષ**
બાલભારતી સ્કુલની બાજુમાં, એસ.વી. રોડ
* ૨૨ માળના નવા ટાવરમાં
૨ બેડરૂમ એરીયા ૫૦૯' કારપેટ ૧.૪૫ કરોડ | ૨ બેડરૂમ એરીયા ૬૫૩' કારપેટ ૧.૮૩ કરોડ
૩ બેડરૂમ એરીયા ૯૫૬' કારપેટ, ૨.૬૮ કરોડ
* ૨૦ + એમીનીટીઝ, પોડીયમ, Rooftop Garden
MARKETED BY : M.G. REALTORS - 9820964062 RADHA ESTATE AGENCY-9821034272
(બી-૧૬૨૧૧)

**ગુલમોહર રોડ**
**રેડી પઝેશન બ્રાન્ડ ન્યુ બિલ્ડિંગ બધી જ એમેનીટીઝ નામાંકિત બિલ્ડર, આકર્ષક કિમ્મત ટૂંક સમય માટે 45,000/- સ્કે.ફિટ ભાવથી 1500'થી 3000' સુધી. મી. દેસાઈ - 8591072299/ 7738934973. (એસડીબી-૨૭૧૫)**

**સાંતાક્રુઝ-બાંદ્રા**
**અમારી પાસે 3/ 4/ 5 બેડરૂમના 1200'થી 3800' સુધીના રેપ્યુટેડ બિલ્ડરના આવનારા પ્રોજેક્ટોમાં પ્રાઈમ લોકેશન સીવ્યુ રેરા રજિસ્ટર્ડ ફ્લેટો મળશે. મી. દેસાઈ - 9022850038. (એસડીબી-૨૭૧૬)**

**બ્રીચકેંડી**
**3 બેડરૂમ 1370' ખૂબજ સુંદર બનાવેલો, 1 પાર્કિંગ સાથે અમરસન ગાર્ડનની સામે કમ્પાઉન્ડ ફેસિંગ 8.25/- CR વેચાણથી. (દલાલભાઈઓ આવકાર્ય.)- 7738934973 / 9004172273. (એસડીબી-૨૭૧૭)**

## ૧૭. જગ્યા આપવી છે

**પાર્લા (વેસ્ટ)**
**દાદાભાઈ રોડમાં બંધાતા 4 વીંગના 2 ટાવરમાં 2/3/5 બેડરૂમના ફ્લેટો ઘટાડેલા ભાવે તથા પેમેન્ટ ચૂકવણીમાં સ્કીમ છે. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૬૭૯)**

**અંધેરી**
**(ઈસ્ટ) વિશાલ સોસાયટી પાસે. (વેસ્ટ) નાડકો શોપિંગ સેન્ટર પાસે પ્રતિષ્ઠિત બિલ્ડરના પ્રોજેક્ટમાં (ઈન્વેસ્ટર વેલ્કમ.) ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૭૧૦)**

**''બોરીવલી (વેસ્ટ)''**
''શિંપોલીમાં રેપ્યુટેડ બિલ્ડરના નવા બિલ્ડિંગમાં UNTOUCHED 3 બેડરૂમ-1060' કાર્પેટ ફ્લેટ, 2 કાર પાર્કિંગ (2.55 CR+++), તાત્કાલિક કબજો.'' સંપર્ક: ''સુગ્નેશભાઈ''- 9819773728. (૧૩/એ)

***લોનાવલા***
દહેરાસરની સામે 3BHK બંગલો વેચાણમાં 9869151200. (બી-૧૬૧૬૫)

**વોર્ડન રોડ**
હાજીઅલી/ તાડદેવ/નાનચૌક 2 BHK ફ્લેટસ વેચવાના છે. સી/સિટીવ્યુ, 'રૂપાણી' એજન્ટ. 9820372950/ 9619775855. (બી-૧૬૧૭૮)

**કાંદિવલી (વેસ્ટ)**
એમ. જી. રોડ, સ્માર્ટ 1 બેડ માસ્ટર બેડ સાથે @ 90L, 2 બેડ @ 1.19 Cr, પઝેશન ટૂંક સમયમાં, ઈન્ડોર ગેમ ઝોન, રૂફટોપ એમેનીટીઝ, મેટ્રો, દેરાસર, સ્કૂલ, હૉસ્પિટલ, સ્ટેશન નજીક. (P51800056407). 8104282352/ 8108439084. (જેપી/૪૯૯૯-જી)

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઈસન્સથી 4 બેડરૂમ્સ વેસ્ટરલી સેમી ફર્નિશ્ડ ફ્લેટ 1236' 11 મો માળો નવું મકાન બજાજ રોડ, આપવાના છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ ૯૮૧૯૮૭૪૫૧૫. (૬૧-સી)**

**વિલેપાર્લે વેસ્ટ**
**ઓનરશીપથી નવું બિલ્ડિંગ 4 બેડરૂમ્સ 1305' 12 મો માળે, 2 ફ્લેટ ૭૪૦' ૨ બેડરૂમ્સ ૧૧મે અને 10મા માળે, બજાજ રોડ, આપવાના છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ ૯૮૧૯૮૭૪૫૧૫. (૬૧-એ)**

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી વેસ્ટ**
2 બેડરૂમ, 700' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ. એજન્ટ: જય શાહ- 8850666935. (બી-૧૬૧૬૭)

**પાર્લા વેસ્ટ**
લક્ઝુરીયસ 3 બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ. 1250' કાર્પેટ, 3 બેડરૂમ 950' કાર્પેટ, નવું મકાન, એમેનીટીસ સાથે. એજન્ટ: જય શાહ- 8850666935. (બી-૧૬૧૬૬)

**કાંદીવલી (વેસ્ટ)**
મહાવીર નગર લીંક રોડ, 3 બેડરૂમ, 1100', (ફાઇનલ 2.70 CR). 9324854365. (૪૪-સી)

**ઘાટકોપર (વેસ્ટ)**
**સંભવદર્શન**
ગોપાલભવનની પાછળ, એલ.બી.એસ રોડ, ૧ બેડરૂમ હોલ કિચન-'માસ્ટર બેડ સાથે ફુલ્લી ફર્નીશ્ડ, પાર્કિંગ સાથે ઓનરશીપ વેચાણથી' 9820888323. (૬૪-એ)

**પાર્લા (ઈસ્ટ)**
**3 બેડરૂમ હોલ કિચન ૨ પાર્કિંગ દેરાસરની સામે ૪ બાલકની ૩.૭૫ નેગોશીયેબલ જીતુભાઈ 9619018233. (૨૮૪)**

**મલાડ (વેસ્ટ)**
**માર્વે રોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમનાં ફ્લેટો વેચાણથી - ભાડેથી લેવા.- ભરત પટેલ - 9820054730. નિષીત - 9920041841. (એસડીબી-૨૭૨૩)**

**ઘાટકોપર (વેસ્ટ)**
કામાલેન- ૧ બેડરૂમ - 510' કારપેટ, ૧લે માળે, વેલમેઈનટેન બિલ્ડીંગ, વેલ ફર્નીશ્ડ, (1.15 LAKH) નેગોશીએબલ. 9619400752. (૭૦-સી)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/ વેચાણથી લેવા/ વેચવા રમેશ નિમાવત 9320571016-9082933313. (૧૫૯૬૦-એ)

**મુલુન્ડ (વેસ્ટ)**
2 BHK, 705' અને 3 BHK, 951', વાલજી લધા રોડ, પોડિયમ પાર્કિંગ સાથે ફ્લેટ વેચવાનો છે. 2-વે રેમ્પ. સંપર્ક - 9930333456 (P51800055546). (૨૩/એ)

(જુઓ પાનું ૧૨) ▶▶

A Landmark address in GHATKOPAR East
**THE MANSION by DNK**
- G+3 PODIUMS + 10 RESIDENTIAL FLOORS
- 3 & 4 BHK PREMIUM APARTMENTS
- 10'10" (3.30 m) FLOOR TO FLOOR HEIGHT
- DECKS IN ALL LIVING ROOMS
- 2 WAY VEHICULAR RAMPS
- ALL SURFACE CAR PARKING
- DOUBLE HEIGHT ENTRANCE LOBBY
- LANDSCAPED AMENITY PODIUM

Unit sizes available:
: 3 BHK : 939 sq.ft. / 1011 sq.ft. 1141 sq.ft. / 1244 sq.ft.
: 4 BHK : 1343 sq.ft. / 1428 sq.ft. 2399 sq.ft. / 2583 sq.ft.

DNK Developers Come Home to Quality
Site Address: Plot No. 15, Khokhani Lane, Off 60 Feet Road, Ghatkopar East, Mumbai 400 077
Call for Site Visit: 9819848956
MahaRERA Registration No.: P51800080426 | Website: https://maharera.maharashtra.gov.in/



(KP-2530-B)

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ભાલ | ખબર |
| ભાસ્કર | વનસ્પતિ |
| ભાળ | સૂર્ય |
| ભાંગરો | કજિયો |
| ભાંજગડ | કપાળ |

### ઓળખાણ પડી?




સત્તરમી સદીમાં એક મહેલમાં તૈયાર કરવામાં આવેલું વિશ્વ વિખ્યાત Louvre Museum કયા દેશમાં છે એ કહી શકશો?
અ) બેલ્જીયમ બ) સ્પેન ક) ફ્રાંસ ડ) લક્ઝમ્બર્ગ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | ૨ ર | ચૂ | ૩ ર | ણ | | ૪ અ | ફ | ૫ સો | ૬ સ |
| ૭ રા | સ | | જ | | ૮ ચે | લી | | ૯ ગ | જા |
| ૧૦ ક | મ | | ૧૧ ત | ૧૨ ર | ત | | ૧૩ મા | ન | વ |
| મી | | ૧૪ સ | | ૧૫ મા | વ | ત | ર | | ટ |
| | ૧૬ ઉ | ન્મા | દ | | ણી | | ૧૭ મા | ૧૮ લ | |
| ૧૯ સં | | ન | | ૨૦ શા | | ૨૧ સુ | ર | ક્ષિ | ૨૨ ત |
| ૨૩ ય | ૨૪ મ | | ૨૫ મ | ન | ૨૬ સા | | | ૨૭ ત | ર |
| ૨૮ મિ | ના | ર | | | ૨૯ વ | ૩૦ ર | ૩૧ ખ | | વ |
| ત | | | ૩૨ અ | વ | ચે | ત | ન | | ર |
| | ૩૩ અ | ગ | મ | | તી | | ૩૪ ક | મા | વું |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | | ૮ | ૯ | | | | | |
| ૧૦ | | ૧૧ | | | | ૧૨ | | | |
| | | ૧૩ | | | ૧૪ | | ૧૫ | ૧૬ | |
| ૧૭ | ૧૮ | | | ૧૯ | | | | | |
| | ૨૦ | | | ૨૧ | | | ૨૨ | | ૨૩ |
| ૨૪ | | | ૨૫ | | | ૨૬ | | | |
| | | ૨૭ | | | | ૨૮ | | | |
| ૨૯ | | | | ૩૦ | | | | | |
| ૩૧ | | | | | | | | ૩૨ | |

**આડી ચાવી**
૧. ઔષધનું, ઓસડ સંબંધી (૪)
૪. હકારવાળું, પોઝિટિવ (૫)
૭. આસન, ઝટ, ફલક (૨)
૮. સરોવરમાં જન્મેલું (૩)
૧૦. નોકર (૩)
૧૨. એકઠું, ઊપજ, સરવાળો (૨)
૧૩. હાથે લખેલી નકલ (૪)
૧૫. લક્ષણ, અસર, રૂપ (૩)
૧૭. કાર્ય (૩)
૧૯. યાત્રાનું સ્થળ (૩)
૨૦. એક જ્ઞાતિ (૨)
૨૧. --- માંડવી એટલે બગડેલા કામને સંભાળવું (૨)
૨૨. ગામ આખાને કપડાં પહેરાવે (૩)
૨૪. પવિત્ર વ્યક્તિ (૨)
૨૫. પરાજ્ય, પંક્તિ (૨)
૨૬. અણી, ધાર (૨)
૨૭. આપણા ---નાં માયાળુ માનવી (૩)
૨૮. તૃપ્તિ, પતાવટ, સમાધિ (૪)
૨૯. થોડું (૨)
૩૦. ઝંખવાણો પડ્યો (૪)
૩૧. નવ પ્રકારની ભક્તિ (૫)
૩૨. નિઃ સંતાન સ્ત્રી (૨)

**ઊભી ચાવી**
૧. દેખાવનું વિધિપુરઃ સર (૫)
૨. છનો સમૂહ (૩)
૩. અંગ્રેજીમાં હા કહો (૨)
૪. જાત્રા (મક્કાની) (૨)
૫. રાજાની મા (૪)
૬. આખી વાર્તા ટૂંકમાં કહેવી તે (૪)
૯. શરીરની રોગ વિરોધી ક્ષમતા (૯)
૧૧. દયા, કૃપા, મહેરબાની (૪)
૧૪. તરણું (૩)
૧૬. છાંટા (૩)
૧૮. ચાંદી (૩)
૨૨. વેતન, પગાર (૪)
૨૩. વૃદ્ધાવસ્થા (૫)
૨૪. આયોજન, જોડવું તે (૪)
૨૫. ચાલ, હીંડછા (૨)
૨૬. આકાશ, ગગન (૪)

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી વાંચન સૃષ્ટિમાં અલાયદો વાંચન વર્ગ ઊભો કરનારા હરકિસન મહેતાની નવલકથાને ઓળખી કાઢો.
અ) ઓથાર બ) વેવિશાળ
ક) ભેદ ભરમ ડ) આટાપાટા

### જાણવા જેવું

ચંપાના ફૂલ ઘણી જાતના થાય છે. ધોળા ચંપા ઉપરાંત પીળો ચંપો, રાય ચંપો, કનક ચંપો, નાગ ચંપો, ખેર ચંપો, ભૂચંપો અને સુલતાન ચંપો તેની બીજી જાતો છે. ચંપો રૂપે, રંગે અને વાસમાં ઉત્તમ મનાય છે, પણ એક તેનો અવગુણ એવો કહેવાય છે કે તેની પાસે ભ્રમર આવતો નથી.

### સુડોકુ-૯૦૩૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | | | | | | ૩ |
| | | ૭ | ૯ | | ૫ | ૨ | | |
| | ૯ | | ૧ | | ૨ | | ૫ | |
| | | ૩ | ૪ | ૯ | | ૮ | | |
| | | | ૮ | | ૭ | | | |
| | | ૫ | | ૨ | ૬ | ૧ | | |
| | ૨ | | ૭ | | ૯ | | ૮ | |
| | | ૬ | ૨ | | ૪ | ૩ | | |
| ૧ | | | | | | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૩૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૨ | ૧ | ૮ | ૩ | ૫ | ૪ | ૯ | ૬ |
| ૪ | ૩ | ૫ | ૧ | ૯ | ૬ | ૨ | ૮ | ૭ |
| ૬ | ૮ | ૯ | ૨ | ૪ | ૭ | ૩ | ૫ | ૧ |
| ૫ | ૧ | ૮ | ૯ | ૬ | ૩ | ૭ | ૨ | ૪ |
| ૯ | ૬ | ૩ | ૪ | ૭ | ૨ | ૮ | ૧ | ૫ |
| ૨ | ૪ | ૭ | ૫ | ૮ | ૧ | ૬ | ૩ | ૯ |
| ૮ | ૫ | ૬ | ૩ | ૧ | ૪ | ૯ | ૭ | ૨ |
| ૩ | ૭ | ૨ | ૬ | ૫ | ૯ | ૧ | ૪ | ૮ |
| ૧ | ૯ | ૪ | ૭ | ૨ | ૮ | ૫ | ૬ | ૩ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

ભારતમાં અનેક લોકો પર્વતીય વિસ્તારમાં રહે છે. આપણા દેશનું કયું શહેર સૌથી વધુ ઊંચાઈ પર સ્થિત છે એ જાણો છો
અ) શિલોન્ગ બ) લેહ
ક) મુનાર ડ) નૈનિતાલ

### નોંધી રાખો

માણસ કેવો હોવો જોઈએ? મન મક્કમ, મજબૂત જેમનાં હૃદય વિશાળ મહાન, સાચી શ્રદ્ધા સાથ બાવડાં કામગરાં બળવાન.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૧૧, ૩૨, ૬૩, ૧૦૪, ૧૫૫, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૧૫૫ પછી કઈ સંખ્યા આવે?
અ) ૧૮૪ બ) ૧૯૯
ક) ૨૦૫ ડ) ૨૧૬

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| જંગમ | ગતિશીલ |
| જંગલ | રાન |
| જટિલ | અટપટું |
| જઠર | હોજરી |
| જવલ્લે | ભાગ્યેજ |

ગુજરાત મોરી મોરી રે: રામનારાયણ પાઠક

ઓળખાણ પડી: સ્પેસ નીડલ

માઈન્ડ ગેમ: ૭૩

ચતુર આપો જવાબ — માથું ખંજવાળો: ટોક્યો

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) નયના ભટ્ટ (૭) નીતા દેસાઈ (૮) ખુશરૂ કાપડિયા (૯) હર્ષા મહેતા (૧૦) લજિતા ખોના (૧૧) પુષ્પા પટેલ (૧૨) તાહેર ઔરંગાબાદવાલા (૧૩) શીરીન ઔરંગાબાદવાલા (૧૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) મીનળ કાપડિયા (૧૮) શ્રદ્ધા આશર (૧૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નયના ગિરીશ મિસ્ત્રી (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) અલકા વાણી - સિડની (૨૬) પ્રવીણ વોરા (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) મહેશ દોશી (૨૯) વિણા સંપટ (૩૦) ભાવના કર્વે (૩૧) અંજુ ટોલિયા (૩૨) પુષ્પા ખોના (૩૩) કિશોર બી. સંઘરાજકા (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) શિલ્પા શ્રોફ (૩૬) જ્યોત્સના ગાંધી (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) હિના દલાલ (૩૯) રમેશ દલાલ (૪૦) ડાયના સંતોકે (૪૧) દિપીકા દોશી (૪૨) સુરેશ ઉદેશી (૪૩) નિતિન જયંતિલાલ બજરિયા (૪૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૫) ધીરેન્દ્ર ઉદેશી (૪૬) ગીતા ઉદેશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ડો. પ્રકાશ કટકિયા (૪૯) અરવિંદ કામદાર (૫૦) અંબરીષ ઓઝા (૫૧) શીરીન ઉદેશી (૫૨) નૂતન વિપીન શાહ (૫૩) હરિહર ભટ્ટ - ડાલાસ - યુએસએ

# ગિલની ટીમ ઈન્ડિયાને જીતવાનો ફરી મોકો

## ભારતના ૧૮૦ રનની લીડ સહિત ૧/૨૪૪: સ્મિથ-બ્રૂકની ૩૦૩ની લડાયક ભાગીદારી: સિરાજની છ, આકાશની ચાર વિકેટ

એજબૅસ્ટન: ભારતે અહીં બીજી ટેસ્ટમાં શુક્રવારના ત્રીજા દિવસે ઇંગ્લૅન્ડને પહેલા દાવમાં ૪૦૭ રન પર ઑલઆઉટ કરીને ૧૮૦ રનની સરસાઈ મેળવી હતી અને ત્યાર બાદ બીજા દાવમાં ભારતે રમત વહેલી બંધ કરવામાં આવી ત્યાં સુધીમાં યશસ્વી જયસ્વાલ (૨૮ રન, ૨૨ બૉલ, છ ફોર)ની વિકેટના ભોગે ૬૪ રન કર્યા હતા અને સરસાઈ સહિત ભારતના એક વિકેટે ૨૪૪ રન હતા. હજી બે દિવસની રમત બાકી છે.

શુભમન ગિલના સુકાનમાં ભારતને લીડ્સની પ્રથમ ટેસ્ટમાં જીતવાનો સારો મોકો મળ્યો હતો, પરંતુ અત્યંત ખરાબ ફીલ્ડિંગ અને નિરાશાજનક બોલિંગને લીધે ભારતીયોએ પાંચ સેન્ચુરી કર્યા પછી પણ પરાજય જોવો પડ્યો હતો. જોકે અહીં એજબૅસ્ટનમાં ભારતને જીતવાનો વધુ એક મોકો મળ્યો છે.

એજબૅસ્ટન ઇંગ્લિશ ક્રિકેટરોનો ગઢ છે જ્યાં ભારતીયો એક પણ ટેસ્ટ હજી સુધી નથી જીતી શક્યા.

શુક્રવારની ત્રીજા દિવસની રમતને અંતે ભારતનો સ્કોર ૧/૬૪ હતો. કે. એલ. રાહુલ છ ફોરની મદદથી બનેલા ૨૮ રને રમી રહ્યો હતો, જ્યારે કરુણ નાયર સાત રને દાવમાં હતો. યશસ્વીની વિકેટ જૉશ ટન્ગે લીધી હતી.

એ પહેલાં, ઇંગ્લૅન્ડની ટીમનો પ્રથમ દાવ લાંબી લડત બાદ ૪૦૭ રન પર સમાપ્ત થયો હતો. વિકેટકીપર જૅમી સ્મિથ (૧૮૪ અણનમ, ૨૯૫ મિનિટ, ૨૦૭ બૉલ, ચાર સિક્સર, એકવીસ ફોર)



જૅમી સ્મિથ અને હૅરી બ્રૂક વચ્ચે ૩૦૩ રનની લડાયક ભાગીદારી થઈ હતી.

અને હૅરી બ્રૂક (૧૫૮ રન, ૨૩૪ બૉલ, એક સિક્સર, સત્તર ફોર) આ ઇનિંગ્સના બે હીરો હતા. તેમની વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૩૬૩ બૉલમાં ૩૦૩ રનની ભાગીદારી થઈ હતી. બ્રૂકની બહુમૂલ્ય વિકેટ આકાશ દીપે લીધી હતી. તેણે બ્રૂકને ક્લીન બોલ્ડ કર્યો હતો. હજારો પ્રેક્ષકોએ ઊભા થઈને તેનું પૅવિલિયનમાં સ્વાગત કર્યું હતું. બ્રૂકની વિકેટ વખતે સ્મિથ ૧૭૧ રને હતો અને ઇંગ્લૅન્ડનો સ્કોર ૬/૩૮૭ હતો. મોહમ્મદ સિરાજને ૭૦ રનમાં છ વિકેટ અને જસપ્રીત બુમરાહના સ્થાને રમાડવામાં આવેલા આકાશ દીપને ૮૮ રનમાં ચાર વિકેટ મળી હતી. બાકીના ચાર બોલરમાં પ્રસિદ્ધ ક્રિષ્નાને ૭૨ રનમાં, રવીન્દ્ર જાડેજાને ૭૦ રનમાં, નીતીશ રેડ્ડીને ૨૯ રનમાં અને વૉશિંગ્ટન સુંદરને ૭૯ રનમાં વિકેટ નહોતી મળી.

### ઇંગ્લૅન્ડ બે રીતે રેકૉર્ડ-બુકમાં

ઇંગ્લૅન્ડે જે ૪૦૭ રન કર્યા એ બે રીતે રેકૉર્ડ-બુકમાં આવી ગયા. (૧) ઇંગ્લૅન્ડના ૪૦૭ રન ટેસ્ટ-ક્રિકેટની એક ઇનિંગ્સમાં ૩૦૦-પ્લસની ભાગીદારી ધરાવતું અને ઑલઆઉટ સાથેનું સૌથી નીચું ટોટલ છે. (૨) ઇંગ્લૅન્ડના ૪૦૭ રન ટેસ્ટ-ક્રિકેટનું એવું સૌથી નીચું ટોટલ છે જેમાં ૧૫૦-પ્લસના બે વ્યક્તિગત સ્કોર સામેલ છે.

### નવા બૉલ પછી મળી પાંચ વિકેટ

ઇંગ્લૅન્ડની ઇનિંગ્સમાં ભારતીય ટીમે નવો બૉલ લીધો ત્યાર પછી છેલ્લી પાંચ વિકેટ ઝડપથી લેવામાં ભારતીય બોલર્સને સફળતા મળી હતી. એ જોતાં, એજબૅસ્ટનની પિચમાં ફાસ્ટ બોલર્સને ફાયદો થઈ શકે એવી હજી ઘણી સંભાવના હોવાથી બીજા દાવમાં ભારતીય બૅટ્સમેનોને બ્રિટિશરો ભારે પડી શકે. જોકે ભારતના પક્ષમાં ૧૮૦ રનની તોતિંગ સરસાઈ છે એ જોતાં શનિવારના ચોથા દિવસે ભારતીય ટીમ વધુ ૨૭૦ જેટલી રન કરીને ઇંગ્લિશ ટીમને બાકીના એકથી સવા દિવસમાં જીતવા ૪૫૦ રનનો લક્ષ્યાંક આપશે તો ભારતના વિજયની સંભાવના વધુ રહેશે. ■

# ઇંગ્લૅન્ડના ૧૪૮ વર્ષના ઇતિહાસમાં ન થયો એવો રેકૉર્ડ જૅમી સ્મિથના હાથે થયો

## ક્રિષ્નાની એક ઓવરમાં ચાર ફોર અને એક સિક્સર પણ ફટકારી

એજબૅસ્ટન: ભારતના વિકેટકીપર-બૅટ્સમૅન રિષભ પંતે લીડ્સની પ્રથમ ટેસ્ટના બન્ને દાવમાં સેન્ચુરી ફટકારી ત્યાર બાદ હવે ઇંગ્લૅન્ડના વિકેટકીપર-બૅટસમૅન જૅમી સ્મિથે બીજી ટેસ્ટના પ્રથમ દાવમાં ભારતીય બોલર્સની ખબર લઈ નાખી. તેણે કેટલાક રેકૉર્ડ પણ રચ્યા હતા. તે ૧૮૪ રને અણનમ રહ્યો હતો. તે ડબલ સેન્ચુરી ચૂકી ગયો હતો. તે ૨૯૫ મિનિટ સુધી ક્રીઝમાં હતો અને ૨૦૭ બૉલમાં ચાર સિક્સર, ૨૧ ફોરની મદદથી ૧૮૪ રન કર્યા હતા.

જૅમી સ્મિથે ખાસ કરીને ભારતના પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાની એક ઓવરમાં ચાર ફોર અને એક સિક્સર સહિત કુલ ૨૩ રન ઝૂડી કાઢ્યા હતા, તેણે બે વિક્રમ પણ પોતાના નામે કર્યા હતા. ક્રિષ્નાનો ઇકોનોમી રેટ (૫.૫૩) ખૂબ ખરાબ રહ્યો જે બદલ તેની બોલિંગની ખૂબ ટીકા થઈ રહી છે.

જૅમી સ્મિથ ઇંગ્લૅન્ડના ૧૪૮ વર્ષના ઇતિહાસમાં એવો પહેલો બૅટ્સમૅન છે જેણે પાછલા દિવસે નૉટઆઉટ ન રહ્યો હોય, પરંતુ પછીના દિવસે ઇનિંગ્સમાં પહેલી વાર બૅટિંગમાં આવીને લંચ પહેલાનાં સત્રમાં ૧૦૦થી વધુ રન બનાવ્યા.

જૅમી સ્મિથે ૮૦ બૉલમાં સેન્ચુરી પૂરી કરી



જૅમી સ્મિથે પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાની એક ઓવરમાં કુલ ૨૩ રન કર્યા હતા.

હતી અને ઇંગ્લૅન્ડના બૅટ્સમેનોમાં તેની આ સદી સંયુક્ત રીતે ત્રીજા નંબરે ફાસ્ટેસ્ટ છે.

જૅમી સ્મિથ અને હૅરી બ્રૂક (૧૫૮ રન) વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૩૦૩ રનની વિક્રમી ભાગીદારી થઈ હતી. ■

# ત્રેવડી સદી ચૂકી જનાર શુભમન ગિલના નામે ત્રણ મોટા રેકૉર્ડ લખાયા

એજબૅસ્ટન: ભારતના નવા ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલે ગુરુવારે અહીં ઇંગ્લૅન્ડ સામેની બીજી ટેસ્ટના બીજા દિવસે આઉટ થતાં પહેલાં વધુ ૩૧ રન કર્યા હોત તો ભારતના ટ્રિપલ સેન્ચુરિયનોમાં તેનું નામ વીરેન્દર સેહવાગ અને કરુણ નાયર સાથે જોડાઈ ગયું હોત. જોકે શુભમન ગિલે ભારતને ગૌરવ અપાવતા ત્રણ મોટા વિક્રમ પોતાના નામે કર્યા છે.

ભારતનો પ્રથમ દાવ ગુરુવારે ૫૮૭ રન પર પૂરો થયો હતો. રમતના અંત સુધીમાં ઇંગ્લૅન્ડે ત્રણ વિકેટે ૭૭ રન કર્યા હતા.

શુભમન ગિલ ગુરુવારે ૨૬૯ રનના પોતાના સ્કોર પર આઉટ થઈ ગયો હતો. તેણે ૨૬૯ રન ૩૮૭ બૉલમાં ત્રણ સિક્સર અને ૩૦ ફોરની મદદથી બનાવ્યા હતા. સાતમી વિકેટ માટે તેણે વૉશિંગ્ટન સુંદર (૧૦૩ બૉલમાં ૪૨ રન) સાથે ૧૪૪ રનની ભાગીદારી કરી હતી.

ભારતના ૯૩ વર્ષના ટેસ્ટ ક્રિકેટ ઇતિહાસમાં થઈ ચૂકેલા કેપ્ટનોના



વ્યક્તિગત સ્કોર્સમાં અત્યાર સુધી વિરાટ કોહલીના ૨૫૪ રન (૨૦૧૯માં પુણેમાં સાઉથ આફ્રિકા સામે) હાઈએસ્ટ હતા જે રેકૉર્ડ હવે શુભમન ગિલે તોડી નાખ્યો છે.

એશિયાની બહાર રમી ચૂકેલા ભારતીય ટેસ્ટ ક્રિકેટરોમાં પણ શુભમન ગિલના ૨૬૯ રન હવે હાઈએસ્ટ છે. એમાં તેણે સચિન તેંડુલકર (૨૦૦૪માં સિડનીમાં ૨૪૧ રન)નો વિક્રમ તોડ્યો છે.

એજબૅસ્ટન ઇંગ્લૅન્ડના ક્રિકેટરોનો ગઢ છે અને એમાં અત્યાર સુધી ફક્ત બે વિદેશી ખેલાડીઓએ ડબલ સેન્ચ્યુરી કરી હતી. ૧૯૭૧માં પાકિસ્તાનના ઝહીર અબ્બાસે ૨૭૪ રન કર્યા હતા અને ૨૦૦૩માં સાઉથ આફ્રિકાના ગ્રેમ સ્મિથે ૨૭૭ રન બનાવ્યા હતા. આ સ્થળે હવે શુભમન ગિલ (૨૬૯ રન) ત્રીજો વિદેશી ખેલાડી છે.

ટેસ્ટ અને વન-ડે બંને ફૉર્મેટમાં ડબલ સેન્ચુરી ફટકારી ચૂકેલા વિશ્વના ચાર લેજન્ડ્સમાં હવે પાંચમા ખેલાડી તરીકે શુભમન ગિલ જોડાયો છે. આ પહેલાના ચાર લેજન્ડ્સમાં સચિન તેંડુલકર, વીરેન્દર સેહવાગ, રોહિત શર્મા તેમ જ ક્રિસ ગેઈલનો સમાવેશ છે.

હરીફ ટીમે બૅટિંગ આપ્યા પછી જે બૅટ્સમેનોએ ઇનિંગ્સમાં સૌથી વધુ રન કર્યા છે એમાં ગિલ (૨૬૯ રન) પ્રથમ ભારતીય અને વિશ્વનો પાંચમા નંબરનો ખેલાડી છે. તેની આગળના ચાર પ્લેયરમાં ઑસ્ટ્રેલિયાનો મેથ્યૂ હેડન (૩૮૦ રન), ઇંગ્લૅન્ડનો ગ્રેહામ ગૂચ (૩૩૩ રન), સાઉથ આફ્રિકાનો એબી ડિવિલિયર્સ (૨૭૮ અણનમ) અને સાઉથ આફ્રિકાનો ડેરિલ કલિનન (૨૭૫ અણનમ) સામેલ છે. ■

# જૉકોવિચ વિમ્બલ્ડનમાં ૯૯મી મૅચ જીત્યો

### ૧૯મી વખત ત્રીજા રાઉન્ડમાં પહોંચ્યો

લંડન: પુરુષોની ટેનિસમાં સિંગલ્સના સૌથી વધુ ૨૪ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતનાર સર્બિયાનો નોવાક જૉકોવિચ અહીં વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપમાં બીજો રાઉન્ડ જીતીને ત્રીજા રાઉન્ડમાં પહોંચ્યો ત્યારે તેણે વધુ એક સિદ્ધિ પોતાના નામે કરી હતી. તે ૧૯મી વખત વિમ્બલ્ડનના થર્ડ રાઉન્ડમાં પહોંચ્યો અને એ સાથે તેણે રોજર ફેડરરનો ૧૮ વખત ત્રીજા રાઉન્ડમાં પહોંચવાનો વિક્રમ તોડી નાખ્યો હતો.

જૉકોવિચે બીજા રાઉન્ડમાં ડૅન ઇવાન્સને ૬-૩, ૬-૨, ૬-૦થી હરાવ્યો હતો. તે પચીસમું ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતવાનો મોકો તાજેતરમાં ફ્રેન્ચ ઓપનમાં ગુમાવી બેઠો હતો, પણ વિમ્બલ્ડનમાં એ તક મેળવવા આતુર છે એવું તે અગાઉ કહી ચૂક્યો છે.

એકંદરે જૉકોવિચ વિમ્બલ્ડનમાં ૯૯મી મૅચ જીત્યો. વિમ્બલ્ડનમાં તે સાત વખત ચૅમ્પિયન બન્યો છે.

દરમ્યાન મહિલા વર્ગમાં જાપાનની ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન નાઓમી ઑસાકા ત્રીજા રાઉન્ડમાં ઍનાસ્તાસિયા પાવલીચેન્કોવા સામે ૬-૩, ૪-૬, ૪-૬થી પરાજિત થઈ હતી.

# ૧૪ વર્ષના સૂર્યવંશીએ આતશબાજી પૂરી કરી કે તરત બીસીસીઆઇએ ગિલની ફટકાબાજી જોવા મોકલી દીધો!

એજબૅસ્ટન: આઇપીએલમાં રાજસ્થાન રૉયલ્સ વતી તાજેતરમાં જોરદાર ફટકાબાજી કરનાર ૧૪ વર્ષની ઉંમરના વૈભવ સૂર્યવંશીએ બે દિવસ પહેલાં નૉટિંગમમાં ઇંગ્લૅન્ડની અન્ડર-૧૯ ટીમ સામે સિરીઝની ત્રીજી મૅચમાં વિક્રમજનક નવ સિક્સર અને છ ફોરની મદદથી માત્ર ૩૧ બૉલમાં ૮૬ રન ખડકી દીધા ત્યાર બાદ બીસીસીઆઇએ તેની આ તૂફાની બૅટિંગથી પ્રભાવિત થઈને તેને વધુ પ્રોત્સાહન અપાવવા શુભમન ગિલની બૅટિંગ જોવા એજબૅસ્ટન પહોંચી જવા કહ્યું અને ગણતરીના કલાકોમાં સૂર્યવંશી (ગુરુવારે) એક સ્ટૅન્ડમાંથી ગિલની બૅટિંગ માણી રહેલો જોવા મળ્યો હતો.

બુધવારે નૉટિંગમમાં ભારતની અન્ડર-૧૯ ટીમે ઇંગ્લૅન્ડની જુનિયર ટીમને ત્રીજી વન-ડેમાં ૩૩ બૉલ બાકી રાખીને ચાર વિકેટના માર્જિનથી હરાવીને સિરીઝમાં ૨-૧થી સરસાઈ મેળવી હતી. વૈભવ સૂર્યવંશી અન્ડર-૧૯ની એક વન-ડેમાં સૌથી વધુ નવ સિક્સર ફટકારનાર પ્રથમ ભારતીય બૅટ્સમૅન છે. તેણે મનદીપ સિંહનો આઠ સિક્સરનો વિક્રમ તોડ્યો હતો. લેફ્ટ-હૅન્ડ ઓપનર સૂર્યવંશીએ ૨૭ જૂનની પ્રથમ મૅચમાં ૪૮ રન અને ૩૦ જૂનની બીજી મૅચમાં ૪૫ રન કર્યા હતા.

સૂર્યવંશીને ગુરુવારે ગિલની ફટકાબાજી જોવાનો લહાવો મળ્યો હતો. બુધવારે ૧૧૪ રન પર નૉટઆઉટ રહેલા ગિલે ગુરુવારે ૨૬૯ રનના પોતાના સ્કોર પર વિકેટ ગુમાવી ત્યાં સુધીમાં તેણે ઘણા વિક્રમો પોતાના



નામે કરી લીધા હતા. તે ત્રેવડી સદી ચૂકી ગયો હતો, પરંતુ ભારતના ૯૩ વર્ષના ટેસ્ટ-ક્રિકેટના ઇતિહાસમાં કેપ્ટન તરીકે તેણે (શુભમન ગિલે) ૨૬૯ રનનો સૌથી મોટો વ્યક્તિગત સ્કોર નોંધાવ્યો હતો અને વિરાટ કોહલીના છ વર્ષ જૂના ૨૫૪ રનના રેકૉર્ડને બીજા નંબર પર મોકલી દીધો હતો. જોકે વિદેશી ધરતી પર ટેસ્ટમાં ડબલ સેન્ચુરી ફટકારનાર ગિલ બીજો ભારતીય સુકાની છે. તેણે વિરાટ (૨૦૧૬માં વેસ્ટ ઇન્ડિઝમાં ૨૦૦ રન)ની બરાબરી કરી છે.

ગુરુવારે એજબૅસ્ટનમાં ગિલે ડબલ સેન્ચુરી પૂરી કરી અને ભારતના સ્કોરને ૫૦૦ રનને પાર પહોંચાડ્યો ત્યારે મેદાન પર જે સેલિબ્રેશન કર્યું ત્યારે કૅમેરામૅને સ્ટૅન્ડમાં બેઠેલા સૂર્યવંશીને કૅમેરામાં કેદ કરી લીધો હતો. સૂર્યવંશીની સાથે અન્ડર-૧૯ ટીમનો કૅપ્ટન અને આઇપીએલમાં ચેન્નઈ વતી રમનાર આયુષ મ્હાત્રે પણ બેઠો હતો અને અન્ડર-૧૯ ટીમના બીજા ખેલાડીઓ પણ હતા.

# રોહિત-વિરાટ હવે સીધા પર્થમાં રમતા જોવા મળશે?

## ભારતીય ક્રિકેટરોની બાંગ્લાદેશ ટૂર મોકૂફ રહેવાની પાકી સંભાવના

નવી દિલ્હી: બાંગ્લાદેશમાં ગયા વર્ષથી તંગ રાજકીય પરિસ્થિતિ છે અને નાગરિકોમાં અસંતોષ પણ છે એટલે એકંદરે એ દેશમાં પરિસ્થિતિ ગંભીર હોવાથી બીસીસીઆઇ ઑગસ્ટમાં ભારતીય ક્રિકેટરોને ત્રણ વન-ડે અને ત્રણ ટી-૨૦ રમવા બાંગ્લાદેશ નહીં મોકલે એવી પાકી સંભાવના છે એ જોતાં રોહિત શર્મા અને વિરાટ કોહલીનું મેદાન પરનું કમબૅક વિલંબમાં મુકાશે અને હવે છેક ઑક્ટોબરમાં પર્થમાં રમતા જોવા મળશે.

રોહિત અને વિરાટ ટી-૨૦ ઇન્ટરનૅશનલ તેમ જ ટેસ્ટમાંથી નિવૃત્ત થઈ ચૂક્યા છે, પરંતુ વન-ડેમાં રમવાનું તેમણે ચાલુ રાખ્યું છે. તેઓ ઑગસ્ટમાં બાંગ્લાદેશમાં આયોજિત વન-ડે શ્રેણીમાં રમતા જોવા મળવાના હતા, પણ હવે એ પ્રવાસ ભારતીય ખેલાડીઓની અસલામતીને ધ્યાનમાં રાખીને મુલતવી રહેશે અને છેક આવતા વર્ષે યોજાશે એવી શક્યતા છે.

૧૯મી ઑક્ટોબરે પર્થમાં ભારતીય ક્રિકેટરોના ઑસ્ટ્રેલિયા પ્રવાસની પ્રથમ વન-ડે રમાશે અને એમાં રોહિત-વિરાટની ફટકાબાજી જોવા મળશે. એ પહેલાં, ટીમ ઇન્ડિયાની ટેસ્ટ અને ટી-૨૦ સિરીઝ જ યોજાવાની છે.



ભારતીય ટીમે બાંગ્લાદેશમાં ૧૭-૩૧ ઑગસ્ટ દરમ્યાન વન-ડે અને ટી-૨૦ શ્રેણી રમવાની હતી જે હવે મોકૂફ રહેશે.

પીટીઆઇને બીસીસીઆઇના સૂત્ર પાસેથી જાણવા મળ્યું હતું કે ‘ ભારતીય ટીમનો બાંગ્લાદેશ પ્રવાસ રદ નહીં કરાય, મોકૂફ રખાશે અને ૨૦૨૬માં ક્રિકેટરોને બાંગ્લાદેશ મોકલવામાં આવશે, કારણકે એ પ્રવાસની વન-ડે મૅચો વર્લ્ડ કપના ક્વૉલિફિકેશન સાથે જોડાયેલી છે.’

બીસીસીઆઇ ઇચ્છે છે કે બાંગ્લાદેશમાં સામાન્ય ચૂંટણી યોજાઈ જશે અને ત્યાર પછી પરિસ્થિતિ શાંત પડશે ત્યારે જ ક્રિકેટરોને ઢાકા મોકલવામાં આવશે. ■

# જાડેજાએ બીસીસીઆઇનો નિયમ તોડ્યો, પણ તેની સામે કદાચ પગલાં નહીં લેવાય

બર્મિંગમ: ભારતીય ક્રિકેટરો દેશમાં રમતા હોય કે વિદેશમાં, બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ના અમુક ખાસ નિયમો છે જે ખુદ ખેલાડીઓની સલામતી માટે તેમ જ ક્રિકેટની ભાવનાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા છે, પરંતુ એમાંનો એક મહત્ત્વનો નિયમ પીઢ ક્રિકેટર રવીન્દ્ર જાડેજાએ તાજેતરમાં તોડ્યો હતો. જોકે એવું મનાય છે કે તેની સામે શિસ્તભંગનું કોઈ પગલું નહીં ભરવામાં આવે અને માત્ર હળવો ઠપકો આપીને વાતને બાજુ પર રાખી દેવામાં આવશે.

બીસીસીઆઇના નવા નિયમો સ્ટાન્ડર્ડ ઑપરેટિંગ પ્રૉસિજર (એસઓપી) તરીકે ઓળખાય છે. આ નિયમો ડિસેમ્બર-જાન્યુઆરીની બોર્ડર-ગાવસકર ટ્રોફી હેઠળ રમાયેલી ટેસ્ટ સિરીઝના સમયથી (છ મહિનાથી) બનાવવામાં આવ્યા છે.

એક જાણીતી ક્રિકેટ વેબસાઇટના અહેવાલ મુજબ જાડેજા ટીમની બસમાં બધાની સાથે પ્રવાસ કરવાને બદલે અલગથી મુસાફરી કરીને સ્ટેડિયમ પર પહોંચ્યો હતો.

ખેલાડીઓ વચ્ચે એકતા રહે, તેઓ મૅચ પહેલાં એકમેક સાથે પોતાના વિચારોની, સૂચનોની આપ-લે કરી શકે અને રમતાં પહેલાં થોડા હળવા થવા એકમેક સાથે મજાકમસ્તી કરી શકે એ



હેતુથી ટીમના તમામ ખેલાડીઓએ મૅચ સંદર્ભમાં ટીમની બસમાં જ મુસાફરી કરવી ફરજિયાત છે. જોકે એજબૅસ્ટનમાં ઇંગ્લૅન્ડ સામે ચાલી રહેલી બીજી ટેસ્ટમાં જાડેજા ગુરુવારના બીજા દિવસે મૅચ પહેલાં ટીમની બસમાં બધાની ભેગો સ્ટેડિયમ પર પહોંચવાને બદલે પોતાની રીતે વહેલો પહોંચી ગયો હતો અને નેટ પ્રૅક્ટિસ કરવા લાગ્યો હતો. એ દિવસે જાડેજાએ પાછલા દિવસના ૪૧ રન પરથી આગળ રમવાનું શરૂ કરવાનું હતું અને કૅપ્ટન શુભમન ગિલ ત્યારે ૧૧૪ રન પર નૉટઆઉટ હતો.

જાડેજાએ નિયમનો ભંગ તો કર્યો જ હતો, પણ તેણે કારણમાં જણાવ્યું કે ‘લીડ્સની પ્રથમ ટેસ્ટના બન્ને દાવમાં ભારતીય ટીમનો જોરદાર ધબડકો થયો જેને લીધે છેવટે પરાજય જોવો પડ્યો હતો. એ હતાશાને ધ્યાનમાં રાખીને મેં નવા બૉલનો સામનો વધુ સારી રીતે કરી શકાય એ માટે વહેલી અને વધુ પ્રૅક્ટિસ કરવાનું નક્કી કર્યું હતું એટલે વહેલો સ્ટેડિયમ પર પહોંચ્યો હતો. ઇંગ્લૅન્ડમાં જેટલી વધુ બૅટિંગ પ્રૅક્ટિસ કરીએ એટલો બૅટ્સમૅનને ફાયદો થાય. બૉલ ગમે ત્યારે સ્વિંગ થાય અને બૅટની કટ લાગી જાય અથવા ક્લીન બોલ્ડ થઈ જવાય. હું બૅટિંગમાં પણ યોગદાન આપું છું ત્યારે વધુ આનંદિત થાઉં છું. મારા આઉટ થયા બાદ વૉશી (વૉશિંગ્ટન સુંદર) પણ ઘણું સારું રમ્યો હતો.’

જાડેજા ગુરુવારે ૮૯ રનના સ્કોર પર આઉટ થતાં ૧૧ રન માટે સેન્ચુરી ચૂકી ગયો હતો. તેણે ગિલ સાથે છઠ્ઠી વિકેટ માટે ૨૦૩ રનની ભાગીદારી કરી હતી.

ત્યાર બાદ વૉશિંગ્ટન સુંદરે ૧૦૩ બૉલમાં ૪૨ રન કર્યા હતા અને ગિલ સાથે સાતમી વિકેટ માટે ૧૪૪ રનની ભાગીદારી કરી હતી. ■

# એશિયાની સૌથી જૂની ફૂટબૉલ સ્પર્ધા ડુરાન્ડ કપની ટ્રોફીનું અનાવરણ



દિલ્હીમાં શુક્રવારે ડુરાન્ડ કપ ફૂટબૉલ સ્પર્ધાની ટ્રોફીની ટૂરના આરંભ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, લશ્કરના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, નૌકા દળના ચીફ ઍડમિરલ દિનેશ ત્રિપાઠી અને હવાઈ દળના ચીફ ઍર ચીફ માર્શલ એ. પી. સિંહ. એશિયાની આ સૌથી જૂની ફૂટબૉલ સ્પર્ધા ૨૩મી જુલાઈથી રમાશે જેમાં ૨૪ ટીમ ભાગ લેશે.

# વર્લ્ડ ચૅમ્પિયન ગુકેશે વર્લ્ડ નંબર-વન કાર્લસનને હરાવ્યો


ઝાગ્રેબ (ક્રોએશિયા): ભારતના ચેસના વર્લ્ડ ચૅમ્પિયન ડી. ગુકેશે અહીં સુપર યુનાઇટેડ રૅપિડ ઍન્ડ બ્લિટ્ઝ ચેસ ટૂર્નામેન્ટમાં વર્લ્ડ નંબર-વન નોર્વેના મૅગ્નસ કાર્લસનને હરાવીને છઠ્ઠા રાઉન્ડને અંતે તમામ ખેલાડીઓમાં મોખરાનું સ્થાન મેળવ્યું હતું.

ગુકેશ વર્ષોથી નંબર-વનના સિંહાસન પર બિરાજમાન ભૂતપૂર્વ વિશ્વ વિજેતા કાર્લસનને બીજી વાર હરાવવામાં સફળતા મેળવી છે.

ઝાગ્રેબની સ્પર્ધામાં ગુકેશની આ પાંચમી જીત હતી.

ગુકેશે છ રાઉન્ડને અંતે મહત્તમ ૧૨ પૉઇન્ટ સામે ૧૦ પૉઇન્ટ મેળવીને અવ્વલ સ્થાન મેળવ્યું હતું.

ભારતનો જ આર. પ્રજ્ઞાનાનંદ સાતમા સ્થાને છે. કાર્લસન હંમેશાં ફાસ્ટ ચેસમાં ગુકેશની ટીકા કરતો આવ્યો છે, પરંતુ ગુરુવારે ગુકેશે તેને એના જ ખાસ ફૉર્મેટમાં તેને હરાવીને તેની બોલતી બંધ કરી હતી. ■






**ગાર્ડ ઑફ ઑનરઃ** પોર્ટ ઑફ સ્પેનના પિઆર્કો ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પર પહોંચેલા ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું ગાર્ડ ઑફ ઑનર આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. (એજન્સી)

## ૧૭. જગ્યા આપવી છે

### પાર્લા (વેસ્ટ)
**બજાજ રોડ, જૂન 2026માં પઝેશનવાળા 4 બેડરૂમ 1758' ફૂટ/ 3 બેડરૂમ 1220' ફૂટના હાઈટવાળા ફ્લેટો વેચાણથી. ભરત પારેખ. 9920675286. (એસડીબી-૨૭૨૫)**

### પાર્લા (વેસ્ટ)
**સ્ટેશન/ દેરાસર પાસે રેડી પઝેશનમાં 3+2 જોડીમાં 1850' ફૂટ/ 3+3 જોડીમાં 2200' ફૂટ તથા 2950' ફૂટ વેચાણથી. ભરત પારેખ. 9920675286. (એસડીબી-૨૭૨૬)**

### ગામદેવી
3 બેડરૂમ - 1400' - કાર્પેટ - પાર્કીંગ - 90000000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૬૬/ડી)

### કેમ્પ્સકોર્નર
2 બેડરૂમ - 1050' - કાર્પેટ - ગેરેજ - પાર્કીંગ - 6,0000000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૬૬- ડી)

### નાનાચોક
2 1/2 બેડરૂમ - 970' - કાર્પેટ - 2 પાર્કીંગ ફરનીસ્ટ 7,40,00000/= શાહ - 9820068382. (૧૫૩૬૬/ડી)

### વાલકેશ્વર
4 બેડરૂમ - 2000' - કાર્પેટ- ગેરેજ- પાર્કીંગ 14,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૬૬/સી)

### નેપેન્સી
4 બેડરૂમ 2820' - કાર્પેટ - ગેરેજ-કલબહાઉસ સી.ફેસીંગ 9820068382. (૧૫૩૬૬/ સી)

### કેમ્પ્સકોર્નર
3 બેડરૂમ - 2 પાર્કીંગ- સી.ફેસીંગ- 2400' 16,50,00000/= નેગોશીએબલ - 9820068382. (૧૫૩૬૬/સી)

### તારદેવ
3 બેડરૂમ - 1600' - કાર્પેટ - પાર્કીંગ - 7,25,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૬૬-બી)

### હાજીઅલી
3 1/2 બેડરૂમ - 1600' - ગેરેજ- પાર્કીંગ - ફરનીસ્ટ- 8,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૬૬-બી)

### ગામદેવી
2 1/2 બેડરૂમ - 825' - પાર્કીંગ - સી.વ્યુ. 5,0000000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૬૬-બી)

### તારદેવ
2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કીંગ - 3,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૬૬/એ)

### બાબુલનાથ
4 બેડરૂમ - 1800' - કાર્પેટ - સી.વ્યું. 9,0000000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૬૬/એ)

### વાલકેશ્વર
4 બેડરૂમ - 1900' - કાર્પેટ - ગેરેજ- સી.વ્યું. 13,50,00000/= શાહ - 9820068382. (૧૫૩૬૬/એ)

### અંધેરી - વેસ્ટ
**ઉપાશ્રય અને દેરાસરની બાજુમાં, 2 બેડરૂમ, 670 sqft 1 PARKING, 2.40 CR. 9819100243. (બી-૧૬૨૧૬)**

### લોનાવાલા
તુંગારલીમાં ૪ બેડરૂમ ફર્નિશ્ડ બંગલો લોંગલીઝથી આપવાનો. શ્રીજી- ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૬૧૧૧)

### લોનાવાલા
તુંગારલીમાં ૪ બેડરૂમ ફર્નિશ્ડ બંગલો વેંચાણમાં શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૬૧૧૦)

### અંધેરી ઈસ્ટ
સ્ટેશન પાસે/દૂર - ફ્લેટો લેવા-વેચવા લીવ લાયસંસથી/બુકિંગમાં. ''ભરતભાઈ વાયડા'' 9869108110. (બી-૧૬૨૧૦)

### કાંદિવલી વેસ્ટ
જતીન વિલા, રેડી પજેસન, OC સાથે, નવા ટાવરમાં, સારા વ્યૂવાળા 1 BHK - 2 BHK અને જોડી ફ્લેટ, ખજુરિયા ગાર્ડન અને શ્રી દ્વારકેશ હવેલી પાસે સંપર્ક 9820436340. (જેપી/૪૫૦૩-ઈ)

### ચોપાટી
**ન્યુ ટાવર, 2 BHK. રેરા કાર્પેટ 800 સ્કે ફીટ, 1 રિઝર્વ પાર્કિંગ, જૈન મંદિર પાસે, 6.5 CR વેચવાનું છે. 8080753577. (Time: 10-6) (દલાલ માફ). (બી-૧૬૧૯૬)**

### કાંદિવલી વેસ્ટ
1 બેડરૂમ, ભાડેથી એમજી રોડ- પટેલનગરની બાજુમાં, 30,000/- 100,000 નેગોશીએબલ. ઓનરઃ 9819108232 (૧૫૩૬૯/એ)

### ઘાટકોપર (ઈસ્ટ)
**''નિલકંઠ વેલી,'' 3 બેડરૂમ, હોલ, કિચન-1000' સેમીફર્નીશ્ડ, 4.50 CR, 2 કાર પાર્કિંગ, 3 બેડરૂમ, હોલ, કિચન- 1000' યુઝેબલ, 3.85 CR, 1 સ્ટીલ્ટ પાર્કિંગ સેમીફર્નીશ્ડ, 2 બેડરૂમ, હોલ, કિચન- 700' યુઝેબલ, 2.60 Cr, 1 કાર પાર્કિંગ, બધી એમેનીટીસ, HOMEALONE PROPERTY- જુગ્નું શાહ- 9833352224. (૮૧-એ)**

### દાદર (ઈસ્ટ)
ભાડેથી. 2 બેડરૂમ, હોલ, કિચન-700', સેમીફર્નીશ્ડ, લીફટ, 1 કાર પાર્કિંગ. 9136655744. (૮૧-બી)

### માટુંગા (ઈસ્ટ)
વેચાણથી. 1 બેડરૂમ, હોલ, કિચન- કન્વર્ટેડ, 425', લીફટ. 9136655744. (૮૧-સી)

## ૧૭. જગ્યા આપવી છે

### ઘાટકોપર (ઈસ્ટ)
ભાડેથી. તિલક રોડ, 2 બેડરૂમ, હોલ, કિચન- 740', કારપેટ. 9821069113, 9870769113. (૮૨-એ)

### ડુપ્લેક્સ/પેન્ટહાઉસ/ટેરેસ ફ્લેટો
**૧૫ કરોડથી ૭૫ કરોડ સુધી સાઉથ મુંબઈમાં લકઝરીયસ ફ્લેટો 3/4/5 બેડરૂમનાં સારી સોસાયટીમાં લેવા/ વેચવા. નેપીયન્સી/વાલકેશ્વર/મલબાર હિલ/ બ્રિચ કેન્ડી/અલ્ટામાઉન્ટ રોડમાં, વેચવા/લેવા/લિઝ માટે સંપર્ક કરો. 'મનન સોની' 8108333388 - 'અનિલ સોની' 9821097391. (૮૩-એ)**

### પેડર રોડ
ત્રણ બેડરૂમ (૧૭૦૦ કાર્પેટ) (ગેરેજ અને પાર્કિંગ) ૯ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી- ૨૭૩૦)

### તારદેવ
એક બેડરૂમ (હાયર ફ્લોર) (પાર્કિંગ) ૩૫૦ લાખ (નેગોશીએબલ), બે બેડરૂમ (હાયર ફ્લોર) (પાર્કિંગ) ભાડેથી ૧૩૦૦૦૦ (નેગોશીએબલ), (નવું બિલ્ડિંગ) ત્રણ બેડરૂમ (૧૦૦૦ કાર્પેટ) (હાયર ફ્લોર) (બે પાર્કિંગ) ૬૭૫ લાખ (નેગોશીએબલ), ભાડેથી ૧૮૦૦૦૦ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી- ૨૭૩૧)

### બાબુલનાથ
(નવુ બિલ્ડિંગ) ત્રણ બેડરૂમ (૧૩૦૦ કાર્પેટ) (ફુલ્લી ફર્નીશ્ડ) (બે પાર્કિંગ) ૧૨ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી- ૨૭૩૨)

### સાઉથ મુંબઈ
2-3-4 બેડરૂમના આકર્ષક ફ્લેટો- બંધાતા ટાવરમાં વર્લી- પ્રભાદેવી- ગામદેવી- તારદેવ- ભાયખલા- વડાલા- લોઅર પરેલ- આધુનિક સુવિધા- પ્રતિષ્ઠિત બિલ્ડર્સ- આકર્ષક શરતે- લેવા સંપર્ક ચેતન શેઠ- 9820062638. (૭૯-ડી)

### તારદેવ
2 બેડરૂમનો ફ્લેટ- દેરાસર નજીક- નાની સુંદર સોસાયટી લેવા ચેતન શેઠ- 9820062638. (૭૯-ઈ)

### સાઉથ મુંબઈ
1-2-3-4 બેડરૂમના ફ્લેટો વોર્ડન, પેડર, અલ્ટ્રામાઉન્ટ, વાલકેશ્વર નેપયન્સી તારદેવ વર્લી પ્રભાદેવી- લેવા- ચેતન શેઠ- 9820062638. (૭૯-એફ)

### તારદેવ
એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ 1/2/3 બેડરૂમ, હાયર ફ્લોરના ફ્લેટો, દેરાસર નજીક, લેવા સંપર્ક ચેતન શેઠ- 9820062638. (૭૯-જી)

### નેપિયનસી
1 બેડરૂમના ફ્લેટ- દેરાસર નજીક, પાર્કિંગ સુવિધા લેવા સંપર્ક ચેતન શેઠ- 9820062638. (૭૯-એચ)

### વરલી
3 બેડરૂમના, સુંદર ફ્લેટ- પ્રતિષ્ઠિત સોસાયટી- હાયર ફ્લોર- પાર્કિંગ સુવિધા સંપર્ક ચેતન શેઠ- 9820062638. (૭૯-આઈ)

### KATHEWADI
દેરાસર પાસે 2 બેડરૂમ, એરિયા 910/950 વિથ પાર્કિંગ, રેડી possession- 9821030822. (૮૦-એ)

### તારદેવ
2 બેડરૂમ, એરિયા 580 કાર્પેટ, રેડી possession- હરેશ- 9821030822. (૮૦-બી)

### Andheri West
**ઈર્લાબ્રીજ દેરાસર/ શોપર્સ સ્ટોપ સ્ટેશન નજીક ફ્લેટસ- ઓફિસ ભાડાથી/ વેચાતા. લેવા 9820601794 Bharat Mayani (એસડીબી-૨૭૩૪)**

### અંધેરી (ઈસ્ટ)
સ્ટેશન અને મેટ્રો નજીક નવા બંધાતા 18 માળના ટાવરમાં 1 અને 2 BHK અને જોડી ફ્લેટ, 13 Slab Completed, દેરાસર ઉપાશ્રય કોમ્પ્લેક્ષમાં, મોર્ડન એમેનીટીઝ સાથે. સંપર્કઃ દિનેશ 9757252097. (૭૨-એ)

### ઘાટકોપર વેસ્ટઃ
વેચાણથી નીલકંઠ એન્કલેવ "D" વિંગ, 805 કાર્પેટ, 2 બેડરૂમ- 2 પાર્કિંગ. 9820137243. (૭૪-બી)

### કીંગસર્કલ
3 બેડરૂમ-900', Parking, higher, Westernly, 3.7 Cr. જૂનામાં ૧ બેડરૂમ 350', 1.5 Cr., Lift, maintained society. only whatsapp. 9820037940. (૭૫-એ)

### અંધેરી (વેસ્ટ)
લીવલાયસંસથી શૉપર સ્ટોપ પાસે, વિષ્ણુબાગમાં, ફર્નીશ્ડ ૧.૫ બેડરૂમ લેવા. રાજેશભાઈઃ ૯૮૨૦૭૭૨૩૯૦. (૭૬-એ)

### ગામદેવી
2 બેડરૂમ- 680'- કાર્પેટ- પાર્કીંગ- 2,30,00000/= નેગોશીએબલ- શાહ- 9820068382. (૧૫૩૬૭-એ)

### ગ્રાન્ટરોડ
2 બેડરૂમ- 800'- જુનું ભાડું - 2,25,00000/= નેગોશીએબલ- શાહ- 9820068382. (૧૫૩૬૭-એ)

### વાલ્કેશ્વર
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી- ૨૭૨૮)

## ૧૭. જગ્યા આપવી છે

### તારદેવ
2 બેડરૂમ- 800'- કાર્પેટ- પાર્કીંગ- 3,75,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૬૭-એ)

### ચોપાટી પાસે બાબુલનાથ નજીક
જૂના ભાડે (૩૫૦ કાર્પેટ) એક રૂમ અને કિચન (૨૪ કલાક પાણી) (પાર્કીંગ) (રીડેવલપમેન્ટ થશે) વેચાણથી ૧૩૦ લાખ (નેગોશીએબલ) 9136430653. (એસડીબી-૨૭૨૯)

### કાંદિવલી વેસ્ટ
1 બેડરૂમ / 2.5 બેડરૂમ પારેખગલીમાં પઝેશન ડિસેમ્બર 2025 ક્રોસ વેન્ટિલેટેડ રીઝનેબલ ભાવથી લેવા માટે - 9867920677/ 9821624967. (૭૨-બી)

### કાંદિવલી વેસ્ટ
પારેખ રેડીઅન્સ 1/ 2 /3 બેડરૂમ MG ક્રોસ રોડ No.3, રેડી પજેશન OC સાથે રીઝનેબલ ભાવથી લેવા માટે - 9867920677/ 9821624967. (૭૨-સી)

### BORIVALI (WEST)
Prem Nagar, 'Manglam Rajanigandha', Near S. V. Road, Derasar, Haveli, Spacious 2/3 BHK, Jodi Possible. Manglam & Karnani Ventures LLP. 9833985175 / 7021062687. (JP/4503-D)

FOR BUYING SELLING Leasing Residential Property Colaba to Prabhadevi Available Sale Lease Options in Trump Tower Lodha Park/ Allura India Bulls BLU and many more Proposals. 9699091506. (285)

JUHU, SEA-FACING, BUNGAlow, Vacant, Independent, Freehold, 38000 sqft Plot. 350 Crores. Smaller Bungalows available. Call: 7738964338, 9819300359. (B-16194)

### VIRAR WEST
**2 Bedroom area 1295 Untouch Resale Ready Possession Investor Flat E/W 24 Water Parking Full White Package 80 Lakh negotiable Jash Properties 7666328834. (53-A)**

### LALBAG, MAIN ROAD,
New Bldg with OC, Low maintenance 2 Bed 650 cpt 3.2 Cr. Genuine Seller, 9773038617. (B-16104)

### GHATKOPAR (EAST) DERASAR LANE
**Prime Location., Off 60 Feet Road. 4-Bedroom Hall Kitchen - 1450' Carpet, with Balcony, Semi Furnished, Two Parking 1st Floor - Brand New Building. 5 Minutes Walking Distance Station. Very Near to Jain Derasar and Upashray. For Sale: 9892722827. (71-B)**

### VILEPARLE (WEST)
Luxurious 4 Bedroom, 2300', Near Station, Mandir, Peaceful Location, Ready Sale. Vinodbhai 8097960449, Bhavesh 9324001110. (15368/D)

### MARINE DRIVE
Sea Face 3 BHK 1700 + Closed Garage. Call Ashok Shah 9821036552. (79-A)

### NEW MARINLINES
2528 Feet Fully Furnished Attach Toilet @ 21757/- Ashok Shah 9821036552. (79-A)

### URGENTLY-REQUIRED
On Sale Jodi 4+3 BHK World View Lower Parel Only at Market Rate. Most Genuine Clients Call 9920655056 / 9820855056 SFRC. (79-B)

### LOWER PAREL
758' Carpet Park Signet On Sale / Rent. Multiple Office / Retail Units Available www.lowerparelsignet.com - 9820855056 / 9870573648 SFRC (79-B)

### KHETWADI
For Sale - 2 BHK Semi Furnished (627'), 2nd Floor, Ownership, Lift Available. Vijay Realtors 9224214227. (79-C)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

### ભાંડુપ
**હેવી ઈન્ડસ્ટ્રીઅલ ગાળો ભાંડુપ કલા ઉદ્યોગનગર LBS માર્ગમાં 1100 ફીટ અને 1030 ફીટ ગ્રાઉન્ડ ફ્લોર 22 ફીટ હાઈટ, પાવર સાથે ભાડેથી/ વેચાણથી મળોઃ 9892002660 / 9969469931. (બી-૧૬૧૪૨)**

### વસઈ - કામણ
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### વસઈ
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી- ૨૨૭૨)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

### વસઈ (ઈસ્ટ)
ઈન્ડસ્ટ્રીયલ ગાળો વેચાણથી આપવાનો છે. બીજે માળે, ૧૪૫ સ્કી.મીટર કારપેટ. સંપર્કઃ 9820773986. (૪૩-એ)

### અંધેરી (પૂર્વ) મહાકાલી
એમ.આય.ડી.સી. ઈન્ડસ્ટ્રીઅલ ગાલા, લીવલાયસંસ એરિયા ૪૦૦ થી ૭૫૦૦ ફર્નીશ્ડ/ અનફર્નીશ્ડ ૨૦ ફુટ ઉંચાઈવાળા લોફ્ટ સાથે. સંપર્કઃ ૯૮૨૧૦૪૯૯૧૧. (એસડીબીજી-૨૬૯૭)

## ૨૦. ધંધાદારી જગ્યા

### ''ડોમ્બીવલી (ઈસ્ટમાં)''
''પાંડુરંગ સ્કુલની સામે ભાડા પર લાગેલ દુકાન - 110' (14' હાઈટ) વેચવાની'' - 9324444122. (૫૬-એ)

### ઝવેરી બજાર કાલબાદેવી
**કોટન એકસચેંજ પાસે, 170 ફુટની બીજા માળે, ઓનરશીપ ઑફિસ વેચવાની. (1.85 CR નેગોશીએબલ). 9987071234/ 8779888584. (૬૭-એ)**

### બોરીવલીમાં ભાડાથી
શોરૂમ સ્ટેશન દેરાસર નજીક જાંબલી ગલીમાં (885), (920), (1630), (2075) રેડી પઝેશન અર્જન્ટથી 500/- ફૂટ સુનિલભાઈ - 9821477177. (૬૫-એ)

### ઓફિસ - office
વેચાણથી Swastik House, કાંદીવલી વેસ્ટ સ્ટેશન સામે, 340' કારપેટ 95 લાખ+, -440' કારપેટ, -1.23 કરોડ+, -90% લોન, Jodi office 690' -890' કારપેટ સંપર્ક 9820866563. (જેપી/૪૯૯૯-ડી)

### વિલેપાર્લે વેસ્ટ
**લીવ લાઈસન્સથી ઓફિસો ડી.જે રોડ ૧૧૫૦' 1138' જોડી અલગ, 603', સ્ટેશન સામે 450', 225'+ 225' આપવી છે. એજન્ટઃ અશ્વીન મરચન્ટ 9819874515. (૬૧-ડી)**

### અંધેરી (ઈસ્ટ)
બીલ્ટઅપ 4375 ફૂટ, 50 વર્ક સ્ટેશન, કોન્ફરન્સરૂમ, ફુલ્લી ફર્નીશ્ડ, બે કાર પાર્કીંગ, મરોલનાકા, કલાઈન્ટ પાસે પેડઅપ કેપીટલ એક કરોડ હોવી જોઈએ. ભાડેથી, વેચાણથી પણ મળશે. 8169659550. (૧૫૩૬૮/ સી)

### મરોલ નાકા
બીલ્ટઅપ એરીયા 1350' 32 વર્ક સ્ટેશન, 2 સ્ટીલ્ટ પાર્કિંગ, ફુલ્લી ફર્નીશ્ડ વીથ ફુલ્લી એરકન્ડીશન, વેચાણથી/ ભાડેથી મળશે. 8169659550. (૧૫૩૬૮/એ)

### "MASJID BUNDER"
''ખાંડ બજારમાં મેઝેનીન ફ્લોરમાં 130' કાર્પેટ ઓનરશીપ ઓફિસ, વેચવાની''. ''ઓનર'': 9323027531. (૭૩-એ)

### કાંદિવલી (વેસ્ટ)
એસ.વી. રોડ ટચ દુકાન વેંચવાની. (ઓનર) : 7718993257. (૭૭-બી)

### MALAD WEST
**Office Available for Rent Area: 1700 Sq Ft Including Mezzanine. Fully Furnished with 32 Workstations + 1 MD / 5 Manager's Cabin, Pantry, 2 Toilets, CCTV, 1 Car Park. Call: 9819814477. (B-16197)**

### VILE PARLE EAST
Hostel / Corporates 80 Rooms Furnished Available on Rent 08879561055. (B-16198)

### PRIME LOCATION
**For Bank Lease. Ground Floor, area 2412 Carpet, Gokhale Road, Patil Marg, Dadar (West). Mobile: 8080753577 (10 to 5) (Broker Excuse). (B-16195)**

## ૨૩. મનોરંજન

### પ્રાર્થનાસભા, લગ્નગીત, ભજન
સંગીત સંધ્યા, જન્માષ્ટમી-ગણપતિ ભજન, સાંજી, ANNIVERSARY બજેટથી. મનસુખભાઈ- 9326801860. (૫૮-એ)

## ૩૧. નાણાંકીય

### શેરબજાર
કમોડિટીના ટ્રેડિંગ માટે App જોઈએ છે. સંપર્ક 9004260508-8108508134. (જેપી/ ૪૯૯૫-એફ)

## ૩૧. નાણાંકીય

### FINANCE REQUIRED
7 કરોડ, ફક્ત પ્રાઈવેટ ફાઈનાન્સ જોઈએ છે સંપર્ક યોગેશ વ્યાસ 9004260508- 8108508134. (જેપી/૪૯૯૫-જી)

## ૩૨. જમીન - મિલકત

### રીવર ટચ
તાનસા રીવર ટચ 84 ગુંઠા, ટેબલ પ્લોટ, એગ્રીકલ્ચર, પ્રાઈમ લોકેશન, કલીયર ટાઈટલ, વિરાર સીરસાડ ફાટાથી ૨૫ કીમી, ઊસર ગામ, શીંદેવાડી. 8169659550. (૧૫૩૬૮/બી)

### AGRICULTURE PLOT SALE AT KARJAT
**Agricultural Plot 30000 sq.ft. Rate 275/= per sq.ft. available for Sale. Complete Tar Fencing, Main Entrance Gate, Single Owner. Ideal for Resort, Farmhouse, Home Stay, etc. Contact: 9821114355 / 9321807605. (15992-G)**

## ૩૩. ધંધાદારી

### દુનિયાભરમાં પાર્સલ
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૬૧૩૮)

**સર્ચ રીપોર્ટ**
**ઓલ્ડ એગ્રીમેન્ટ**
**ઓલ્ડ OC પ્લાન્સ**
**એરીયા સર્ટીફિકેટ**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૬૧૫૫)

### TANGENT INTERNATIONAL CONSULTANCY
**Offers Legal Drafting (Complaints, Notices, Replies) for Victims of Fraud, Cheating, Criminal/ Civil Cases Advisory, Police Liason/ Assistance in Court Matters (Anticipatory/ Regular Bail, Litigation Strategy) for Appointment: Pratap Bhosle (Ex. Police officer): 9821323064. (JP/4503-B)**

## ૩૪. ફર્નીચર ફીક્ચર

■ સારા કન્ડીશનનાં ૨ સોફા કમ બેડ upholstery સહિત, સોફા, કિચન કેબિનેટ, સેફટી ડોર 36x80 ઇંચ વેચાણથી. 9137782451. (એસડીબી-૨૭૩૫)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

■ તમારા પરિવારમાં સંતાનના નામ માટે, લગ્ન યોગ, જોબ યોગ, બિઝનેસ કંપનીનું નામ શું રાખવું. લકી યર વગેરે માટે સંપર્ક કરો 9819816307 જગદીશભાઈ. (૬૮-એ)

### સદાશિવ જ્યોતિષ
(મુફત સલાહ) 21 વર્ષોનો અનુભવી, મનચાહ્યા પ્યાર, લગ્ન વિલંબ, સૌતનત્રાસ - 8080769503 (અંધેરી) (શુદ્ધ નવગ્રહ રત્ન ઉપલબ્ધ). (બી-૧૬૧૮૭)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

### ACE પેસ્ટીસાઈડ
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૫૯૯૨-એ)

## ૫૨. કુરીઅર્સ

### મનસ્વી પાર્સલ
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

# પાકિસ્તાન-રશિયા રોડ, રેલ કનેક્ટિવિટી વધારશે

નવી દિલ્હીઃ દક્ષિણ એશિયાના દેશોને મધ્ય એશિયા અને રશિયા સાથે જોડવા તેમ જ અમુક દેશને વાર્મ વૉટર સીધું પૂરું પાડી શકાય તે માટે પાકિસ્તાન અને રશિયાએ તંદુરસ્ત રોડ, રેલ કનેક્ટિવિટી વધારવા સહમતી દર્શાવી છે.

ચીનના ટિઆન્જિનમાં યોજાયેલી શાંઘાઈ કો-ઓપરેશન ઑર્ગેનાઈઝેશન (એસસીઓ) મિનિસ્ટ્રીયલ કૉન્ફરન્સ દરમિયાન પાકિસ્તાનના સંદેશવ્યવહાર ખાતાના પ્રધાન અબ્દુલ આલિમ ખાન અને રશિયાના પરિવહન ખાતાના નાયબ પ્રધાન ઍન્દ્રે સર્ગેવિચ નિકિતિને આ ક્ષેત્રમાં વેપાર અને આર્થિક બાબતોને પ્રોત્સાહન આપવા માળખાકીય વિકાસને વેગ આપવા સહમતી દર્શાવી છે.

ટ્રેડ કોરિડોર અને લૉજિસ્ટિકલ રૂટને પ્રાથમિકતા આપી રશિયા અને મધ્ય એશિયા સુધી લંબાવી પાકિસ્તાનને વ્યૂહાત્મક ટ્રાન્ઝિટ હબ બનાવવાનું લક્ષ્ય છે.

પાકિસ્તાનના અત્યાધુનિકીકરણના પ્રયાસો પર પ્રકાશ પાડતા ખાને કહ્યું હતું કે પાકિસ્તાન ટ્રાન્સપોર્ટના માળખાનું ડિજિટલાઈઝેન તેમ જ અવરોધમુક્ત મૉટરવૅનો આરંભ કરી રહ્યું છે.

પાકિસ્તાન વ્યાપક સીસીટીવી સર્વેલન્સ અને ઈ-ટેગિંગને પણ ફરજિયાત બનાવી રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું.

પાકિસ્તાન અને અફઘાનિસ્તાને ગયા મહિને ઉઝબેકિસ્તાન- અફઘાનિસ્તાન-પાકિસ્તાન (યુએપી) રેલ પ્રોજેક્ટને આગળ વધારવા સહમતી દર્શાવી હતી. પ્રાદેશિક કનેક્ટિવિટી માટે આને ચાવીરૂપ પગલું લેખવામાં આવે છે. (એજન્સી) ■

# વિજય મુખ્ય પ્રધાનપદના અમારા પક્ષના ઉમેદવાર છેઃ ટીવીકે

ચેન્નાઈઃ તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે) ના સ્થાપક-મુખ્ય અભિનેતા રાજકારણી વિજય, ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી માટે તેના મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર હશે, એવી જાહેરાત નવી પાર્ટીએ શુક્રવારે કરી હતી.

આ સંદર્ભમાં પાર્ટીની કારોબારી સમિતિની બેઠકમાં એક ખાસ ઠરાવ અપનાવવામાં આવ્યો હતો.

ઉપરાંત, પાર્ટીની વિચારધારાનો પ્રચાર કરવા માટે આવતા મહિને મોટા પાયે રાજ્ય પરિષદ અને ગામડાઓમાં જાહેર સભાઓ યોજવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

આ પ્રસંગે બોલતા વિજયે કહ્યું કે તેમનો પક્ષ ક્યારેય શાસક ડીએમકે કે ભાજપ સાથે જોડાણ કરશે નહીં. ભાજપ સસ્તા રાજકીય લાભ માટે ધાર્મિક આધાર પર લોકોને વિભાજિત કરવા માગે છે. અમારી નીતિ વિરોધીઓ અને વિભાજનકારી શક્તિઓ સાથે કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ જોડાણ નહીં થાય. હું નિશ્ચિતપણે કહું છું કે અમે ડીએમકે કે ભાજપ સાથે કોઈ જોડાણ રાખીશું નહીં.

ઉપરાંત, તેમણે ચેન્નાઈ માટે પરંદુરમાં ગ્રીનફિલ્ડ એરપોર્ટ સ્થાપવાના પ્રસ્તાવ પર ડીએમકે સરકારની ટીકા કરી હતી અને કહ્યું કે આ પગલાથી હજારો પરિવારો વિસ્થાપિત થશે અને આસપાસની ખેતી પર ગંભીર અસર પડશે.

વિજયે પરંદુરમાં લોકોની મુલાકાત ન લેવા બદલ મુખ્ય પ્રધાન એમ કે સ્ટાલિનની ટીકા કરી હતી અને કહ્યું કે ''તેઓ પણ આપણા જ લોકો છે... જો તમે પરંદુર વિસ્તારના લોકોને નહીં મળો, તો હું તેમને સચિવાલયમાં તમારી સાથે મળવા લાવવા તૈયાર છું.'' ■

# કેરળમાં નિપાહ વાઈરસનો ખતરો વધ્યો, ત્રણ જિલ્લામાં અલર્ટ જાહેર, ૨૬ ટીમ તહેનાત

તિરુવનંતપુરમઃ કેરળમાં ફરી એકવાર નિપાહ વાઇરસનો ખતરો વધવા લાગ્યો છે. રાજ્યમાં બે લોકોમાં નિપાહ વાઇરસના સંભવિત લક્ષણો જોવા મળ્યા છે. જેના પગલે કેરળમાં નિપાહ વાઇરસ અંગે ફરી એકવાર ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જેના કારણે કેરળનો આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યો હતો. આરોગ્ય અધિકારીઓએ કેરળમાં એલર્ટ જાહેર કર્યું છે. શુક્રવારે ઉત્તરના ત્રણ જિલ્લાઓમાં આ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. નિપાહ વાઇરસના કેસ વધવાની શક્યતાને ધ્યાનમાં રાખીને આ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

અધિકારીઓએ જાણકારી આપતા જણાવ્યું હતું કે કેરળના કોઝિકોડ, મલપ્પુરમ અને પલક્કડ જિલ્લામાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. નિયમિત તપાસ દરમિયાન કોઝિકોડ અને મલપ્પુરમના સરકારી મેડિકલ કોલેજોમાં મલપ્પુરમ અને પલક્કડ જિલ્લામાંથી કેટલાક શંકાસ્પદ કેસ મળી આવ્યા છે. એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'પુષ્ટિ માટે પુણે સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી સંસ્થાને સેમ્પલ મોકલવામાં આવ્યા છે'.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બોલાવવામાં આવેલી ઈમર્જન્સી બેઠકની અધ્યક્ષતા કર્યા બાદ આરોગ્ય પ્રધાન વીણા જ્યોર્જે કહ્યું હતું કે, 'નિપાહ પ્રોટોકોલ હેઠળ જરૂરી સાવચેતીના પગલાં પહેલાથી જ કડક કરવામાં આવ્યાં છે. કોઝિકોડ, મલપ્પુરમ અને પલક્કડ જિલ્લામાં ટ્રેસિંગ, લક્ષણોની દેખરેખ અને જનજાગૃતિ માટે દરેક જિલ્લામાં ૨૬ ખાસ ટીમો તૈનાત કરવામાં આવી છે. આરોગ્ય મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, 'સંક્રમિત દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોને શોધવા માટે પોલીસ વિભાગ પાસેથી સહયોગ લેવામાં આવી રહ્યો છે'.

જિલ્લા વહીવટીતંત્રને કન્ટેઈનમેન્ટ ઝોનને ચિહ્નિત કરવા અને સામાન્ય લોકોને જાગૃત કરવા માટે જાહેર જાહેરાતો દ્વારા માહિતી ફેલાવવા સૂચના આપવામાં આવી છે. રાજ્ય અને સ્થાનિક સ્તરે હેલ્પલાઈન સ્થાપિત કરવામાં આવી રહી છે જેથી જનતાને સહાય મળી શકે. અધિકારીઓને તાજેતરના અઠવાડિયામાં કોઈ અકુદરતી અથવા અસ્પષ્ટ મૃત્યુ થયા છે કે કેમ તેની તપાસ કરવા સૂચના આપવામાં આવી છે, કારણ કે આ સંભવિત રોગચાળો ફાટી નીકળવાના પ્રારંભિક સંકેતો હોઈ શકે છે. ■

# બૅન્ક શૅરોની આગેવાનીએ ભારે અફડાતફડીમાંથી પસાર થયા બાદ બજાર પોઝિટિવ ઝોનમાં બંધ રહ્યું

મુંબઈ: બેંક શેરોમાં ખરીદી અને યુએસ બજારોમાં તેજી વચ્ચે શુક્રવારે બેન્ચમાર્ક શેરઆંક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી ખૂબ જ અસ્થિરતામાંથી પસાર થયા બાદ અંતે પોઝિટિવ ઝોનમાં બંધ રહ્યા હતા. સેન્સેક્સ ૧૯૩.૪૨ પોઈન્ટ અથવા ૦.૨૩ ટકા વધીને ૮૩,૪૩૨.૮૯ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે ૮૩,૪૭૭.૮૬ પોઇન્ટની ઊંચી સપાટી અને ૮૩,૦૧૫.૮૩ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૫૫.૭૦ પોઈન્ટ અથવા ૦.૨૨ ટકા વધીને ૨૫,૪૬૧ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. બજાર નિયમનકાર સેબીએ યુએસ સ્થિત જેન સ્ટ્રીટ ગ્રુપને સિક્યોરિટીઝ બજારોમાં પ્રવેશથી પ્રતિબંધિત કર્યું છે અને ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં લેવામાં આવેલી પોઝિશન દ્વારા સ્ટોક શેરઆંકોમાં ગોલમાલ કરવા બદલ રૂ. ૪,૮૪૩ કરોડના ગેરકાયદેસર લાભને ડિસગોર્જ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) દ્વારા નિર્દેશિત અત્યાર સુધીની સૌથી વધુ ડિસગોર્જમેન્ટ રકમ હોઈ શકે છે. સેન્સેક્સ કંપનીઓમાંથી બજાજ ફાઇનાન્સ, ઇન્ફોસિસ, હિન્દુસ્તાન યુનિલિવર, આઇસીઆઇસીઆઇ બેંક, એચસીએલ ટેક, અલ્ટ્રાટેક સિમેન્ટ, બજાજ ફિનસર્વ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એક્સિસ બેંક અને લાર્સન એન્ડ ટુબ્રો ટોપ ગેઇનર રહ્યા હતા. જોકે, ટ્રેન્ટ, ટાટા સ્ટીલ, ટેક મહિન્દ્રા અને મારુતિ ટોપ લુઝર રહ્યા હતા. એશિયન બજારોમાં, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ ઊંચા માથાળે સ્થિર થયો હતો જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી અને હોંગકોંગનો હેંગસેંગ નીચા સ્તરે ગબડ્યો હતો. યુરોપિયન બજારો નકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડ થઈ રહ્યા હતા. ગુરુવારે યુએસ બજારો સકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૦૩ ટકા ઘટીને ૬૮.૦૩ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતો. ભારતીય બજારની ગતિ થંભી ગઇ છે, કારણ કે રોકાણકારો આગામી યુએસ ટેરિફ ડેડલાઇન પહેલાં થોભો અને જુઓની વ્યૂહરચના અપનાની રહ્યા છે. જ્યારે વિશ્વબજાર તરફથી મિશ્ર સંકેત મળી રહ્યા છે. ચાલુ એફઆઇઆઇ આઉટફ્લો સેલ ઓફ અભિગમ દર્શાવે છે, જ્યારે ડીઆઇઆઇ ઇનફ્લો આંશિક ટેકો આપી રહ્યા છે, એમ જણાવતા જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના સંશોધન વડા વિનોદ નાયરે કહ્યું હતું કે, તાજેતરની તેજીને પગલે, મુખ્ય બેન્ચમાર્ક ટોચના મૂલ્યાંકન સ્તરની નજીક પહોંચ્યા હોવાથી ઉછાળાનો અવકાશ મર્યાદિત થયો છે અને આગળની ચાલનો આધાર પ્રથમ ક્વાર્ટરની કમાણી અને ટ્રેડ ડીલની વિગતો પર ખૂબ આધાર રાખે છે. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ગુરુવારે રૂ. ૧,૪૮૧.૧૯ કરોડના ઇક્વિટી વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૧,૩૩૩.૦૬ કરોડના શેર ખરીદ્યા હતા. ગુરુવારે, સેન્સેક્સ ૧૭૦.૨૨ પોઈન્ટ અથવા ૦.૨૦ ટકા ઘટીને ૮૩,૨૩૯.૪૭ પર સ્થિર થયો. નિફ્ટી ૪૮.૧૦ પોઈન્ટ અથવા ૦.૧૯ ટકા ઘટીને ૨૫,૪૦૫.૩૦ પર બંધ થયો હતો. એશિયન પેઇન્ટે જણાવ્યું છે કે તે સીસીઆઇ દ્વારા શરૂ કરવામાં આવેલી તપાસ સંદર્ભે સમીક્ષા કરી રહી છે અને તે માટે યોગ્ય કાનૂની ઉકેલ શોધી રહી છે. એપ્રિલથી જનના પ્રથમ ક્વાર્ટરમાં પીસી જ્વેલરે રેવન્યૂમાં ૮૦ ટકાનો વધારો દર્શાવ્યો છે. રિટેલ ચેઇન ડિમાર્ટની માલિકી ધરાવતી એવેન્યુ સુપરમાર્ટે પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં રેવેન્યૂમાં ૧૬ ટકાનો વધારો નોંધાવ્યો છે. પાવર બેક-અપ અને સૌર ઉર્જા ઉત્પાદનોની ડિઝાઇન અને એસેમ્બલિંગમાં વ્યસ્ત સ્માર્ટન પાવર સિસ્ટમ લિમિટેડ સાતમી જુલાઈના રોજ પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. શેરની કિંમત પ્રતિ શેર રૂ. ૧૦૦ છે, ભરણું નવમી જુલાઈના રોજ બંધ થશે. લોટ સાઈઝ ૧,૨૦૦ ઇક્વિટી શેર છે. ભંડોળનો ઉપયોગ બેટરી ઉત્પાદન એકમની ઉત્પાદન લાઇનની જંગમ સંપત્તિની ખરીદી, કાર્યકારી મૂડી જરૂરિયાતો, કરજ ચૂકવણી, મૂડી ખર્ચ અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે.

## અમેરિકાના જેન સ્ટ્રીટ ગ્રૂપ પર સેબીનો પ્રતિબંધ અને ₹ ૪૮૪૩ કરોડનો ડિસ્ગોર્જમેન્ટનો આદેશ

અમેરિકી કૉંગ્રેસમાં જંગી વેરા કપાત અને ખર્ચનું બિલ પસાર, રાજકોષીય ચિંતા સપાટી પર આવતા સોનામાં સુધારો

# સોનામાં ₹ ૩૧૪નો અને ચાંદીમાં ₹ ૪૦નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગઈકાલે અમેરિકી કૉંગ્રેસમાં પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનું જંગી વેરા કપાત અને ખર્ચ અંગેનું બિલ પસાર થઈ જતાં આજે વિશ્વ બજારમાં રાજકોષીય ચિંતા સપાટી પર આવતા ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે સોનામાં રોકાણલક્ષી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જ્યારે ચાંદીના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું. જોકે, ડૉલર ઈન્ડેક્સની નરમાઈ સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૪ પૈસા મજબૂત રહ્યો હોવાથી સોનાની આયાત પડતરો ઘટતા સ્થાનિક ઝવેરી બજારમાં વિશ્વ બજારથી વિપરીત સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧૪થી ૩૧૬નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૦નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૪૦ના સાધારણ ઘટાડા સાથે રૂ. ૧,૦૭,૫૮૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં ડૉલર સામે રૂપિયામાં મજબૂત વલણ અને ઊંચી સપાટીએથી સ્ટોકિસ્ટોની અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧૪ના ઘટાડા સાથે રૂ. ૯૬,૬૩૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૧૬ના ઘટાડા સાથે રૂ .૯૭,૦૨૧ના મથાળે રહ્યા હતા.

ગઈકાલે અમેરિકી કૉંગ્રેસમાં પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનું વેરા કપાત અને ખર્ચનો ખરડો પસાર થઈ જતાં રાજકોષીય દેવામાં વધારાની ચિંતા સપાટી પર આવવાની સાથે ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૩૩૪.૪૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજર સોનામાં અત્યાર સુધીમાં સાપ્તાહિક ધોરણે ૧.૯ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. તેમ જ વાયદામાં ભાવ ૦.૧ ટકા વધીને ૩૩૪૪.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૩૬.૭૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ગુરુવારે ટ્રમ્પના વેરા કપાતના કાયદાએ કૉંગ્રેસમાં અંતિમ અવરોધ દૂર કર્યો હતો.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં સાધારણ નરમાઈ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૦થી ૩૭૯૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને વરસાદની આવન-જાવન વચ્ચે રિટેલ સ્તરની માગ પણ મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે પણ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની ખપપૂરતી માગ રહેતા ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ છતાં આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં છૂટીછવાઈ માગ અને અમુક માલની ગુણવત્તા પણ નબળી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સાધારણ ઘટાડા સાથે રૂ. ૩૮૯૨થી ૩૯૫૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૬થી ૪૦૩૨માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૮૨૦થી ૩૮૪૦ના મથાળે અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૮૮૦થી ૩૯૧૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.


**પશ્ચિમ રેલવે**

**એર સ્પ્રીંગ એસેમ્બલી અને બોગી સાધનોની વિવિધ કામ**

ચીફ વર્કશોપ મેનેજર, EMU વર્કશોપ, મહાલક્ષ્મી, મુંબઈ: ૪૦૦૦૮૩ ઈ-ટેન્ડર નં. EL ૯૦/MX/૨૦૨૫-૨૬/૦૨RT તા. ૨૫.૦૬.૨૦૨૫ આમંત્રે છે. કામનું નામ: એર સ્ટ્રીપ એસેમ્બલીના સ્ટ્રીપીંગ, ટ્રાન્સપોર્ટીંગ, ઓવરહોલીંગ અને EMU/MEMU કોચીઝના કાર્યક્ષેત્ર મુજબના બોગી સાધનો (બોલસ્ટર ટેંકો, ડુપ્લેક્ષ ચેક વાલ્વ, બ્રેક સીલીંડર્સ અને પાર્કિંગ બ્રેક સીલીંડર્સ)ના સ્ટ્રીપીંગ, ટ્રાન્સપોર્ટીંગ, સફાઈ. કામનો અંદાજિત ખર્ચ: ₹ ૫૪,૬૮,૫૦૮.૯૩/- બારડી: ₹ ૧,૦૯,૪૦૦. ટેન્ડર સબમીટ કરવાની અને ખુલવાની તારીખ તથા સમય: ૧૬.૦૭.૨૦૨૫. ૧૨.૦૦ ક. સુધી ટેન્ડર સબમીશન (ઈલેક્ટ્રોનીકલી). વેબસાઈટ: www.ireps.gov.in પર ટેન્ડર જોઈ અને સબમીટ કરી શકાશે. 0355

અમને લાઈક કરો: facebook.com/WesternRly


# કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં પીછેહઠ

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ વધવાની સાથે ઘટતી બજારે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી પણ પાંખી રહેતાં કોપર અને બ્રાસની વેરાઈટીઓ, નિકલ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી ૧૩ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, આજે માત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ કિલોદીઠ રૂ. ૧૪નો અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો ધીમો સુધારો નોંધાયો હતો. આજે સ્થાનિકમાં ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે માગ નિરસ રહેતાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ ઘટીને રૂ. ૯૨૨, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૮૬૦, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ . છ ઘટીને રૂ. ૭૭૪, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૬૦૫ અને કોપર સ્ક્રેપ હેવી તથા નિકલના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને અનુક્રમે રૂ. ૮૪૯ અને રૂ. ૧૩૩૮ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૫૬૦ અને રૂ. ૧૮૩, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૫૯ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૫૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૪ વધીને રૂ. ૨૯૫૨ના મથાળે અને છૂટીછવાઈ વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકના સાધારણ સુધારા સાથે રૂ. ૨૧૫ના મથાળે રહ્યા હતા.


**પશ્ચિમ રેલવે-રાજકોટ મંડળ**

**નવા કામો અને તમામ સામાન્ય સમારકામ, રનિંગ લાઇનમાં સુધારો અને અપગ્રેડેશન અને જારી કરાયેલ સ્લીપર મર્યાદા માટમ પૂરી પાડવી**

**ઈ-ટેન્ડર નોટિસ નં.** 19 **વર્ષ** 2025-26, **તારીખ:** 04/07/2025; **ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિ.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત - 360001, વેબસાઈટ: www.ireps.gov.in

| અ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | અંદાજિત NIT ખર્ચ | અર્નેસ્ટ મની |
|---|---|---|---|---|
| 1 | DRM-RJT -2025-26 -E-28R | ૨૦૨૫-૨૬ ના ઝોન નંબર 07 એટલે કે દ્વારકા (સહિત) થી ઓખા (સહિત) સુધીના નવા કામો અને ₹ ૫ લાખ સુધીના તમામ સામાન્ય સમારકામ, જે આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) જામનગરના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે. | ૮૭,૮૨,૧૯૩.૦૮ | ૧,૭૫,૭૦૦.૦૦ |
| 2 | DRM-RJT -2024-25 -E-88R1 | રાજકોટ મંડળ: ફેઝ-I હેઠળ મૂળી રોડ, રામપરડા, થાન અને વાગડિયા યાર્ડની પેસેન્જર રનિંગ લાઇનમાં સુધારો અને અપગ્રેડેશન. | ૫,૩૮,૫૬,૬૯૦.૮૮ | ૪,૧૯,૩૦૦.૦૦ |
| 3 | DRM-RJT -2025-26 -E-04R1 | રાજકોટ મંડળ: સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (પૂર્વ) ના અધિકારક્ષેત્ર હેઠળ જારી કરાયેલ સ્લીપર મર્યાદા માટમ પૂરી પાડવી. રાજકોટ (સંખ્યા 8000) | ૨,૧૬,૯૫,૬૯૩.૧૨ | ૨,૫૮,૫૦૦.૦૦ |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: ૨૮/૦૭/૨૦૨૫, ૧૫:૦૦ કલાકે

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly RJT-066


# ડૉલર સામે રૂપિયો વધુ ૧૫ પૈસા મજબૂત

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવઘટાડો, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ગઈકાલે ગત જૂન મહિનાનો એચએસબીસી ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઈ બિઝનૅસ એક્ટિવિટી ઈન્ડેક્સ આગલા મે મહિનાના ૫૮.૮ પૉઈન્ટ સામે વધીને ૬૦.૪ની દસ મહિનાની ઊંચી સપાટીએ રહ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૨૫ પૈસા મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૫ પૈસાના સુધારા સાથે ૮૫.૪૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

ગઈકાલે અમેરિકાએ વિયેટનામ સાથેનાં ટ્રેડ ડીલની જાહેરાત કરવાની સાથે અન્ય દેશો સાથે પણ આગામી નવમી જુલાઈ પૂર્વે ડીલ થવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. વધુમાં ગઈકાલે અમેરિકી કૉંગ્રેસમાં ટ્રમ્પનું વેરા કપાતનું અને ખર્ચ અંગેનું બિલ પસાર થઈ જતાં રાજકોષીય ચિંતા સપાટી પર આવતા આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ઘટી આવતા રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૫૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫.૪૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૫૦ અને ઉપરમાં ૮૫.૩૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૫ પૈસા વધીને ૮૫.૪૦ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં સાત પૈસાનો સુધારો આવ્યો હતો. તાજેતરમાં ડૉલર અને ક્રૂડતેલની નરમાઈ પાછળ રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળી રહ્યું છે, પરંતુ અમેરિકી ટેરિફની અનિશ્ચિતતાઓ રૂપિયામાં સુધારો મર્યાદિત રાખી શકે છે, એમ મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૫.૧૦થી ૮૫.૭૦ આસપાસની રહી શકે છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૪ ટકા ઘટીને ૯૬.૯૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧૮ ટકા ઘટીને બેરલદીઠ ૬૭.૯૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આ સિવાય સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૯૩.૪૨ પૉઈન્ટનો અને ૫૫.૭૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો.


**PUBLIC NOTICE**

NOTICE is hereby given that [1] MRS. SHOBHA PRAMOD JAIN and [2] MR. PRAMOD MULTANMAL JAIN are negotiating with our clients for sale and transfer of five fully paid up shares of Rs. 50/- each bearing Distinctive Nos. 076 to 080 recorded in Share Certificate No. 016 issued by the Kent Garden Co-operative Housing Society Ltd. and Flat bearing No. 401 on the 4th floor in the building of the Society Known as Kent Garden and more particularly described in the Schedule hereunder written, free from all encumbrances on the terms and conditions agreed upon by and between them.

NOTICE is hereby given that [1] MRS. SHOBHA PRAMOD JAIN and [2] MR. PRAMOD MULTANMAL JAIN are negotiating with our clients for sale and transfer of five fully paid up shares of Rs. 50/- each bearing Distinctive Nos. 076 to 080 recorded in Share Certificate No. 016 issued by the Kent Garden Co-operative Housing Society Ltd. and Flat bearing No. 401 on the 4th floor in the building of the Society Known as Kent Garden and more particularly described in the Schedule hereunder written, free from all encumbrances on the terms and conditions agreed upon by and between them.

SCHEDULE ABOVE REFERRED TO five fully paid up shares of Rs. 50/- each bearing Distinctive Nos. 076 to 080 recorded in Share Certificate No. 016 issued by the Kent Garden Co-operative Housing Society Ltd. and Flat bearing No. 401 on the 4th floor admeasuring about 110.40 sq. mtrs. Built up area in the building of the Society Known as Kent Garden Constructed on plot bearing Final Plot No. 142 corresponding to C. T. S. No. 720 of village Borivali, Taluka Borivali situated at 51st Road, T. P. S. III, Near Veer Savarkar Garden, Borivali [West], Mumbai 400 092 in the Registration District and Sub District of Mumbai City and Suburban.

Dated 5TH July, 2025.

Sd/=
(Tushar Shah)
For SHAH & ASSOCIATES
Advocates.



**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**પબ્લિક રિલેશન્સ ડિપાર્ટમેન્ટ**

PRO/T - ૦૧ તા. ૦૪.૦૭.૨૦૨૫

**ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| વિષય | ૩ મહિનાની મુદત માટે ઈકો-ફ્રેન્ડલી ઉત્સવ જાગૃતિ માટે એજન્સી સાથે જોડાણ |
| ટેન્ડર આઈડી | ૨૦૨૫_MCGM_૧૧૯૭૪૬૩_૧ |
| ટેન્ડર ફી | રૂા. ૭૨૬૦+ ૧૮% જીએસટી (URL https://mahatenders.gov.in પર GOMના પેમેન્ટ ગેટવે દ્વારા.) |
| બાના રકમ ડિપોઝિટ | રૂા. ૬૪,૩૧૫/- (URL https://mahatenders.gov.in પર GOMના પેમેન્ટ ગેટવે દ્વારા) |
| ટેન્ડર દસ્તાવેજની ઈશ્યૂ તારીખ | ૦૪.૦૭.૨૦૨૫ સાં. ૬.૦૦ ક. થી |
| બીડ સુપ્રતિની અંતિમ તારીખ અને સમય | ૧૫.૦૭.૨૦૨૫ બ. ૩.૦૦ ક. સુધી |
| ફોલ્ડર એક-ટેકનિકલ બીડ ખૂલશે. (ફોલ્ડર "A" અને "B" ને ફોલ્ડર વન-ટેકનિકલ બીડ તરીકે ગણવામાં આવશે.) | ૧૬.૦૭.૨૦૨૫ સાં. ૫.૦૦ કલાકે |
| ફોલ્ડર બે "ફાઈનેન્શીયલ બીડ" ખૂલશે. (ફોલ્ડર "C"ને ફોલ્ડર ટુ- ફાઈનેન્શીયલ બીડ તરીકે ગણવામાં આવશે.) | પછીથી જાણ કરવામાં આવશે |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિનું નામ | ૧) તાનાજી કાંબળે, PRO-૭૫૦૬૬૬૦૯૫૦ ૨) મીલિંદ બાફના Dy. PRO-૯૬૧૯૦૧૭૧૫૧ |
| સંચાર માટે અને પ્રી-બીડ મીટિંગ માટેનું સરનામું | પબ્લિક રિલેશન્સ ઓફિસરનું કાર્યાલય. રૂ. નં. ૨૪, ગ્રાઉન્ડ ફ્લોર, એનેક્ષ બિલ્ડિંગ, BMC મુખ્ય કાર્યાલય, મહાપાલિકા માર્ગ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોન: ૦૨૨-૨૨૬૨૦૨૫૧ (એક્સ્ટેન્શન-૪૦૨૫) ઈ-મેઈલ: pro@mcgm.gov.in |
| બીડ ખોલવાનું સ્થળ | ઉપરના સરનામે ઓનલાઈન |

નોંધ:
૧) દરેક રસ ધરાવતા બીડર્સ ધ્યાનમાં લે કે આ કાર્યના સંદર્ભમાં સુધારા જો હોય તો, https://mahatenders.gov.in પોર્ટલ પર જ પ્રકાશિત કરવામાં આવશે.
૨) ઉપરોક્ત વિષય સંબંધે આવેલી અરજીઓમાંથી કોઈપણ અથવા બધી જ અરજીઓને સ્વીકારવાનો અથવા અસ્વીકારવાનો, કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વગર, અધિકાર BMC અનામત રાખે છે.

સહી/-
પબ્લિક રિલેશન્સ ઓફિસર

PRO/912/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

W/૬૨૩/૫/૧/NIT **એન્જિનિયરિંગ વિભાગ-ઈ-ટેન્ડર નોટીસ** રતલામ/તારીખ ૦૨.૦૭.૨૦૨૫

ડિવિઝન રેલવે મેનેજર/ ડિવિઝન કાર્યાલય (કાર્યલેખા શાખા), પશ્ચિમ રેલવે ભારતના રાષ્ટ્રપતિ માટે નીચેના કામ માટે "ઓપન ટેન્ડર" ઈ-ટેન્ડર દ્વારા વેબસાઈટ www.ireps.gov.in પર મંગાવે છે વિગતો નીચે મુજબ છે:-

| ક્ર. | ઈ-ટેન્ડરીંગ સંખ્યા | કામનું નામ | અંદા. લાગત | બાના રકમ | કામનો પૂર્ણ કરવાની અવધિ | કામનો સમાન પ્રકાર | વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ | ટેન્ડર ખોલવાની તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | RTM-૨૦૨૫-૨૬-૫૬ | **ઈન્દોર-દેવાસ-ઉજ્જૈન સેકશન:** સબવે/RUBના નં. ૨૮A, ૩૨A, ૭૩A, ૭૬A અને ૯૧A ખાતે ડ્રેનેજ સિસ્ટમની સુધારણા અને **મક્સી- દેવાસ સેકશન:** સબવે/ RUBના નં. ૧૨A, ૨૨A, ૪૩A, ૨૦A અને ૨૬Aથી પ્રીવેન્ટ વોટર લોગિંગ ખાતે ડ્રેનેજ સિસ્ટમમાં સુધારણા | Rs. 4,47,11,462.64 | Rs. 3,73,600.00 | ૧૨ મહિના | કોઈપણ સિવિલ એન્જિનિયરીંગ કામ | 02.07.2025 | 28.07.2025 |
| ૨. | RTM-૨૦૨૫-૨૬-૬૧ | **નાગદા-ઉજ્જૈન સેકશન:** RUB નં. ૧૩A, ૧૫A, ૧૯A, ૨૨A, ૨૩A, વગેરે ખાતે સબવે/ RUBથી પ્રીવેન્ટ વોટર લોગિંગ ખાતે ડ્રેનેજ સિસ્ટમમાં સુધારણા | Rs. 2,31,55,726.37 | Rs. 2,65,800.00 | ૧૦ મહિના | કોઈપણ સિવિલ એન્જિનિયરીંગ કામ | 02.07.2025 | 28.07.2025 |

વિગતવાર ટેન્ડર નોટીસ શરતો, નિયમો, વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ડિવિઝન રેલવે મેનેજર (કાર્યલેખા) રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે

V/117

લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે- રતલામ ડિવિઝન**

W/623/5/1/NIT **એન્જિનિયરિંગ વિભાગ - ઈ-ટેન્ડર નોટિસ** રતલામ તારીખ: ૦૧.૦૭.૨૦૨૫

ડિવિઝન રેલવે મેનેજર/ડિવિઝન કાર્યાલય (કાર્યલેખા શાખા), પશ્ચિમ રેલવે રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના કામ માટે ઓપન ટેન્ડર ઈ-ટેન્ડર દ્વારા વેબસાઈટ: www.ireps.gov.in પર મંગાવે છે વિગતો આ મુજબ છે:-

| ક્ર. | ઈ-ટેન્ડરિંગ સંખ્યા | કામનું નામ | અંદા. માત્રા | અંદા. લાગત (રૂ.) | બાના રકમ (રૂ.) | ટેન્ડર પ્રપત્રનું મૂલ્ય | કામનો સમાપન અવધિ | કામનો સમાન પ્રકાર | વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ | ટેન્ડર ખોલવાની તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | RTM-૨૦૨૪-૨૫-૧૫૨R | ચાંદેરિયા-રતલામ-ખંડવા સેકશન:- સમ્પ, ઓવર હેડ ટાંકી અને પાણીની પાઈપલાઈનની જોગવાઈ પાણીની વ્યવસ્થામાં વધારો જેમાં ઈલેક્ટ્રિક કાર્યનો સમાવેશ છે. | ટેન્ડર શેડ્યૂલ મુજબ | ૧,૯૩,૦૨,૯૬૨.૧૪ | ૨,૪૬,૫૦૦.૦૦ | Nil | ૧૨ મહિના | RCC ઓવર હેડ ટેન્કનું બાંધકામ | ૨૮/૬/૨૦૨૫ | ૨૯/૭/૨૦૨૫ |
| ૨. | RTM-૨૦૨૫-૨૬-૬૦ | ચિત્તોડગઢ- ઈલેક્ટ્રિકલ કામ સહિત નવી સુવિધા/એમીનીટી સાથે ૧૦ વધારાના રૂમ & અન્ય સલગ્ન કામની જોગવાઈ દ્વારા રનિંગ રૂમનું અપગ્રેડેશન અને રતલામ ડિવિઝન:- COR ખાતે RPF બ્રેકમાં સુધારા/અપગ્રેડ | ટેન્ડર શેડ્યૂલ મુજબ | ૨,૨૦,૬૭૧૩૭.૪૮ | ૨,૬૦,૩૦૦.૦૦ | Nil | ૧૫ મહિના | કોઈપણ બિલ્ડિંગ કામનું બાંધકામ | ૨૮/૬/૨૦૨૫ | ૨૯/૭/૨૦૨૫ |

વિગતવાર ટેન્ડર નોટિસ, શર્તો, નિયમ વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ડિવિઝન રેલવે મેનેજર (કાર્યલેખા) રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે

V/115

લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે-વડોદરા મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્ય**

**ઈ-ટેન્ડર નોટિસ નબંર: DRM-BRC ૦૬૮ to ૦૭૦ of ૨૦૨૫-૨૬**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -૩૯૦ ૦૦૪; દ્વારા નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ટેન્ડર આમંત્રિત છે:

| અ. નં. | ટેન્ડર નં. | કામનું નામ | કામનો અંદાજીત ખર્ચ (₹ में) | જમા કરાવવાની બિડ સિક્યોરિટી (₹ में) |
|---|---|---|---|---|
| ૧ | DRM BRC ૦૬૮ of ૨૦૨૫-૨૬. | **પ્રતાપનગર:** હાલના જર્જરિત આરપીએફ બેરેકના સ્થાને આરપીએફ બેરેકનું બાંધકામ, પુરુષ અને મહિલા કર્મચારીઓ માટે અલગ હોલની જોગવાઈ, અને પ્રતાપનગર વર્કશોપ ખાતે મલ્ટી-લેવલ પાર્કિંગ બિલ્ડિંગનું વિસ્તરણ. | ૨,૭૨,૦૪,૭૪૬.૩૩ | ૨,૮૬,૦૦૦.૦૦ |
| ૨ | DRM BRC ૦૬૯ of ૨૦૨૫-૨૬. | **(ઝોન નં. ૧૩ વર્ષ ૨૦૨૫-૨૬)** - ઝોન નં. ૧૩ એટલે કે સિનિયર સેક્શન એન્જિનિયર/વર્ક્સ/પ્રતાપનગરના અધિકારક્ષેત્ર હેઠળ પ્રતાપનગર ખાતે આવેલી પ્રતાપનગર ડિવિઝનલ રેલ્વે હોસ્પિટલ માટે રૂ. ૫,૦૦,૦૦૦.૦૦ સુધીના નવા કામો અને તમામ સામાન્ય સમારકામ અને જાળવણીના કામો. (ફરીથી આમંત્રણ) (આર-૧) | ૭૦,૨૮,૪૦૦.૯૪ | ૧,૪૦,૬૦૦.૦૦ |
| ૩ | DRM BRC ૦૭૦ of ૨૦૨૫-૨૬. | **વડોદરા વિભાગ:** સિનિયર ડીઇએન સાઉથ બીઆરસીના અધિકાર ક્ષેત્ર હેઠળ આકાર (M-૨૫) અને (M-૨૭) માટે સિંગલ પીસ સ્પ્રિંગ ઇન્સર્ટેડ રિયુઝેબલ સેલ્ફ લોકિંગ સ્ટીલ નટ્સ પૂરા પાડવા અને ફિટ કરવા. (ફરીથી આમંત્રણ) (આર-૧) | ૨,૫૮,૧૬,૩૨૪.૫૪ | ૨,૭૯,૧૦૦.૦૦ |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ટેન્ડર તા. **૨૫.૦૭.૨૦૨૫** ના રોજ **૧૫.૦૦ કલાક** પહેલાં જમા કરાવવા અને તે એ જ દિવસે **૧૫.૩૦ કલાકે** ખોલાશે. **વેબસાઈટની વિગત અને નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે:** વેબસાઈટ @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (ડબ્લ્યુએ/સી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪. 093

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

(સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ)

ચીફ એન્જિનિયર (સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ) પ્રોજેક્ટ

**ઈ-ટેન્ડર નોટીસ**

ટેન્ડર નં. ૨૦૨૫_MCGM_૧૧૯૬૭૮૮

વિષય: "બે વર્ષની મુદત માટે ફાઈનલ નિકાલ માટે કાંજુર/દેવનાર ખાતે મુખ્ય ડમ્પિંગ ગ્રાઉન્ડમાં પરિવહન કરવું અને વર્સોવા લગૂન રિફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન (VLRTS)માંથી કચરો દૂર કરવો."

RPF દસ્તાવેજ મહાટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in) અથવા BMC પોર્ટલ (https://portal.mcgm.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે. BMC સાથે નોંધાયેલા ન હોય તેવા અરજદારોને BMC સાથે નોંધણી (વેન્ડર નોંધણી) કરાવવાનું ફરજિયાત છે. રસ ધરાવતા બિડરોએ મહાટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in) પર ઉપલબ્ધ "મેન્યુઅલ"નું પાલન કરવું જોઈએ.

| અ. નં. | વર્ણન | ટેન્ડર ફી | બારડી (બાના રકમ ડિપોઝિટ) | ઓનલાઈન બીડ ડાઉનલોડિંગ માટે પ્રારંભ તારીખ & સમય | ઓનલાઈન બીડ સુપ્રતિ માટે અંતિમ તારીખ & સમય |
|---|---|---|---|---|---|
| ૧ | બે વર્ષની મુદત માટે ફાઈનલ નિકાલ માટે કાંજુર/દેવનાર ખાતે મુખ્ય ડમ્પિંગ ગ્રાઉન્ડમાં પરિવહન કરવું અને વર્સોવા લગૂન રિફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન (VLRTS)માંથી કચરો દૂર કરવો | ₹૨૧,૪૧૭/- | ₹૯,૩૭,૦૦૦/- | ૦૭.૦૭.૨૦૨૫ સ. ૧૧.૦૦ ક. થી | ૨૮.૦૭.૨૦૨૫ સાં. ૦૪.૦૦ ક. સુધી |

ઈમેલ: (ee01che.swmproject@mcgm.gov.in)

BMC કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે. ઉપરોક્ત વિષય અંગેની માહિતી BMC (https://portal.mcgm.gov.in/tenders) અથવા મહા-ટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in)ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

સહી/-
એક્ષિ. એન્જિ. (SWM) પ્રોજેક્ટ - RTS

PRO/907/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

### ફડણવીસની કડક ચેતવણી

# ‘મરાઠીને નામે હિંસા નહીં ચલાવી લેવાય’




**મહારથીઓઃ** પુણેમાં ગઈ કાલે એક કાર્યક્રમમાં દેવેન્દ્ર ફડણવીસ, અમિત શાહ, એકનાથ શિંદે અને અજિત પવાર. (પીટીઆઈ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે કહ્યું હતું કે રાજ્યમાં લોકો મરાઠી બોલે તેવી અપેક્ષા રાખવામાં કંઈ ખોટું નથી, પરંતુ તેના માટે હિંસાનો આશરો લેવો અસ્વીકાર્ય છે અને કોઈપણ તેના પર ‘હઠાગ્રહ’ ન હોઈ શકે.

તેમણે આ મુદ્દે કાયદો હાથમાં લેનારાઓ સામે કાનૂની કાર્યવાહીની ચેતવણી પણ આપી હતી.

મુખ્ય પ્રધાનની આ ટિપ્પણી તાજેતરમાં થાણે જિલ્લાના ભાયંદરમાં એક ફૂડ સ્ટોલ માલિક પર મરાઠી ન બોલવા બદલ હુમલો કરવામાં આવ્યો અને મુંબઈના એક ઉદ્યોગપતિએ એક નિવેદન બહાર પાડીને કહ્યું કે તે ઘણા વર્ષોથી શહેરમાં રહેતા હોવા છતાં મરાઠી બોલશે નહીં ત્યારબાદ આવ્યું છે તેથી તેનું મહત્ત્વ વધી જાય છે. ‘મહારાષ્ટ્રમાં તમે લોકોને (જુઓ પાનું ૪) ▸▸

## પુણેનો રેપિસ્ટ તો પીડિતાનો ફ્રેન્ડ નીકળ્યો

### ડિલિવરી એજન્ટની વાત સાવ ખોટીઃ આઈટી પ્રોફેશનલે પોતે જ સેલ્ફી લીધી હતી

પુણેઃ પુણેમાં કુરિયર ડિલિવરી એજન્ટના સ્વાંગમાં ફ્લેટમાં પ્રવેશીને અજાણ્યા શખસે બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ ૨૨ વર્ષની આઇટી પ્રોફેશનલે નોંધાવ્યાના બે દિવસ બાદ જે આરોપીને પોલીસે પકડી પાડ્યો હતો, તે પીડિતાનો મિત્ર હોવાનું સામે આવ્યું હતું. પીડિતાએ પોતે જ મિત્ર સાથે મોબાઇલથી સેલ્ફી લીધી હતી અને મોબાઇલમાં ધમકીનો મેસેજ પણ ટાઇપ કર્યો હતો, એમ પોલીસ કમિશનર અમિતેષ કુમાર જણાવ્યું હતું.

પીડિતા અને આરોપી બે વર્ષથી એકબીજાને ઓળખે છે અને તેઓ એક જ સમુદાયના છે, એમ પણ તેમણે કહ્યું હતું. પુણેના કોંઢવા (જુઓ પાનું ૪) ▸▸

## શિંદે ‘જય ગુજરાત’ બોલ્યા એમાં ખોટું શું?: સીએમ

મુંબઈઃ પુણેમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની હાજરીમાં એક કાર્યક્રમમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દ્વારા ‘જય ગુજરાત’નો નારો લગાવવામાં આવ્યો તેને માટે ફડણવીસે તેમનો બચાવ કર્યો હતો.

‘તેઓ ગુજરાતી સમુદાયના એક કાર્યક્રમમાં હાજરી આપી રહ્યા હતા કારણ કે તેમને ત્યાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમનું નિવેદન તેમના સંદર્ભમાં હતું. તેનો અર્થ એ નથી કે તેઓ મહારાષ્ટ્ર કરતાં ગુજરાતને વધુ પ્રેમ કરે છે,’ એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

તેમણે નિર્દેશ કર્યો કે આવું અર્થઘટન ટૂંકા ગાળાની વિચારધારા દર્શાવે છે. ‘થોડા વર્ષો પહેલાં, શરદ પવાર કર્ણાટકના ચિકોડી ગયા હતા અને ‘જય મહારાષ્ટ્ર, જય કર્ણાટક’નો નારો લગાવ્યો હતો. શું એનો અર્થ એ છે કે તેઓ (જુઓ પાનું ૪) ▸▸

## ‘નહીં શીખની મુઝે મરાઠી, ક્યા કરના હૈ બોલ?’



### મરાઠી મુદ્દે મનસેને અગ્રણી ઇન્વેસ્ટર સુશીલ કેડિયાની ખુલ્લી ધમકી

મુંબઈઃ મરાઠી ભાષા મુદ્દે મનસેના પ્રમુખ રાજ ઠાકરેને પડકાર આપ્યા બાદ મળેલી ધમકીને કારણે મુંબઈના ઇન્વેસ્ટમેન્ટ સર્વિસના સ્થાપક સુશીલ કેડિયાએ પોલીસ પાસે સંરક્ષણ માગ્યું છે. કેડિયાએ કહ્યું હતું કે રાજ ઠાકરેના ગેરવર્તનને કારણે પોતે મરાઠી ક્યારેય નહીં શિખવાનો સંકલ્પ કર્યો છે. ‘હું મુંબઈમાં ૩૦ વર્ષથી રહું છું, પણ હજી મને મરાઠી બરાબર (જુઓ પાનું ૪) ▸▸

## આજે ઠાકરે બંધુઓનો વરલીમાં વિજય જલ્લોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મરાઠી અને અંગ્રેજી માધ્યમથી શાળામાં પહેલા ધોરણથી હિન્દી ‘લાદવા’ના પ્રયાસોને નિષ્ફળ બનાવવાનો વિજય ઠાકરે બંધુઓ દ્વારા શનિવારે મુંબઈના વરલીમાં આવેલા એનએસસીઆઈ ડોમમાં ઉજવવામાં આવશે. આ કાર્યક્રમમાં બે દાયકામાં પહેલી વખત રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે રાજકીય મંચ પર સાથે જોવા મળશે, જેની લોકો ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યા છે.

આ વિજય મેળાવડો કોઈપણ પક્ષના બેનર હેઠળ આયોજિત કરવામાં આવ્યો નથી, પરંતુ આ કાર્યક્રમના યજમાન ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે છે. ઈન્ડિ ગઠબંધનમાં ઉદ્ધવ ઠાકરેની પાર્ટીના સાથી એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવાર આ કાર્યક્રમમાં હાજરી આપવાના નથી. ઉદ્ધવ ઠાકરેની પાર્ટી તરફથી વિધાનસભ્ય અનિલ પરબ અને મનસે તરફથી બાળા નાંદગાંવકરે કાર્યક્રમ સ્થળની મુલાકાત લીધી હતી અને તૈયારીઓની સમીક્ષા કરી હતી. મળતી માહિતી અનુસાર આ કાર્યક્રમમાં (જુઓ પાનું ૪) ▸▸

## ઓપરેશન સિંદૂર સ્વરાજ્યની રક્ષાનું ઉત્તમ ઉદાહરણઃ અમિત શાહ

પુણેઃ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે કહ્યું હતું કે, ભારતના સશસ્ત્ર દળો અને નેતૃત્વ ‘સ્વરાજ્ય’ અથવા દેશના સાર્વભૌમત્વની રક્ષા કરવા માટે પ્રતિબદ્ધ છે અને ઓપરેશન સિંદૂર દરમિયાન તે ખૂબ જ સારી રીતે દર્શાવવામાં આવ્યું હતું.

પુણેની નેશનલ ડિફેન્સ એકેડેમી (એનડીએ) ખાતે પેશવા બાજીરાવ પ્રથમની અશ્વારૂઢ પ્રતિમાના અનાવરણ પછી બોલતા ભાજપના નેતાએ એમ પણ કહ્યું હતું કે જ્યારે પણ તેઓ નકારાત્મક વિચારોથી પીડાય છે, ત્યારે તેઓ છત્રપતિ શિવાજી મહારાજ અને બાજીરાવ પેશવાનો વિચાર કરે છે.

બાજીરાવ પેશવાના સ્મારક માટે એનડીએ સૌથી યોગ્ય સ્થળ હતું કારણ કે તે એક એવી (જુઓ પાનું ૪) ▸▸

### સરકારી આદેશ બાદ બીએમસી ત્રાટકી

## દાદર કબૂતરખાના પર હથોડો

### મુંબઈના તમામ કબૂતરખાના તાત્કાલિક બંધ કરવાનો હુકમ રાજ્ય સરકારે આપ્યો છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં આવેલા કબૂતરખાનાને બંધ કરવા માટે તાત્કાલિક ઝુંબેશ હાથ ધરવાનો રાજ્ય સરકારના આદેશ બાદ શુક્રવારે પહેલા જ દિવસે મુંબઈ મહાનગરપાલિકાએ વોર્ડ સ્તરે કાર્યવાહી ચાલુ કરી દીધી છે, જે અંતર્ગત પહેલા જ દિવસે દાદર (પશ્ચિમ)માં આવેલા પ્રખ્યાત કબૂતરખાના પર પાલિકાના જી-ઉત્તર વોર્ડ દ્વારા સવારના ગેરકાયદે બાંધકામને હટાવવાની સાથે કબૂતરોને આપવામાં આવતા ખાદ્ય પદાર્થને હટાવવવામાં આવ્યા હતા. મુંબઈનાં કબૂતરખાનાને (જુઓ પાનું ૪) ▸▸

### મરાઠી ન બોલવા બદલ મારપીટ

## મનસેના સાત કાર્યકરને ફક્ત નોટિસ આપીને જવા દેવાયા

મુંબઈઃ મરાઠી ન બોલવા બદલ ફૂડસ્ટોલના માલિકની મારપીટ કરવા પ્રકરણે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના સાત કાર્યકરને પોલીસે તાબામાં લીધા હતા. પોલીસે આરોપીઓને નોટિસ આપ્યા બાદ જવા દેવામાં આવ્યા હતા.

ભાયંદરમાં મંગળવારે આ ઘટના બની હતી અને મારપીટનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો, જેમાં કેટલાક શખસો મનસેનું પ્રતીક ધરાવતું સ્કાર્ફ પહેરેલા નજરે પડ્યા હતા.


ફૂડ ઓર્ડર કરતી વખતે આમાંના એક જણે સ્ટોલના માલિકને મરાઠીમાં (જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”










"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**